શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ વિશ્વવિદ્યા શ્રેણી : ૪

# શહીદ વિનોદ કિનારીવાલા

બિપિન જેઠાલાલ સાંગણકર



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ઇ-બુક શ્રેણી : 18

શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ વિશ્વવિદ્યા શ્રેણી : 8

# શહીદ વિનોદ કિનારીવાલા

લેખક

**બિપિન સાંગણકર**

કદી સ્વાધીનતા આવે વિનતી ભાઈ ! છાની,
અમોનેયે સ્મરી લેજો જરી પલ એક નાની.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પ્રકાશનો ઓનલાઈન જોવા માટે લિંક
https://gujarativishwakosh.org/ebooks

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન

Shahid Vinod Kinariwala

By Bipin Sangankar

**Published by**

Gujarat Vishvakosh Trust, Usmanpura,

Ahmedabad 380 013

© ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

**પ્રકાશક**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

રમેશ પાર્કની બાજુમાં, વિશ્વકોશમાર્ગ, ઉસ્માનપુરા,

અમદાવાદ - 380 013. ફોન : 2755 1703

Email : drthakerad1@sancharnet.in, vishvakoshad1@gmail.com

પહેલી આવૃત્તિ 2007

પુનર્મુદ્રણ : ફેબ્રુઆરી 2010

કિંમત રૂ. 80 ❖ પ્રત 2500 ❖ પૃષ્ઠ 104

ISBN : 978-93-80065-21-2

**મુદ્રક**

**ક્રિશ્ના ગ્રાફિક્સ**

નારણપુરા ગામ, અમદાવાદ - 380 013

**મુખ્ય વિક્રેતા**

**ગૂર્જર સાહિત્ય ભવન**

રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ - 380 001

ફોન : 2214 4663, 2214 9660

*

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

## અર્પણ....

ગુજરાત કૉલેજના આચાર્યશ્રી
યશવંતરાય ગુલાબભાઈ નાયકને

# આમુખ

## (પ્રથમ આવૃત્તિ)

શ્રી સાંગણકરે લખેલા શહીદ વીર વિનોદ કિનારીવાલા વિશેના પુસ્તકનું ત્યાં ઉદઘાટન ગોઠવ્યું છે એ પ્રસંગે બે વાત કહેતાં આનંદ થાય છે. સ્વરાજ્ય મળ્યા બાદ આપણે દેશની ઉન્નતિનાં કાર્યોમાં એકતાન થયા હોઈએ ત્યારે વિદ્યાર્થીઓ અને યુવાનો સ્વરાજની લડત સમયનાં ત્યાગ અને બલિદાન યાદ કરી શાંતિના સમયમાં પણ ત્યાગ અને સેવાની ભાવના જાગ્રત રાખે એ બહુ મહત્વની વાત છે.

આપણી બધી પ્રવૃત્તિ દેશને હરેક રીતે સમૃદ્ધ બનાવી જનતાની સેવા અર્થે જ હોય. શહીદોને અંજલિ આપવાનો આ સારામાં સારો માર્ગ છે.

ખાસ કરી વિદ્યાર્થીઓ આ પ્રસંગે પોતાના જીવનધ્યેયને ઉન્નત બનાવવા માટે પ્રકાશ અને પ્રેરણા મેળવશે તો શહીદનું બલિદાન સાર્થક થશે.

ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓ ખાસ કરી સંસ્થાના આ બલિદાનના વારસાને શોભાવશે એવી હું આશા રાખું છું.

**મોરારજી દેસાઈ**

સચિવાલય,
નવી દિલ્હી
તા. 8-8-’60

# બે શબ્દો

(પ્રથમ આવૃત્તિ)

1942ના સ્વાતંત્ર્યસંગ્રામમાં ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓ મોખરે હતા. એ લડતમાં ગુજરાત કૉલેજનો એક સુપુત્ર વિનોદ કિનારીવાલા શહીદ થયો હતો – ગોળીએ વીંધાયો હતો. વિનોદે સામી છાતીએ ગોળી ઝીલી હિંદના રાષ્ટ્રધ્વજનું ગૌરવ જાળવ્યું હતું. એની અડગતા, હિંમત અને રાષ્ટ્ર માટેનો આત્મભોગ એ ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓ માટે એક અપૂર્વ ગૌરવનો વિષય છે. એણે શહીદ બનીને એની જાતની, ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓની શાન વધારી છે.

એ વીરને ચિરંજીવ અંજલિ આપતી ખાંભી આજે એક યાત્રાનું ધામ બની ગયું છે. ગુજરાત કૉલેજનો એક અમર વારસો છે. અમદાવાદ શહેરનાં અનેક નામાંકિત સ્થળોમાં એ ખાંભીએ સ્થાન મેળવ્યું છે. એ ખાંભી અનેક યુવાન વિદ્યાર્થીઓનું પ્રેરણા-સ્થાન બની ગયું છે.

આ વીર વિનોદનું જીવનકાર્ય મૂર્ત સ્વરૂપે આ પુસ્તકમાં બહાર પડે છે. એ પુસ્તક વિદ્યાર્થી જગતને પ્રેરણારૂપ થશે. તેમજ હિંદના સ્વાતંત્ર્યસંગ્રામના ઇતિહાસમાં એક અપૂર્વ ફાળો આપશે તેમાં શંકા નથી.

આ વીર વિદ્યાર્થીના જીવનને અક્ષરદેહ આપવાનું કાર્ય શ્રી બિપિન સાંગણકરે ઉપાડી લીધું છે અને તે ટૂંક સમયમાં પૂરું કર્યું છે. આ પુસ્તકની વસ્તુની ગૂંથણી કરવામાં, એની માહિતી મેળવવામાં, અને વિગતોની ચોકસાઈ રાખવામાં શ્રી સાંગણકરે બતાવેલી ચીવટ અને મહેનત પ્રશંસનીય છે. એમણે આવું સુંદર ચરિત્ર ટૂંક સમયમાં તૈયાર કરવા બદલ મારાં હાર્દિક અભિનંદન આપું છું.

શ્રી સાંગણકર પહેલાં મારી પાસે આ પુસ્તક બાબત વાત કરવા આવ્યા ત્યારે મને ખ્યાલ ન હતો કે એમનો આરંભનો ઉત્સાહ ટકી રહેશે અને આ કાર્ય પૂરું કરશે. પરંતુ ત્યાર પછી જેમ જેમ એમણે મને લખાણ બતાવવાનું શરૂ કર્યું, ત્યારે મારી ખાતરી થઈ કે આ વિદ્યાર્થી આરંભશૂરા કાર્યકર નથી; પરંતુ એક દઢનિશ્ચયી અને અપૂર્વ ખંતવાળા છે. શહીદની શહાદતને અંજલિ આપતી આ કૃતિ એમનાં ખંત અને ધગશનું પરિણામ છે.

મારી કૉલેજની ‘વિદ્યાર્થી પ્રતિનિધિ સભા’એ આ પુસ્તકની પ્રસિદ્ધિ અંગે લોન આપી છે તેનો પણ આભાર વ્યક્ત કરું છું. અને આશા રાખું છું કે કૉલેજના દરેક વિદ્યાર્થી પાસે આ પુસ્તકની નકલ હશે, અને એમાંથી પ્રેરણા મેળવે.

તા. 8-8-’60 — યશવંતરાય ગુલાબભાઈ નાયક

અમદાવાદ-380006 — આચાર્ય, ગુજરાત કૉલેજ

# લેખકનું નિવેદન

(પ્રથમ આવૃત્તિ)

હું ગુજરાત કૉલેજનો છું એવું જાણતાં તેમણે મને આ પ્રશ્ન પૂછ્યો, '.....तो आप वीर विनोद किनारीवाला के बारे में क्या जानते हैं ?' હું જે તૂટીફૂટી વિગતો જાણતો હતો તે સમારીને રજૂ કરી, પણ તે ઘડી બે વાર 'विनीत'ની પરીક્ષાનું પ્રવેશપત્ર ભર્યા છતાં પરીક્ષા આપી નહિ; હવે આપી દેવી જોઈએ એમ માની દ્વિતીય વર્ષ વિનયનના વર્ષમાં હતો ત્યારે પરીક્ષા આપવા ગયેલો તે ટાણે મૌખિક પરીક્ષામાં આ પ્રશ્ન પરીક્ષકે પૂછ્યો. – તે દિને મનમાં વસવસો રહી ગયો. મારો જવાબ પ્રશ્નની રીતે સંતોષકારક હતો તોય મને મારું અજ્ઞાન ઢાંકવા કરેલા પ્રયત્નથી દુઃખ થયું. મારી કૉલેજના જ વિદ્યાર્થીની શહાદતની મને કેમ પૂરેપૂરી ખબર ન હોવી જોઈએ ?

ગઈ નાતાલની અઠવાડિયાની રજા પૂરી કરી, ઘેરથી બિસ્તરો ખભે કરી સ્ટેશન-ના ગામ તરફ આવતો હતો ત્યાં રસ્તામાં જ વિનોદ વિષે એક કાવ્ય લખ્યું. લીમડાના ઝાડને છાંયેથી જ નિર્ણય કર્યો – વિનોદનું ચરિત્ર લખવું. નામી મહાપુરુષોનાં ચરિત્રો લખનાર અનેક લેખક છે. પણ અનામીની, પાયાના પથ્થરની વેદના કોણ વણશે ? મારા ગુજરાતીના અધ્યાપક આચાર્ય શ્રી અનંતરાય રાવળને આ ઇચ્છા જણાવી. તેમણે આ પગલું પ્રશંસ્ય ગણ્યું. મારી કૉલેજના આચાર્ય ડૉ. યશવંતરાય જી. નાયક મારા આ વિચારથી પ્રસન્ન થયા અને પ્રકાશનની જવાબદારી લીધી. ત્યારથી આદરેલા પ્રયત્નો-નું આ સાકાર સ્વરૂપ.

અઢાર વર્ષના એ યુવાનનું આ ચરિત્ર જરા નવાઈની વસ્તુ છે અને ખુદીરામ બોઝ જેવા કિશોર બાદ કરતાં ભાગ્યે જ કોઈનું લખાયું હશે. માહિતી આપનારાઓમાંથી અનેક અનેક સવાલ પૂછ્યા છે. એ સવાલોના પૂરા જવાબ હજુ સુધી કોઈને આપી શક્યો નથી. ખરા જવાબ આપી શકીશ પણ નહીં, પણ જ્યારે આ પુસ્તક પ્રગટ થાય છે ત્યારે વિવેચકની રીતે કહી દઉં – માત્ર અનામીની, પાયાના પથ્થરની વેદના જ વર્ણવી છે. એટલું જ નહિ, પણ –

આઝાદી મેળવવા માટે અનેક વિનોદ શહીદ થયા, તેમણે લોહી છાંટ્યાં, એમના વીરત્વની થોડીક વાત કહેવી છે. એમની આ વીરત્વની વાતોમાંથી પ્રેરણા પામવી છે. હવે આપણે આઝાદી મેળવી છે તો એને સાચવવા, શોભાવવા અનેક વિનોદ જોઈએ છે. લોહી છાંટવા માટે નહિ, પણ પરસેવો પાડવા.

શેલીનું જીવનચરિત્ર (Ariel) લખવાનું એક કારણ શ્રી આન્દ્રે મોર્વા આ આપે છે

: 'Yes, in very truth, I felt to tell the story of his life would be in some measure a deliverance of myself.' વિનોદનું ચરિત્ર લખવાના બીજા કારણ રૂપે આ ઉછીના શબ્દો વાપરી શકું તેમ છું.

*

માનેલું કે પંદરેક દિવસ માહિતી એકઠી કરવામાં જશે અને તેટલા જ દિવસોમાં લખી દઈશ. મને ઢગલાબંધ માહિતી મળતી ગઈ તેમ મારો લોભ વધતો જ રહ્યો. તેથી ધાર્યા કરતાં ઘણો સમય વહી ગયો. 'જ્યાં સુધી તમે ગૂંચાઓ નહીં ત્યાં સુધી પૂરેપૂરી વિગતોથી તમે વાકેફ નથી' આવું એક અંગ્રેજી લેખકનું વિધાન છે. અસંખ્ય વિગતોમાં હું ગૂંચાયો, કારણ કે આવો કોઈ વિશિષ્ટ પ્રસંગ બની જાય છે ત્યારે દંતકથામાંથી સત્ય તારવવું એ બહુ મુસીબતની વાત છે. અને તેમાંય અલગ પડી જતી, અસંબદ્ધ, એકબીજાથી વિરુદ્ધ જતી બાબતો હોય ત્યારે તો કોઈ પીઢ, અનુભવી ન્યાયાધીશને પણ ગૂંચવણ ઊભી થાય. બધી હકીકતો સત્ય હોતી નથી. તર્કશક્તિ અને નિર્ણયશક્તિને પ્રાધાન્ય આપી આખા એ ગોળીબારના પ્રસંગની નાટ્યાત્મક ઢબે રજૂઆત કરવા યત્ન કર્યો છે. માત્ર માહિતી આપનાર વ્યક્તિઓ જ નહીં, તે ઉપરાંત તે વખતની પત્રિકાઓ, – સાઇક્લોસ્ટાઇલ્સ – પર નીકળતાં પત્રો, વર્તમાનપત્રો, સાપ્તાહિકો, મને મળેલ છાપાંની નોંધો, છૂટક લેખો, વગેરે '42નું અને '47નું સાહિત્ય મારા નિર્ણયની વારે ધાયાં છે.

વિનોદનું ચરિત્ર લખવાની મારી લાયકાત શી ? અનધિકારીએ શરીરના આત્માને છંછેડવો ન જોઈએ. ચરિત્રકારે નાયકને ન્યાય આપવા માટે લાયકાત કેળવવી રહી. વિનોદનાં પ્રિય પાત્રો : ચંદ્રશેખર આઝાદ, પૂ. રવિશંકર મહારાજ, શ્રી રણછોડલાલ શોધન, તેના મામા અને બાપુ. ગાંધીસાહિત્યથી હું પરિચિત હતો જ. મારે વિનોદને સમજવા ક્રાંતિકારી પ્રવૃત્તિનો, ચંદ્રશેખર આઝાદનો, પૂ. રવિશંકર મહારાજનો સંપૂર્ણ અભ્યાસ કરવો પડ્યો. શ્રી રણછોડલાલ શોધન કેવા સંજોગોમાં 46મી કૉંગ્રેસના પ્રમુખ બન્યા એ બધું જાણવા મહાસભાનો ઇતિહાસ જોવો રહ્યો. વિનોદ જે કાળમાં શહીદ થયો તે 1942ના કળની રાષ્ટ્રીય ભાવના અને આઝાદી મેળવવાની તમન્ના વગેરે સમજવું રહ્યું. જેની માહિતી મળી ને વિનોદનાં વાંચેલાં પુસ્તકો પણ વાંચ્યાં. 'Better sight without glasses' પરથી તેણે પ્રયોગો કરવા ધારેલા, તે જોયું. એ પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ થયો છે તે પણ વાંચ્યો. એના કુટુંબીજનો પાસેથી ઝીણી ઝીણી વિગતો પૂછી છે, ચકાસણી માટે બને તે રીતે જુદા જુદા મિત્રો, સગાંવહાલાંને વારંવાર મળી એકની એક વાત ઉલટાવીને પણ પૂછી છે, તેવું જ ગોળીબારના પ્રસંગ વખતે હાજર રહેલાઓને તેમજ તે સરઘસમાં જોડાયેલાઓને. હું મારી વિગતોમાં ક્યાંય

ખોટો ન પડું એ રીતના અવિરત પ્રયાસો કર્યા છે. શ્રી નહેરુની જીવનકથા લખનાર ફ્રેન્ક મોરાઈસે નહેરુના એકાંતવાસનો અભ્યાસ કરવા શ્રી નહેરુ જે જે જેલોમાં કેદ પુરાયેલા તે જોઈ વળ્યા. હું વિનોદની સ્મશાનભૂમિ જોવાનું ચૂક્યો નથી.

આધુનિક ચરિત્રચિત્રણની કલા, સ્વરૂપ સમજવા માટે વર્જિનિયા વુલ્ફ, લિટન સ્ટ્રેચી જેવાના વિચારો જાણ્યા. શ્રી મોર્વાનું 'Aspects of Biography' મારી પડખે રહ્યું. આ વિષય પર ગુજરાતી, હિન્દીમાં પ્રાપ્ય એટલું સાહિત્ય વાંચ્યું. ઉત્તમ ગણાતાં કેટલાંક જીવનચરિત્રો મારી નજર સમક્ષ રહ્યાં છે.

શ્રી આન્દ્રે મોર્વા કહે છે તેમ – કાર્લાઇલનું જીવનચરિત્ર લખવા માટે કાર્લાઇલના જેવો આત્મા કેળવવો પડે. શહીદનું ચરિત્ર લખવા માટે શહીદના જેવો જુસ્સો કેળવવો પડે. ભોગ આપવા તૈયાર થવું પડે. બીજા અર્થમાં શહીદ થવાની સંપૂર્ણ તૈયારીઓ હોય તો જ કલાકૃતિ સફળ નીવડે. કલાકૃતિનું સર્જન નકરી બુદ્ધિનો વિષય નથી; હૃદયના ભાવો તેમાં ઊતરવા જોઈએ. તો જ કૃતિ સાર્થક બને. શહીદને મારાથી બનતો ન્યાય આપ્યાનો મને સંતોષ છે. ચરિત્રકારને મર્યાદામાં રહીને જ કામ કરવું પડે. શ્રી ચુનીલાલ મડિયાએ એમની 'પાવક જ્વાળા' નવલકથામાં ગુજરાત કૉલેજમાં દ્વિતીય વર્ષ વિજ્ઞાનમાં ભણતા ભૂપતનું (1942ના સ્વાતંત્ર્યસંગ્રામમાં જ સરઘસ પર ગોળીબાર થતાં શહીદ થનાર) પાત્ર પોતાની સારી રીતે ચીતરી શક્યા છે, હું એવો નાયક ક્યાંથી લાવું ? આ સંશોધનનું કામ છે, ઇતિહાસ આપવાનો છે.

* * *

મારા આ સંશોધનના કામમાં મેં અનેકોનું ઋણ સ્વીકાર્યું છે. હું તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. તે સૌનાં નામોનો અહીં ઉલ્લેખ પણ શક્ય નથી. છતાં મારે આ વ્યક્તિઓને યાદ કરવી જોઈએ.

માહિતી ક્યાંથી મળશે તે દર્શાવવામાં શ્રી ઠાકોરભાઈ દેસાઈ, પ્રિ. પુરુષોત્તમ માવલંકર, શ્રી જયંતિ દલાલ, શ્રી હેમલતા હેગિષ્ટે, પ્રો. રમેશ ભટ્ટ વગેરેએ મને વખત આપ્યો છે. સાહિત્યસલાહ, સૂચન માટે શ્રી ભાનુપ્રસાદ ત્રિવેદી, આચાર્ય શ્રી અનંતરાય રાવળ, ડૉ. વાય. જી. નાયક. પ્રા. હસિત બૂચ, શ્રી ઉમાશંકર જોશી વગેરેએ મારે માટે વખત કાઢ્યો છે. મને જરૂર પડતાં પ્રિ. એસ. આર. ભટ્ટ, શ્રી વિનોદિની નીલકંઠ, શ્રી નગીનદાસ પારેખને પણ પૂછપરછ કરી છે. જીવનચરિત્રના પ્રકાર વિષે કલાકોના કલાકો સુધી મારી જોડે ચર્ચા કરનાર મારા સાહિત્યરસિક મિત્ર શ્રી મોહનભાઈ પટેલે પોતાને એમ.એ.ની પરીક્ષા આપવાની હોવા છતાં વખત આપ્યો છે, તે અંગેનું જરૂરી સાહિત્ય પૂરું પાડ્યું છે. મને માહિતી મેળવી આપવામાં અને સંપર્ક સધાવવામાં મારા મિત્રોમાંથી કુ. શોભના પટેલ, શ્રી યશવંત મહેતા, શ્રી નવીન શાહ, શ્રી મણીન્દ્ર વૈદ્ય, શ્રી

ઈશ્વર પટેલ મદદરૂપ થયાં છે. કુ. ઉષા શાહ અને ડૉ. પ્રિયબાળા શાહ મને અમુક વ્યક્તિઓનાં ઘર બતાવવા માટે ખાસ મારી સાથે હાજર રહ્યાં છે. મારા ગામ(સાંગણપુર)માં નોકરી કરતા શિક્ષક શ્રી મફતભાઈ ભાવસારે હું થાક્યો હોઉં ત્યારે ખૂબ મદદ કરી છે. 1942ની 'કૉંગ્રેસ-પત્રિકાઓ' સંગ્રહી રાખનાર શ્રી બાબુભાઈ રાણાએ, તથા ડૉ. જયંતિ ઠાકોરે મને વાંચવા આપી છે. 'પ્રજાબંધુ' અને 'ગુજરાત સમાચાર'ની ફાઈલો શ્રી કપિલરાય મહેતાએ અને 'સંદેશ'ની ફાઈલો શ્રી ચીમનભાઈ પટેલે જોવા આપી છે. શ્રી નટવરલાલ દુધિયાએ 'સ્વાતંત્ર્ય-સંગ્રામ'ના અંકો, 'વિદ્યાર્થી કૉંગ્રેસની પત્રિકા' વગેરે પરચૂરણ સાહિત્ય મેળવી આપ્યું છે. લાઇબ્રેરિયન કુ. ઉષા ઠાકોરે 'વિકાસ' ના જૂના અંકોમાંથી માહિતી જોવામાં મદદ કરી છે. મારી પ્રત જોઈ કેટલાક શબ્દો માટે સુધારા પણ સૂચવ્યા છે. શ્રીમતી ઉષા શુક્લે તેમના ઘરમાંથી અભરાઈ પર ભરાવી દીધેલ છાપાની કાપલીઓ, '42ની કેટલીક પુસ્તિકાઓ શોધી આપી છે. સોંપેલું કામ કુ. ઇન્દિરા શાહે વેળાસર કરાવી આપ્યું છે. આ પુસ્તકનાં પ્રૂફ જોવામાં મને ડૉ. વાય. જી. નાયકે, ડૉ. પ્રિયબાળા શાહે અને મારા મિત્ર શ્રી યશવંત મહેતાએ ખૂબ મદદ કરી છે. મારાં બા, પિતાજી અને મોટા ભાઈ શ્રી સોમનાથભાઈએ આ માટે જરૂરી નાણાકીય મદદ કરી છે. તેમજ લઘુબંધુ શ્રી સતીશે પણ 'અંગતમંત્રી'ની જેમ સેવા બજાવી છે. શ્રી ગણેશ, શ્રી માવજીભાઈ અને મારા સ્નેહી શ્રી ગોવિંદલાલે જરૂરી કામ પડતાં ના નથી પાડી.

શ્રી વિનોદિની નીલકંઠે મને લખ્યું છે તેમ 'બાઈ બાઈ ચારણી તો પેલે ઘેર' એવું આવા સંશોધનના કામમાં હોય, એમ મારે અનેક વ્યક્તિઓનાં ઘર પૂછતાં ફરવું પડ્યું છે. પરિશિષ્ટ 2 માં જણાવેલી વ્યક્તિઓમાંથી દરેકે મારું સન્માન કર્યું છે. તેમાંનાં કેટલાંકે મારું હેતાળ આતિથ્ય કર્યું છે તે ભૂલી શકું નહીં. તેવાંઓનો હું ઋણી છું. મારા આ વિચારને મૂર્ત સ્વરૂપ અપાવવા માટે એમના સમયની દરકાર કર્યા વગર વેળા-કવેળાએ જઈ બારણે ટકોરા કર્યા છે, કાં તો ઘંટડી દબાવી છે. કેટલીક વાર તો ઉનાળાના તાપથી કંટાળેલ, ઊંઘમાંથી ઉઠાડ્યાં છે તોય મને સહર્ષ માહિતી આપી છે, કેટલાંકે મારી જોડે પત્રવ્યવહાર પણ કર્યો છે. વિનોદના કેટલાક મિત્રો મને માહિતી આપવા માટે ખાસ બહારથી આવ્યા છે. શ્રી સુંદરમ્, શ્રી સ્નેહરશ્મિ વગેરે કવિઓએ શુભેચ્છા પાઠવતા સંદેશા મોકલ્યા છે.

આ પુસ્તકની પ્રસ્તાવના કેન્દ્ર-સરકારના નાણામંત્રી માનનીય શ્રી મોરારજી દેસાઈએ લખી આપવા કહ્યું છે. આ કામ માટે ખાસ વખત કાઢવા બદલ હું તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. નાણામંત્રીના અંગતમંત્રી શ્રી રઘુનાથજી નાયકે આમાં ઘણો જ રસ લીધો છે. આ પુસ્તક વેળાસર તૈયાર કરી આપવામાં મુદ્રક શ્રી સુરેશભાઈ

પરીખ અને પૂઠું તથા બ્લૉક બનાવવાનું કામ 'કુમાર'ના તંત્રી શ્રી બચુભાઈ રાવતે સ્વીકાર્યું છે, તેથી તેમનો પણ આભાર માનવાની તક ઝડપી લઉં છું.

આચાર્ય શ્રી અનંતરાય રાવળે આખી પ્રત અથથી ઇતિ સુધી વાંચી ગયા બાદ મારી ખામીઓ અને ખૂબીઓ દર્શાવી છે ને છેવટે ખાસ સમય કાઢી નોંધ પણ મોકલી છે. એમનો આભાર માનવા મારી પાસે શબ્દો નથી.

* * *

આ કૃતિ વિનોદની શહાદતને અંજલિ આપતી છે, તે નવયુવાનને નવયુવાન જ અંજલિ આપે છે. કૃતિનું વસ્તુ પવિત્ર – શોક અને શૌર્યનું, દુઃખ અને હર્ષની મિશ્રિત લાગણીનું છે. તેથી વિશિષ્ટ મોભો છે જે આપણા યુવાનો જાળવશે એવી ગળાડૂબ આશા છે.

વિનોદની શહાદતમાંથી રાષ્ટ્રના રચનાત્મક કાર્યમાં પ્રવૃત્ત થવાની પ્રેરણા મળે, – લેવાય તો હાલ પૂરતી મારી શક્તિની સીમાન્ત મર્યાદા ઉપર જઈને લીધેલ અવિરત શ્રમ ઉત્પાદક થયાનો સંતોષ.

એ / 13, કૉલેજ હોસ્ટેલ,
ગુજરાત કૉલેજ,
અમદાવાદ-6
તા. 7-8-60

બિપિન જેઠાલાલ સાંગણકર

# પ્રકાશકીય

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે જ્ઞાનવિજ્ઞાનની માહિતી આપતા વિશ્વકોશ-ની ગ્રંથશ્રેણીના પ્રકાશન ઉપરાંત મહત્વના લોકોપયોગી વિષયો પર પ્રમાણભૂત અને સર્વગ્રાહી માહિતી અલગ પુસ્તકો રૂપે પ્રગટ કરવાની યોજના કરેલ છે. આ સંદર્ભમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે અત્યાર સુધીમાં 33 જેટલાં પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિદ્યાવિસ્તાર ગ્રંથશ્રેણી, કર્મયોગી સ્વ. સાંકળચંદ પટેલ જીવ-નઘડતર ગ્રંથશ્રેણી, ધન્ય ગુર્જરી કેન્દ્ર પ્રકાશન અને હરિ ૐ આશ્રમ, સૂરત પ્રેરિત પૂજ્ય શ્રીમોટા સંશોધનશ્રેણી તથા શ્રી ગંભીરચંદ ઉમેદચંદ વિશ્વવિદ્યા ગ્રંથશ્રેણી જેવી શ્રેણીઓ દ્વારા આ પ્રકારનાં પુસ્તકો પ્રગટ થતાં રહે છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા 1942ના સ્વાતંત્ર્યસંગ્રામમાં શહીદ બનેલા ગુજરાત કૉલેજના વિદ્યાર્થી વિનોદ કિનારીવાલા વિશે બિપિન સાંગણકરે લખેલું ‘શહીદ વિનોદ કિનારીવાલા’ના ચરિત્રની નવી સંવર્ધિત આવૃત્તિ તૈયાર કરી છે. આજની યુવા પેઢીમાં આદર્શરૂપ શહીદ વિનોદ કિનારીવાલાનું જીવનચરિત્ર રસપ્રદ અને પ્રમાણભૂત રીતે અહીં આલેખવામાં આવ્યું છે. એ ચરિત્રને માટે એમણે ઘણી વ્યક્તિઓની મુલાકાત લીધી છે તેમજ જરૂરી વિગતવાર સંશોધન પણ કર્યું છે. ગ્રંથના લેખક શ્રી બિપિન જેઠાલાલ સાંગણકરના તેમજ અમારાં સ્વજન ડૉ. પ્રિયબાળાબહેન શાહના સહયોગને કારણે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ આ ચરિત્રનું પુનર્મુદ્રણ પ્રગટ કરી રહ્યું છે તેનો આનંદ છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ વિશ્વવિદ્યા શ્રેણીમાં ‘જનીનવિજ્ઞાન’, ‘લોકવિદ્યાપરિચય’, ‘આપણાં રાષ્ટ્રીય પ્રતીકો’, ‘લિપિ’, ‘ભૂમિતિ : સ્વરૂપ અને પ્રકાર’, ‘તરસ્યા મલકનો મેઘ’, ‘શબ્દનું સખ્ય’, ‘જાંબુડિયા રંગનું ફૂલ અને બીજાં’ અને ‘તળની બોલી’ જેવાં પુસ્તકો પ્રકાશિત થયાં છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની સમગ્ર પ્રવૃત્તિને શ્રી પ્રવીણચંદ્ર ગંભીરચંદ શાહનો હંમેશાં હૂંફાળો સહયોગ મળ્યો છે. ગુજરાતી વિશ્વકોશના ખંડ 9ના પ્રકાશનમાં, વિશ્વ-કોશભવનના માહિતીકેન્દ્રમાં તેમજ એની ગ્રંથશ્રેણીમાં એમણે નિઃસ્પૃહભાવે આપેલો સહયોગ અવિસ્મરણીય છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં પ્રકાશનોને વ્યાપક આવકાર મળ્યો છે. આ પુસ્તકનું પણ ટૂંક સમયમાં જ પુનર્મુદ્રણ કરવું પડ્યું છે તે જ તેની પ્રસિદ્ધિ દર્શાવે છે.

અમદાવાદ **ધીરુભાઈ ઠાકર**

તા. 6-2-2010 **કુમારપાળ દેસાઈ**

# અનુક્રમ


| | | |
|---|---|---|
| પ્રકરણ 1 | શહીદ | 16 |
| પ્રકરણ 2 | (પૂર્વાર્ધ) સરઘસ | 27 |
| પ્રકરણ 3 | (ઉત્તરાર્ધ) સ્મશાન | 38 |
| પ્રકરણ 4 | સ્વાતંત્ર્યઝંખના : પ્રિય પાત્રો | 51 |
| પ્રકરણ 5 | ઘડતર | 57 |
| પ્રકરણ 6 | જીવનદશ્યો : રસ અને ભાવના | 62 |
| પ્રકરણ 7 | સ્મૃતિ અને સંભારણાં | 72 |
| પ્રકરણ 8 | વીરનું મૃત્યુ | 77 |
| પરિશિષ્ટ 1 | શ્રદ્ધાંજલિઓ | 85 |
| પરિશિષ્ટ 2 | માહિતી આપનાર વ્યક્તિઓની નામસૂચિ | 90 |
| પરિશિષ્ટ 3 | સંદર્ભગ્રંથો (Bibliography) | 92 |

# શહીદ વિનોદ કિનારીવાલા

o

બિપિન સાંગણકર

''આજે અહીં આપણે મહાન સંકલ્પ કરીએ કે તેઓ નકામા નથી મર્યા, એમનાં બલિદાન વૃથા ન નીવડે. સાથે એ પણ પ્રતિજ્ઞા લઈએ કે ઈશ્વરસાક્ષીએ આ પ્રજા સ્વાતંત્ર્યના નવજન્મને વધાવશે અને જનતાની આ સરકાર જનતા માટે જ અને જનતા દ્વારા કામ કરશે. પૃથ્વી પરથી એનો વિનાશ કદી નહીં થાય.''

– અબ્રાહમ લિંકન

# 1

# શહીદ

આકાશ શુભ્ર વાદળોથી છવાયું છે. જાણે થોડા વખત પહેલાં જ વરસી ગયું હોય એવું શાન્ત ને કંઈક ધીર-ગંભીર દેખાય છે. વખત બપોરના બાર વાગ્યાનો હોય એવો અંદાજ છે. સૂર્ય સ્પષ્ટ દેખાતો નથી. કોઈ સન્નારીના પાલવ ઓથે છુપાયેલા દીવા જેવો છે. એ શું જુએ છે... ?

ગુજરાત કૉલેજના મેદાનમાં એક વિદ્યાર્થી ઊભો છે. સુદઢ શરીર, ઊંચો દેહ, મુખ પર એવી જ પ્રતિભા અને ગૌરવ. એની નસેનસમાં રાષ્ટ્રભક્તિનું પૂર વહે છે. એનો આત્મા ચંદ્રશેખર આઝાદનો છે. તેના હાથમાં ત્રિરંગી ઝંડો છે – ભારતનું ગૌરવ. મા ભારતીની શૃંખલાઓ તોડી એ ઝંડાનું–સ્વનું રાજ્ય લાવવા માટે નીકળી પડ્યો છે.

સૂત્ર પોકારે છે : ‘શાહીવાદ....’

પડઘો ઝિલાય છે : ‘હો બરબાદ !’

‘ઇન્કિલાબ...’ વળતો સૂર પુરાય છે : ‘ઝિંદાબાદ !’

પાંચ-છ ફૂટ સામે જ ગોરો પોલીસ અમલદાર ઊભો છે. એની આંખો આ યુવાન વિદ્યાર્થી પ્રત્યે ફાટી છે. પ્રકોપથી એનો ગોરો ચહેરો લાલ ટમેટા જેવો થઈ ગયો છે. ધમકી આપે છે : ચૂપ મર ! નહિ તો આ રિવૉલ્વર જોઈ છે ?

‘જાપાન જેવા સામે કશું થતું નથી. અહીં ગોળીઓ ચાંપવી છે ? – ચલાવ બંદૂક !’ અને જોરથી પુકારે છે : ‘શાહીવાદ...’

પડઘો ઝિલાય છે : ‘હો બરબાદ.’

પેલા ગોરા અમલદારનો પિત્તો ઠેકાણે રહેતો નથી. પાસે જ ઊભેલા દેશી પોલીસને લાલ આંખ કરી હુકમ કરે છે : 'શું જોઈ રહ્યો છે ? ડુક્કર ! ઝંડો ઝૂંટવી લે.'

સિપાહી તેમ કરે છે.

કસરતબાજ યુવાનના હાથમાંથી ઝંડો નથી મુકાતો. પેલા પોલીસ અમલદારનો ગુસ્સો હાથમાં રહેતો નથી... એવો જ એની સાહેબ-ટોપી પર એક પથ્થર પડ્યો. પહેલો ફાયર હવામાં થયો; બીજી ક્ષણે પેલા યુવાન સામે રિવૉલ્વર તાકી...

રિવૉલ્વરનો ઘોડો દબાયો.

ગોળી છૂટી...

યુવાન ન ખસ્યો, ઊલટું – એક ડગ આગળ માંડે છે.

છાતી કાઢીને સૂત્ર પોકારવા જાય છે : 'ઇન્કિલાબ...'

ગોળી યુવાનની છાતીમાં.

2

આઝાદીની છેલ્લી લડત, 1942ના વિપ્લવના દિવસો.

અમદાવાદની ભૂમિ પર આઝાદી માટેનું છેલ્લું યુદ્ધ એના પુરજોશમાં છે. '42ની દશમી ઑગસ્ટની સોમવારની ઘડિયાળ દશના ટકોરા કરે તે સાથે લૉ કૉલેજની સામેના મેદાનમાંથી એક ભવ્ય સરઘસ કાઢવાનું નક્કી થયું છે તે પ્રમાણે સરઘસ કૉંગ્રેસ હાઉસ તરફ ઊપડે છે.

સવારના આઠ વાગતાં સુધીમાં તો એ જગા પર એટલા બધા વિદ્યાર્થીઓ ઊભરાઈ જાય છે જેથી વ્યવસ્થાપકોને નિયત સમય પહેલાં સરઘસ શરૂ કરવાનું કહેવું પડે છે. કીડિયારું ઊભરાયું છે – જોનાર આ વાતનો ઇન્કાર કરી શકે એમ નથી. ચાર ચારની કતારમાં ગોઠવાઈ જાય છે. કોઈને કશું કહેવું પડતું નથી. સ્વયંશિસ્તનો એક તાદૃશ નમૂનો ! બહેનો મોખરે છે. બે કન્યાઓને ધ્વજ અપાયેલા છે. કેટલાક કાર્યકરો અને વિદ્યાર્થીઓ પાસે પણ ધ્વજ છે. સૂત્રો પોકારય છે : 'Quit-Quit-India', 'શાહીવાદ હો બરબાદ', 'ઇન્કિલાબ, ઝિંદાબાદ' – વગેરે.

અમદાવાદનો આખો વિદ્યાર્થી વર્ગ હતો. જુવાનીનું પૂર અને આઝાદીની તમન્ના ! વળી, ગઈ કાલે ઉમાકાન્ત કડિયાનો ખાડિયા ચાર રસ્તા આગળ ભોગ લેવાયો છે. માના ખપ્પરમાં પોતાનાં માથાં, નાળિયેર વધેરે તેમ વધેરી દેવાં કોઈ પાછી પાની કરે એમ ન હતું. 'કરેંગે યા મરેંગે' - એ જ આખરી મંત્ર સૌના થનગનતા કોમળ હૈયામાં હિલ્લોળા લઈ રહ્યો હતો. દરેકને થતું હતું કે હવે આપણે આઝાદ છીએ.

'ચલો દિલ્હી'ની ભાવનાથી સુભાષબાબુની 'આઝાદ હિંદ ફોજ' દિલ્હીના લાલ કિલ્લા પર નેમ રાખી બઢી રહી હતી તેમ આ સરઘસ ગઈ કાલે જપ્ત કરેલા કૉંગ્રેસ ગૃહ પર નજર રાખી કૂચ કરી રહ્યું હતું.

શરૂ શરૂમાં તો આભ ઘેરાયું – ને ટમ્ ટમ્ ફોરાંની અભિવૃષ્ટિ કરી વેરાયું; કવિ-કલ્પના-સૂર્ય ઘડી વાર અભિનંદન આપી સંતાતો હતો – અંગ્રેજના રાજ્યમાં સૂર્ય કદી આથમતો નથી એવું કહેવાતું – તે ખોટું પડે તે એને ગમતું હતું.

આ સરઘસમાં તોફાની પ્રવૃત્તિની વૃત્તિ જરા પણ હતી નહિ, અહિંસક લડતના ભેખધારી બાપુના રાહે ચાલનારું હતું. બાપુએ ભારતની ધરતી પર પ્રવૃત્તિનાં પગરણ માંડ્યાં તે પહેલાં દેશના શ્રેય માટે પ્રવૃત્તિ કરનારા ઘણા હતા. પણ...સરકાર કેદમાં નાંખે તો ?... સરકાર ફાંસી દે તો ?... સરકારની ગોળીએ વીંધાઈ ગયા તો ?' એટલે તેઓ અટકી પડતા, નિરાશ થતા. મહાત્માજીએ આ પ્રશ્નોનો જવાબ આપ્યો – તો શું ? કેદમાં જવું, ફાંસીએ ચઢવું, ગોળીઓ ખાવી. બહાદુરી એટલે બીજાઓને મારીને, તેમને ડરાવીને પોતાનું કાર્ય કરવાની ધગશ એવું મનાતું, પણ ગાંધીજીએ સમજાવ્યું કે બીજાઓને મારવા કે ડરાવવા એ બહાદુરી નથી. ભયની સામે થઈ કાર્ય કરવાનો ઉત્સાહ તે ખરી બહાદુરી છે.

આજે આ યુવાનોની-વિદ્યાર્થીઓની, સ્વતંત્રતા માટે ખમીરવાળી ભાવિ પ્રજાનું ખરી બહાદુરીનું પોત પ્રકાશવાનું છે. ગઈ કાલની 'વિદ્યાર્થી સંગ્રામ સમિતિ'માં ઉગ્ર ચર્ચા થયેલી. આગેવાની લેનારની તેમજ કેટલાક સભ્યોની ઇચ્છા હતી કે સરઘસ હિંસાત્મક વટાળમાં પલટવું.[1] બહુમતીએ અમાન્ય ગણ્યું.

જગતમાં શાણામાં શાણો માનવી મનાયો છે સોલોમન, પણ એ સોલોમનનેય એના જુવાન પુત્રે એક વાર કહ્યું : 'ઓ સોલોમન ! તમે જગતને તમારા જ્ઞાનની આંખે દેખો છે ખરા; પણ કોઈક વાર મારી જુવાનીની તમન્નાની આંખે તો જુઓ !' પેલા ઉગ્ર વિચારકોને થયું હશે : 'ઓ ગાંધીજી ! હિંદુસ્તાનને તમે તમારી અહિંસાના જ્ઞાનની આંખે જુઓ છો. કોઈ વાર આઝાદીની તમન્નાની આંખે તો નિહાળો !'[2] ગુલામીમાંથી મુક્ત થવાની તમન્નાને યુવાનીનાં ઘૂઘવતાં પૂર–એને તે વળી ક્યાંય છેડો હોય ? કિન્તુ, પેલા સુકલકડી જાદુગર ગાંધીની લકડી નીચે તો અંગારોય શીતળ બને, યુવાનીએ પ્રૌઢતા ધારણ કરે. સુભાષ, એ યુવાનોનો આદર્શ હતા; પણ ગાંધી કોઈથી ભુલાતા ન હતા. તેથી, બહુમતી અહિંસાત્મક પગલાં એ જ શાન છે, એ જ બહાદુરી છે એ મતની હતી. યુદ્ધમોરચે છોકરીઓ હોય ખરી ?[3] અહીં, મોખરે કરી હતી : કારણ - શાંતિનું પ્રતીક, અહિંસાનું પ્રતીક, મા-ભારતીની પરાધીનતાની મૂર્તિ – જીવંત સ્વરૂપ જ કહો ને ?

સરઘસ ગુજરાત કૉલેજ પાસે આવી પહોંચ્યું. મિશન અને ગુજરાત કૉલેજની વચ્ચે એ કાળે સાંકડો રસ્તો હતો. બે બાજુએ થોરની વાડ હતી. આજુબાજુમાં ઝાંખરાં પડ્યાં હતાં. નાના નાના ખાડાઓમાં પાણી ને થોડો કાદવ પણ ખરાં. રસ્તામાં બંદૂકધા-રી પોલીસ નાકાબંધી કરીને ઊભી છે : સરઘસ આગળ વધારી શકાશે નહિ.

---

1. શ્રી લીલાધર ભટ્ટની માહિતીને આધારે.
2. શ્રી ગુણવંતરાય આચાર્યના શબ્દો છે. જુઓ : 'શ્રી સુભાષચંદ્ર બોઝ', પૃ. 119
3. સરઘસ – એ યુદ્ધમોરચે જનાર અહિંસક, હથિયાર વિનાની ટુકડી જ.

તો શું કરવું ? – ‘આગે કદમ ?’

કેટલાક હિંમતવાન વિદ્યાર્થીઓ આગળ આવીને પોલીસનો ચક્રવ્યૂહ (cordon) તોડવા પ્રયત્ન કરે છે. જો, એ બહાને પોલીસ હથિયારનો ઉપયોગ ન કરે તો એના ઉત્પાદનનો અર્થ શું ?

હથિયારવાળાઓમાં – બેંતવાળા, લાઠીવાળા ને બીજા રિવૉલ્વરવાળા ઇન્સ્પેક્ટરો અને ઊંચા હોદ્દાવાળા. લાઠીવાળા, બેંતવાળાઓએ પ્રથમ પ્રહારો બાળાઓ પર થાય એમ ઉચિત માન્યું.[4] હવે કસોટી શરૂ થાય છે. સૂત્રો પોકાર્યે જાય છે, અસહ્ય વેદના સહ્યે જાય છે. પેલા પોલીસો અંગ્રેજ સરકારને સંપૂર્ણ વફાદાર છે ! (જો ચર્ચિલ હાજર હોત તો એમને તરત જ બઢતીના હુકમ મળી ગયા હોત -ને વફાદાર નોકરોથી એની છાતી ગજગજ ફૂલતી હોત - પણ બિચારાનું મગજ અત્યારે ક્યાં ઠેકાણે હતું !) પાછળથી સરઘસ હિલ્લોળા લેતું આવે છે. બીજો છેડો છેક લૉ કૉલેજના મેદાન પર છે. દરિયામાં જેમ લાંબી લહેરો લહેરાતી હોય તેમ સરઘસમાં પણ એવાં જ મોજાંનો ભાસ થાય છે. એ જોનાર આજે પણ એમ કહે છે : આવું સરઘસ નિહાળવું એ પણ એક લહાવો છે. પાછળવાળાઓને આગળ શું ચાલે છે તેની ખબર નથી. પોલીસની સંખ્યામાં પ્રતિપળ વધારો થતો રહ્યો છે.

સરઘસમાં ભંગાણ પડે છે.

કેટલાક વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ ગુજરાત કૉલેજમાં દાખલ થાય છે. એ વિદ્યાર્થીઓમાં મોખરે હતો ઝંડાધારી તે વીર વિનોદ કિનારીવાલા, ગુજરાત કૉલેજનો એક તેજસ્વી વિદ્યાર્થી. ન જીરવી શકાય કે ન જોઈ શકાય એવો બેશુમાર, બેશરમ માર બેલગામ ગુલામોના હાથે, જેણે માબાપની થપેલીએ સહી ન હોય એવી કળીથી પણ કોમળ કન્યાઓ ઉપર પડતો જોઈ તેનો આત્મા કકળી ઊઠે છે; તે આગળ આવે છે.

વિનોદ પાસે રાષ્ટ્રધ્વજ છે. પોલીસ ધ્વજ ઝૂંટવી લેવા પ્રયત્ન કરે છે. ધ્વજનું અપમાન કદી સહન ન થાય એવી હતી તેની રાષ્ટ્રીય ભાવના. ધ્વજ પ્રત્યે તેનું સન્માન હતું. આવી ભાવના અને સન્માન હોય ત્યાં સગી આંખે ધ્વજ ચૂંથાતો અને જાલિમોના પગ તળે ચગદાતો જોવાનો એ એનાથી કેમ સહન થાય ? ધ્વજની પ્રતિષ્ઠા બરાબર પ્રાણ, એ એનું ગણિતનું સમીકરણ હતું. અરે, પ્રાણથીયે વધુ ! ‘શાહીવાદ... હો બરબાદ’ કરતો વિનોદ કૉલેજના મેદાનમાં ઘૂસતો હતો, અસહ્ય માર ઝીલતો હતો.

સરઘસ પોલીસના અમાનુષી, નિર્લજ્જ અત્યાચારોથી છિન્ન-ભિન્ન થઈ ગયું. (આની સવિસ્તર વિગત બીજા પ્રકરણમાં પૂર્વાર્ધમાં લીધી છે.) હવે તો વીરોનું સમરાંગણ બની ગયું અને સમરાંગણમાં, ધ્વજની પ્રતિષ્ઠા ખાતર સૂત્ર પોકારતાં વિનોદે ગોળી છાતીમાં ઝીલી. મા ભારતીના ખપ્પરમાં એક શીર્ષ ધર્યું – ચંદ્રશેખર આઝાદ જેવું સાહસ કરવાની તમન્ના ધરાવનાર વીર વિનોદે.

4. શ્રી ગોરધનભાઈ પટેલની માહિતીને આધારે.

ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુ જેવાના આત્મા હરખાયા હશે : 'આપણને રાવી નદીને કિનારે ઘોર અંધારી રાતે જે ફાંસી મળી અને અર્ધબળ્યા દેહ રઝળ્યા પણ આપણાં બલિદાન વ્યર્થ નથી ગયાં.'

## 'હિંદ છોડો'નો ઠરાવ :

મુંબઈના ગોવાળિયા ટૅન્કના મેદાનમાં માનવમહેરામણ ઊભરાયો છે. બપોરના 2-45નો સમય છે, શુક્રવાર ને સાતમી ઑગસ્ટ 1942નો દિવસ. અંગ્રેજો પ્રત્યેના બહુ વિશ્વાસથી બાપુજી કંટાળ્યા. હવે તો 'કરેંગે યા મરેંગે'નો આખરી મંત્ર આપી દેવા માટે ઉત્કંઠ થયા છે. કૉંગ્રેસનાં અનેક અધિવેશનો થયાં, તેમાં આનો જુસ્સો – રંગ જુદા છે. સૌના ચહેરા પ્રફુલ્લિત છે. બાપુની વાણી कार्य साधयामि वा देहं पातयामि ના નિર્ણયથી કેવી હાલી ઊઠે છે. એના સૂર સાંભળવા હતા, ઝીલવા હતા – એટલે જ તો દશથી માંડી રૂપિયા પાંચસો સુધીની પ્રેક્ષક-ટિકિટો ચટણીની માફક ખપી ગયેલી !

આ અખિલ હિંદ મહાસભાની ઐતિહાસિક બેઠકનું ઠરાવો પસાર કરવાનું કામ આવતી કાલ પર મુલતવી રખાયું.

બીજે દિવસે, સામુદાયિક અહિંસક સવિનય ભંગ શરૂ કરવાના ઠરાવ પર કૉંગ્રેસે મહોર મારી. આ ઠરાવ આઝાદીના ઇતિહાસમાં 'હિંદ છોડો'ના નામે જાણીતો છે. એ 'હિંદ છોડો'ના લાંબા અને સર્વગ્રાહી ઠરાવમાં હિંદને ખાતર તેમજ મિત્રરાજ્યોની સફળતા ખાતર હિંદમાંથી બ્રિટિશ અમલનો તત્કાળ અને દલીલોથી ભરેલો દાવો રજૂ કરાયો હતો. મહાસમિતિએ 'દુનિયાની સ્વતંત્રતાના હિતની દૃષ્ટિએ' પોતાની દલીલો રજૂ કરી હતી, હિંદની સ્વતંત્રતા બીજી એશિયાવાસી પ્રજાઓની સ્વતંત્રતાના પ્રતીક જેવી અને પુરોગામી બનવી જોઈએ. વળી, આ ઠરાવ તત્કાળ યુદ્ધથી ઘેરાયેલા જગતનું પણ કલ્યાણ ઇચ્છતો, વાસ્તવદર્શી હતો. બાપુની આગેવાની હેઠળ ચળવળ શરૂ થવાની હતી. આ વાત ભૂલવાની નથી કે તે પહેલાં બાપુ વાઇસરૉયને મળવાના હતા. એ કૉંગ્રેસના પ્રમુખ મૌલાના આઝાદ પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટ અને ચ્યાંગ કાઈ શેકને આવતી આપત્તિ અટકાવવા છેલ્લી વિનંતી કરવાના હતા. તદુપરાંત, મિત્રરાજ્યોના મુખ્ય દેશોને જાણ કરવાના હતા. બાપુએ તો કહેલું : 'મેં મહાસભાને હોડમાં મૂકી છે.'[5] પરંતુ જેવો મહાસમિતિએ ઠરાવ પસાર કર્યો કે તુરત જ સરકારે આ ઠરાવને ''ખુલ્લો બળવો'' ગણી 'બળવાખોરો'ને ગિરફતાર કરી દીધા.

1920ના ઑગસ્ટની 20મી તારીખે તિલકનો દેહવિલય થયો, બાપુજી આખી રાત જાગ્યા અને સ્વરાજ્યની લડત માટે ચિંતા સેવી; ત્યારથી – ત્યાર બાદ ભારતની આઝાદીની લડતનો ઝંડો મોહનદાસ કરમચંદ ગાંધીના હાથમાં છે. અસહકારની ચળવળ ચૌરા-ચૌરી જેવા પ્રસંગો બનતાં મોકૂફ રખાઈ, 1930-'32ની લડતમાં સરકારે તો દમનની કોઈ હદ રાખી નહિ. પ્રજા થાકી પણ નહિ, ગાંધીને માનવીના હૃદય ઉપર

5. 'સ્વરાજ સંગ્રામ'ના અંકોનું સૂત્ર.

પૂરતો વિશ્વાસ – અંગ્રેજો માનવી; તેથી એમના પર પણ વિશ્વાસ. ગાંધીજી કોઈની અસહાય સ્થિતિનો લાભ લઈને પોતાનો સ્વાર્થ સાધવા માગતા ન હતા. આ લડત શરૂ કરવા માટે તેમણે પહેલી વાટાઘાટો કરવા માટે પૂરતો અવકાશ રાખેલો પણ જુઓને, પાર્લમેન્ટમાં –

હિંદના સ્વયંમન્ય રક્ષણહાર મિ0 એમરી હિંદમાં સુલેહશાંતિ જાળવવા માટે મહાસભા સામે યુદ્ધ પોકારે છે. સરકારે યુદ્ધની જાહેરાત વધાવી લીધી છે. એની જાહેરાત દેશભક્તિના ગૌરવથી કરે છે ! વાઇસરૉય લિનલીથગો પણ પોતાની જાતને ‘દેશભક્ત’ તરીકે ઓળખાવે છે.

1757થી ભારત પરાધીન બન્યું, 1905થી ભારત આઝાદી માટે સક્રિય બન્યું છે. મોહનદાસ ગાંધી નેક-ટાઈ, કોટ-પાટલૂન, હૅટ ને પરદેશી લૂલીવાળા – મહાસભાના સભ્યોને સ્વદેશીના પાઠ શીખવે છે. End justifies means એ નહિ, પણ ઉમદા ધ્યેય માટે ઉમદા સાધન, – સાધનશુદ્ધિનો આગ્રહ બતાવે છે – પ્રત્યક્ષ કરી. મહાસભાની સ્થાપના હ્યુમ જેવા અંગ્રેજોની મદદથી થઈ. ત્રણ અધિવેશનોમાં ગવર્નર જનરલે સહૃદ-યતા બતાવી, એમની મિજબાનીઓમાં હાજરી આપી, પોતે પણ ચા-પાણી માટે નોતરતાં સંકોચ માનતા નહિ, પણ જ્યારથી કૉંગ્રેસે સરકારની ટીકા શરૂ કરી ત્યારથી ‘હાથનાં કર્યાં હૈયે વાગ્યાં’ એમ અંગ્રેજ સરકારને લાગ્યું. આંખમાં કાંકરીની જેમ, કૉંગ્રેસની પ્રવૃત્તિ ખૂંચવા લાગી. આપણા નેતા આયર્લૅન્ડની સ્વતંત્રતા માટે લડનારા પાર્નેલ કે કેસમેન્ટ[6] જેવાં છૂપાં કામો કરનારા નથી, તેમની પાસે છૂપાં શો નથી, ખુલ્લા દિલની વાતો છે; ધારેલ કામ માટે મરી ફીટવાની હિંમત છે – મરદાનગી છે. એ હિંમતથી ઝિંદાદિલીથી મોટી સલ્તનતને ડગાવવા માગે છે – મથે છે. જેના રાજ્યમાં સૂર્ય કદી આથમતો નથી એ કહેવતને ખોટી પાડવા પ્રયત્ન કરે છે. કહેવાય છે કે જ્યારે પાપનો અતિરેક થાય છે – ધર્મનો વિનાશ થાય છે ત્યારે માનવતાનાં મૂલ્યોની પુનઃ સ્થાપના અર્થે કોઈ વીર જન્મે છે.[7] ગાંધી એવા વીર છે એમાં કોઈ શંકા ધરાવતું નથી. એમની રાહબરી નીચે અધર્મ સામે યુદ્ધ પોકાર્યું છે. એમની પાસે કોઈ હથિયાર નથી, કોઈ બળ નથી; મુઠ્ઠીભર હાડકાંની ક્યા છે – પણ એમના આત્માનું તેજ છે. ગૌરવ છે. મધ્યયુગી યુદ્ધની જ વાત કરવી હોય તો એવી ઉપમા અપાય – એમની પાસે અહિંસાની તલવાર અને સત્યની ઢાલ છે. પ્રેમનું સમરાંગણ છે. એમાં કોણ ટકે ?

ફાંસીના માંચડાને બદલે હિંદના અંગ્રેજી વાઇસરૉયોનો મહેલના આરસનાં પગથિયાં ઉપર એ “બળવાખોર ફકીર”ને વારંવાર ચડતો-ઊતરતો જોઈ, ચર્ચિલનું હૈયું શેકાઈ જતું. પણ, શું કરે ?

* * *

6. સાતસો વર્ષની લડત અને યાતના બાદ બળવો થતાં આયર્લૅન્ડને આઝાદી મળી છે, હજુ પૂર્ણ નહિ !

7. “यदा यदा हि धर्मस्य....” ગીતા, અયાય-4, શ્લોક 7-8

શનિવારે મોડી રાતના મહાસભા વીખરાય છે, ત્યાર બાદ ટુકડીવાર ચર્ચાઓ થાય છે. બાપુજી બિરલા હાઉસ જાય છે, એમની કેટલીક ટપાલોનું કામ સંભાળે છે – કાગળો લખે છે.

બાપુજી ઊંઘી જાય છે – મોડી રાતે. ચારનો ટકોરો થતાં જાગી જાય છે. કહેવાય છે કે ખંતીલા અને વીર પુરુષોમાં એક ગુણ હોય છે. તે ઊંઘ ઉપરનો કાબૂ. આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચાર પ્રાણીમાત્રની સ્વાભાવિક ક્રિયા, તેના પર વિજય મેળવ-નાર વીર જ ગણાય. એટલે સુધી કહેવાય છે કે નેપોલિયન ઘોડા પર ઊંઘ લઈ શક્તો. ગાંધીજી, લેનિન અને નેપોલિયન એ ત્રણેની વચ્ચે એક સામ્ય વિચારવા જેવું છે. ત્રણે ધાર્યું ઊંઘી જતા, ધાર્યું ઊઠી શક્તા. ચાર વાગે ઊઠી, બાપુ પ્રાર્થના ઇત્યાદિનો ક્રમ પૂરો કરે છે. બહારથી બારણાં ખખડે છે, પોલીસ કમિશનર મિ. બટલરનાં પગલાં છે. એમના હાથમાં ત્રણ વટહુકમ છે. બાપુ તો જાણે કશું જ ન બન્યું હોય એમ સ્વસ્થતાથી તૈયારીઓ કરે છે – જેલમાં જવાની. દૂધ અને ફળનો આહાર લે છે. પછી પોતાના અંગત સામાનમાં ‘કુરાન’, ‘આશ્રમભજનાવલિ’, ‘ગીતા’ વગેરે લે છે. 6-20 મિનિટે બાપુને બિરલા હાઉસ છોડવું પડે છે.

બીજી બાજુ પંડિત નહેરુની અને અન્ય નેતાઓની પણ ધરપકડ થાય છે. 7-20 કલાકે બધા નેતાઓને લઈને એક ખાસ ટ્રેન પૂના તરફ ઊપડી.

લોકો સવારમાં દાતણ-પાણી કરે તે પહેલાં ભારતભરમાં આ સમાચારો પ્રસરી જાય છે. નેતાઓની ધરપકડે નવો જ જુવાળ પેદા કર્યો. કોઈ સાચા સમાચારથી વાકેફ નથી. એમ કહેવાય છે કે ગાંધીજીને અમુક જગ્યાએ એકલા લઈ જવામાં આવ્યા, એમ કહેવાય છે કે એમના પર અમુક સિતમ ગુજાર્યો, કોઈ શું - નું - શું કહે છે. લોકલાગણી ડહોળાય છે; – હિલ્લોળે ચઢે છે. આખો ભારતનો નકશો લોક-પ્રવાત પવને હાલી ઊઠે છે. પેલો લાલ રંગ મટવાનો વખત આવ્યો છે – નજીકનો કાળ છે.

ઠેર ઠેર પ્રભાતફેરીઓ, સરઘસો નીકળે છે. સરઘસો પર લાઠીચાર્જ, અશ્રુવાયુ (tear gas) અને ગોળીબાર થાય છે. બૉમ્બમારો થાય છે. કોઈ ડગતું નથી. વિદ્યાર્થીઓ હડતાળ પર ઊતરી જાય છે. શાળા-કૉલેજનાં બારણાંમાંથી કૂતરાં, રખડતાં-રવડતાં, આવ-જા કરે છે. એને હાંકવા પટાવાળાઓ પણ નજરે પડતા નથી. ઑફિસો, કચેરીઓ પણ શિથિલ હાજરી બતાવે છે. ગાડીઓ લૂંટવી, રેલવેના પાટા ઉખાડી નાંખવા. ઑફિસો સળગાવવી, ગરનાળાં તોડી નાખવાં, તાર-ટેલિફોનનાં દોરડાં કાપી નાખવાં – પોલીસથાણું, પોસ્ટઑફિસ, રેલવે સ્ટેશન, અર્થાત્ જે બ્રિટિશ સરકારના પ્રતીક રૂપે લાગે તે પર હલ્લો ! આ બધું તો સામાન્ય થઈ પડ્યું. કોઈ કહે ‘આમ બન્યું’ તો કોઈ શંકા ન બતાવે. કારણને સ્થાન જ નથી, તર્કને અવકાશ નથી. આ બધી પ્રવૃત્તિઓ ભારતમાં ફેલાઈ ગઈ. ભારતના ઇતિહાસમાં એક અજોડ ચમકારો – ભારતમાતાએ કદી નહિ જોયો તેવો હતો. કોઈ કોઈને કહેવા નહોતું જતું કે ‘શું કરવું’, ‘કેવી રીતે

કરવું'. સૌએ મનસ્વી પ્રવૃત્તિ આદરી દીધી છે. 'येन केन प्रकारेण' બ્રિટિશ સલ્તનતનો નાશ, ભારતમાંથી પગ કપાય એ જ ધ્યેય. બધા નેતાઓ તો જેલના સળિયા ગણે છે. બહારની વાતોથી તેમને વાકેફ રાખવામાં આવતા નથી. એમને કશા સમાચાર મળતા નથી. લોકો પણ જાણતા નથી કે તેમના લાડીલાઓ ક્યાં છે ? — છાપાના મોંએ ડૂચા મારવામાં આવ્યા છે.

સરકારે પ્રજા સામે યુદ્ધ પોકર્યું છે – દ્રોહી ગણીને, બેવફા ગણીને, આ યુદ્ધ યુવાનો સામે છે, વિદ્યાર્થીઓ સામે છે. એમની શક્તિનો પરચો સરકારને 1920થી થઈ ગયો છે.

માટે, બ્રિટિશ અમલ નીચે ક્યારેય ન હતું તેટલું બ્રિટિશ-ગોરું લશ્કર આવી પહોંચે છે. હિંદભરમાં પોલીસ રાજ્ય સ્થપાય છે. પોલીસો અને લશ્કરી સૈનિકો ચાલતી મોટર-લોરીમાંથી ગોળીબાર કરે છે. ઍરોપ્લેન નીચે લાવીને તેમાંથી પણ મશીનગનથી ગોળીબાર કરવામાં આવ્યા છે.[8] આયર્લૅન્ડના બળવાને દબાવી દેનાર ખાસ અનુભવી નિષ્ણાતો આવ્યા છે, ખાસ દળો તૈયાર કરવામાં આવ્યાં છે. મિ. વિન્સ્ટન ચર્ચિલ તો કહે છે કે, 'હું, બ્રિટિશ સામ્રાજ્યને ફડચામાં લઈ જવા માટે રાજ્યનો વડો પ્રધાન નથી થયો' તેથી આમની સભામાં ગર્વપૂર્વક ઉચ્ચારેલું 'સરકારે બધું સામર્થ્ય વાપરી રમખાણો કચરી નાંખ્યાં છે.'

3

પો' ફાટતાં પહેલાં હિંદભરમાં અસંખ્ય ધરપકડો થઈ જાય છે. હજુ તો રવિવાર ને 9મીનો દિવસ ઊગ્યો નથી ત્યાં તો મુંબઈના રસ્તા પર સાતનાં શબ રઝળતાં થયાં.[9] વિદ્યાર્થીઓ પ્રધાનગૃહમાં ઘૂસી જાય છે. અનેક પ્રોત્સાહિક સૂત્રો પોકારે છે. શાહીવાદીઓ ત્રાસી જાય છે. લૉર્ડ રીડિંગે 1920માં કહ્યું હતું, 'હું મૂંઝાયો છું, ગૂંચાયો છું.' લિનલીથગો પણ એ જ સ્થિતિમાં મુકાયા.

લખનૌમાં વિદ્યાર્થીઓના સરઘસ પર ગોળીબાર થાય છે. મદ્રાસ(ચેન્નાઈ)માં પોલીસ અને વિદ્યાર્થીઓ વચ્ચે અથડામણ થાય છે. કંઈક માર્યા જાય છે. એકપક્ષી બેલગામ કતલ થાય છે ! અલ્લાહાબાદમાં એક વિદ્યાર્થીને પકડીને ગોળી ચાંપી દીધી.[10] ભારતનાં મુખ્ય શહેરો કૉલકાતા, મદ્રાસ, દિલ્હી, લાહોર, કરાંચી, અલ્લાહાબાદ, બૅંગાલુરુ – એક પણ એવું શહેર નહીં હોય જ્યાં ગોળીબાર ન થયો હોય. આ સ્વતંત્રતાના નાદનો ગામડાંઓમાં પણ એવો જ પડઘો ઝિલાય છે; મા ભારતી હરખાય છે. વીરોનું પાણી પરખાય છે. કોઈનેય સ્વતંત્રતા-સ્વતંત્રતા સિવાય કશું સૂઝતું નથી. લાડકવાયા બેટાઓ હણાય છે, ખપાય છે – એ કોઈને મૂંઝવતું નથી. મૉઈ (गिल्ली) ઝિલાય એમ યુવાનો ગોળીઓ ઝીલે છે. માટલી ફૂટે તેમ માથાં ફૂટવા દે છે.

8. જુઓ : 'મારું હિંદનું દર્શન', જવાહરલાલ નહેરુ, પૃ. 661

9. પ્રજાબંધુ, તા. 16-8-'42

10. પ્રજાબંધુ, તા. 16-8-'42

અમદાવાદ શહેરમાં, હજુ રાતના ચારના ટકોરા થયા નથી ત્યાં તો દાદાસાહેબ માવલંકર, ભોગીલાલ લાલા, લીલાવતી દેસાઈ, જીવણલાલ દેસાઈ, અર્જુનલાલા, નીરુ દેસાઈ, રામપ્રસાદ મહેતા વગેરે કેટલાયે કાર્યકરોને જેલ ભેગા કરી દીધા.[11] કેટલાકને તો ઊંઘમાંથી ઉઠાડ્યા હતા.

પ્રભાતફેરી ફરે છે, પોળે પોળે છૂટક-છૂટક સરઘસો નીકળે છે, સૂત્રો પોકારાય છે. આખા અમદાવાદે કામ-ધંધો છોડી આ કામમાં ઝંપલાવી દીધું છે - જિગર અને જાન દઈને. રોડ પર ટૅન્કો ફરવા લાગી. 144મી કલમનો અમલ શરૂ થઈ ગયો છે, કૉંગ્રેસ હાઉસનો કબજો સરકાર લઈ લે છે, – જપ્ત થાય છે. દેશપ્રેમીઓનું રાષ્ટ્રીય સંસ્થાનું સ્થાન જપ્ત થતાં લોહી ઊકળે છે – તરવરાટ થાય છે. મરી ફીટવા કમર કસે છે. 'કર્ફ્યૂ' નંખાય છે. ખાડિયા, રાયપુરના લત્તા પર તોફાનો થાય છે. ખાડિયા ચાર રસ્તા પર આવેલો થાંભલો લોકો તોડી રહ્યા છે. ભાંગફોડની પ્રવૃત્તિ ચાલુ છે. દેશ-હિતૈષીઓનાં ખૂનની તરસી પોલીસ આવે છે અને એમાં ઉમાકાન્ત કડિયાનો ભોગ લેવાય છે.[12]

ઉમાકાન્તનો ભોગ વિદ્યાર્થીઓ પરના ક્બૂની કમાન (spring) ઉઠાવી દે છે. હવે કોની મગદૂર છે કે ગંગાના પૂરમાં ઝંપલાવે ? – અમદાવાદે એનો પ્રતાપ બતાવ્યો.

* * *

અહિંસા, અહિંસા – ક્યાં સુધી ? કેટલો અત્યાચાર સહન કરવો, કેટલા ભોગના ઢગલા થવા દેવા ? પછી તો પ્રજા પણ હથિયાર ઉઠાવે છે. એ સમય પૂરતી તો અહિંસાની વર્ષોની તાલીમની તપશ્ચર્યા નિષ્ફળ નીવડે છે. મધ્યપ્રાંતમાં તો પોલીસ અમલદારોનાં ખૂનો થવા માંડ્યાં છે.[13] શિક્ષા રૂપે સામુદાયિક દંડ નંખાય છે.[14] એમને કોણ રોકી શકે ?

વડોદરામાં એક સ્ત્રી-કાર્યકરની આગેવાની હેઠળ સ્ત્રીઓનું એક સરઘસ નીકળે છે. આવાં સરઘસો પર હાથ ઉગામવો એ હીન પ્રવૃત્તિઓના પોલીસોને મન લહાવો હશે. પોલીસ બેઇજ્જતી અત્યાચારો કરતાં જરા પણ શરમાતી નથી. પોલીસ આવી પહોંચતાં બધી બહેનો બેસી જાય છે. પછી તો એમને ઘસડે છે, તાણે છે, લાજ લૂંટે છે – ફાવે તેવી હીણી પ્રવૃત્તિ આદરે છે. કોણ કે'નાર, કોણ રોકનાર ? – ખુદ વાડ જ ચીભડાં ગળતી હોય ત્યાં !

પછી, ગોળીબાર કરે છે; ન કરે તો એમની હાજરી ક્ષુલ્લક ગણાય. બેના ભોગ લેવાય છે. જંગી સ્મશાનસભા મળે છે. અને મરેલાઓને ઉમદા વિદાય અપાય છે.

---

11. 'પ્રજાબંધુ', તા. 16-8-'42

12 જુઓ : 'શહીદ ઉમાભાઈ', લે. મનુ પાલખીવાલા

13. 'પ્રજાબંધુ', તા. 24-9-'42

14. ઍમરીના નિવેદન પ્રમાણે 90 લાખનો સામુદાયિક દંડ. કેટલાંક ગામોમાં આગ લગાડી, ગોળીએ વીંધી, બળાત્કારે દંડ વસૂલ કરાયો હતો.

વડોદરાના વિદ્યાર્થીઓની એક ટુકડી પ્રજામંડળની પત્રિકાઓ લઈ પ્રચારાર્થે નીકળી છે – ગામડાંઓમાં. નાવલી સ્ટેશને ઊતરીને તેઓ આસપાસનાં ગામેગામ વહેંચે છે. પણ પાછા ફરતાં અડાસ સ્ટેશને ગાડી ઊપડી જતાં રોકાઈ જવું પડે છે. આ યુવાનોને જોઈ પોલીસ વીફરી – જેમ નોળિયો સાપને જોઈ વીફરે. આમેય પોલીસ અને યુવાનોને બારમો ચંદ્રમા હોય છે. રમૂજ ઊભી થાય તેવું પોલીસ માને છે. આ યુદ્ધ તો સરકાર સામે હતું અને સરકારને કોંગ્રેસ બરતરફ કરી દાબી દેવી હતી. પણ, પોલીસોએ જાતે ઠરાવ કર્યા (?) – આ યુદ્ધ આપણી સામે છે. યુવાનને જુએ કે વિદ્યાર્થી-ને જુએ એકાદ-બે દંડાનો પ્રહાર કર્યા વગર ન ચાલે. યુવાન વર્ગ, વિદ્યાર્થી વર્ગ પોલીસ જાતિનો દુશ્મન છે એવા વર્ગવિગ્રહ શરૂ થયા. બૅલગામ પોલીસે વિદ્યાર્થીઓની ટુકડીને સખત માર માર્યો – કોઈ હદ જ નહિ એવું રાક્ષસી, પાશવી, અમાનુષી વર્તન બતાવ્યું. કહેતા જાય : ‘ડાકોરમાં, એક પોલીસનું ખૂન કર્યું છે. તો, લો ત્યારે તમેય ચાખો.’ અમુક જગાએ અમુક ‘ન્યાતભાઈ’નું ખૂન કર્યું છે માટે આ રીતે બદલો લેતા હતા ![15]

પાશવી વર્તન બતાવીને, જો ગોળીબાર ન કરે તો અંગ્રેજ સરકાર પ્રત્યે વફાદારી શી રીતે ગણાય ? મારથી લોહીલુહાણ થયેલા દેહ, બધાને એક હરોળમાં ઊભા રાખી જેમ ગમ્મત થતી હોય, પ્રયોગો થતા હોય એમ પોલીસે ગોળીઓ છોડી. ચાર વિદ્યા-ર્થીઓના જાન ગયા. ઘાયલ થયા વગરનો એકે બાકી મૂકે તો પોલીસોને એમની માએ પથરા જણ્યા સમજવા !

આખી રાત પાણી વગર રાખે છે. પાણી-પાણીની બૂમો પાડે છે છતાં કોઈ પોલીસ પાણી પાતો નથી. કોઈ પિવરાવે એવું એમની હાજરીમાં શાનું બને ? પોલીસો કોમી વેરને કારણે આવું વર્તન કરવા પ્રેરાયેલા. એક પ્રસંગ યાદ આવે છે :

બંગાળાના વિપ્લવના અગ્રગણ્ય નેતા યતીન્દ્રનાથ મુકરજી પાછળ પોલીસ પડી છે. નદીનાળાં ઓળંગીને થાકી ગયા છે. ભૂખ અને તરસનો પાર નથી. ભય મૃત્યુ લઈને પીછો કરી રહ્યો છે. માનવીની શક્તિની મર્યાદા હોય છે. કેટલું દોડે ?- ભૂખે, તરસે. પોલીસ પહોંચી જાય છે. પાંચ સાથીઓમાંથી ત્રણ ખતમ થઈ જાય છે. ભયંકર જંગલમાં ધણાધણ ગોળીઓના અવાજ સિવાય કશું જ સંભળાતું નથી. યતીન્દ્રનાથ પણ મૂર્છિત થઈ પડે છે. શુદ્ધિ આવતાં ‘પાણી-પાણી’ એવી બૂમો પાડે છે. પણ પાણી કોણ લાવી આપે ? પાસે પડેલા મિત્ર-રક્તને પી તૃષા છિપાવવા પ્રયત્ન કરે છે ![16] ઊભેલા પોલીસ અમલદારનું હૃદય કકળી ઊઠે છે. - એનો માનવી જીવ હાલી ઊઠે છે. પાસેના તળાવ-માંથી પોતાની હેટમાં પાણી લાવે છે. યતીન્દ્રને પાય છે.

બાપુએ વાતચીતમાં કહેલું : “રામકૃષ્ણ ભાંડારકર અક્ષરશઃ માનતા હતા કે એક સામાન્ય ટૉમી (અંગ્રેજ સિપાઈ) પણ આપણાથી ચઢિયાતો છે. બૉલ્ડવિને બાપુને સંભ-

---

15. જુઓ : ‘શહીદ અંક’, માંડવીની પોળ સેવાસંઘ, (હસ્તલિખિત) એમાં ભોગ લેવાયેલા વિદ્યાર્થીઓના મિત્રના લેખ પરથી, પૃ. 10

16. ‘આઝાદીના શહીદો’, પૃ. 97

જાવેલું, "I must tell you that I am proud of my people's record in India."[17] કેટલીક બાબતોમાં અંગ્રેજો પાસે જે છે તે આપણી પાસે નથી. બધું ખરાબ ગણી આપણે સારુંયે ખરાબમાં મૂકીએ છીએ. હિંદીઓ બોલનારા, કરનારા ઓછું.

પેલા ઘાયલ વિદ્યાર્થીઓને પાણી ન પાયું, દાક્તરી સારવાર ન મળી. આખી રાત એ જ સ્થિતિમાં બૂમો પાડતા રહ્યા. તોય, નરાધમોમાંથી કોઈના પેટનું પાણીયે હાલ્યું નહિ !

* * *

આ છે : વિનોદની શહાદતનો જમાનો, આપણા છેલ્લા સ્વાતંત્ર્ય-સંગ્રામનાં રોમાંચક સાહસોની કથની !

---

17. 'મહાદેવભાઈની ડાયરી', ભા.1, પૃ. 273

# 2

# (પૂર્વાર્ધ) સરઘસ

*ગોરો આયો, બની ઘુરાયો,*
*સાથે લશ્કર લાયો જી;*
*કિનારીવાલા દૂધમલ લાલા*
*દોડી આગળ આવ્યો જી.*

**- ઉમાશંકર જોશી**[18]

રવિવારે 9મી ઑગસ્ટ, 1942ની રાતના વિદ્યાર્થી સંગ્રામ સમિતિ મળે છે - ગુજરાત કૉલેજની બાજુ પરના એક બંગલાની રૂમમાં. અને સોમવારે એક ભવ્ય સરઘસ કાઢવું એવો નિર્ણય લે છે.

ગઈ કાલે ઉમાકાન્તનો ભોગ લેવાયો છે. આજે મોટું સરઘસ નીકળે છે. એમાં માત્ર વિદ્યાર્થીઓ જ નહિ, પણ બીજા કેટલાક યુવાનો પણ જોડાયેલા છે. કેટલાક કાર્યકરો પણ છે. આ ’42ની ક્રાન્તિ જુદી છે, એની લડતનો રંગ જુદો છે. બધાનો એ જ વિચાર છે, – આપણા આ સરઘસનો પણ રંગ જુદો જ હોવો જોઈએ. લૉ કૉલેજ આગળના મેદાનથી તે શરૂ થાય છે.

પ્રથમ ઝંડો લૉ કૉલેજના મકાન પર ફરકાવાય છે.

આજે સરઘસ નીકળવાનું છે એની ખબર પોલીસને ગઈ કાલની પડી છે. એની

18. શ્રી ઉમાશંકર જોશીનું આ ગીત શ્રી રસિકલાલ છો. પરીખ અને તેમનાં ગીતોની પુસ્તિકામાં એ કાળે પ્રગટ થયેલું. ‘‘જોર’’ (જોશી અને રસિકલાલ) કવિકૃત એ પુસ્તિકા અત્યારે અપ્રાપ્ય છે.

આગેવાની પ્રો. ગોલે લેવાના છે એવું જાણતાં ગુજરાત કૉલેજના પ્રિન્સિપાલ પટવર્ધનને કહેવરાવે છે કે મિ. ગોલે એમાં જઈ શકશે નહિ, એ તો સરકારી કૉલેજના પ્રોફેસર છે. મૂળ વાત એમ હતી કે પ્રો. ગોળે કરીને કોઈ બીજા જ એમાં જોડાવાના હતા. તોય, પોલીસનો વહેમ ગુજરાત કૉલેજના પ્રોફેસરો પર છે. આ સરઘસનો વિચાર પેદા કરનાર એ કૉલેજનો કોઈ પ્રોફેસર જ હોવો જોઈએ એવો વહેમ હટતો નથી, ઘટતો નથી.

સરઘસ નીકળશે એવી કોઈ મોટી જાહેરાતો પણ કરી નથી, છતાં વાતોવાત, કાનોકાન આખા શહેરના વિદ્યાર્થીઓને પહોંચી ગઈ – બધું રાતોરાત.

દસમીને સોમવારની સવારમાં તો કૉલેજ સામેનું મેદાન[19] ઊભરાય છે; ગગનભેદી અવાજોથી ગાજે છે.

મેદાનમાં – અશ્રુવાયુ છૂટે તેના બચાવ માટે 'રૂમાલ ભીના કરો'ની આજ્ઞા અપાય છે. વિનોદચંદ્ર શુકાલ તો કહે છે કે એનાં સૂત્રો પણ પોકારતા. બધાને કહેવા શી રીતે જવાય ? મીઠાના પાણીવાળી બાલદીઓ લઈને વિદ્યાર્થીઓ ફરે છે, સૌ રૂમાલ ભીના કરે છે. વિનોદ કિનારીવાલા તેના મિત્રો દિનુભાઈ અને ગોરધનભાઈ પટેલ સાથે છે. દિનુભાઈએ કહ્યું, 'વિનોદ, તું એમ કર, તારો અને મારો રૂમાલ પેલા ખાબોચિયામાં ભીનો કરી આવ. બાલદીને આવતાં વાર લાગશે; કદાચ ના પણ આવે.' અત્યારે તો ચોમાસું છે એટલે ખાબોચિયાં તો ઠેર ઠેર. વિનોદે રૂમાલો ભીના કર્યા.

વિનોદનું ચિત્ત આજે સ્વસ્થ છે, શાંત છે. સવારે દિનુભાઈ અને વિનોદ સાથે નીકળે છે. જમવાનું બહુ ઉતાવળથી પતાવે છે.[20] દિનુભાઈ અને વિનોદ સાથે નીકળે છે – સાથે નીકળવાનો આ છેલ્લો પ્રસંગ છે. 'દિનુભાઈ, '32ની લડત કરતાં આ લડતનો રંગ ઑર છે. મારું તો માનવું છે કે આઝાદી માટેનું આ છેલ્લું યુદ્ધ હશે. સરકારે હવે આઝાદી આપ્યે જ છૂટકો.' દિનુભાઈ એમાં ટેકો આપે છે. બંને સરઘસમાંથી પોલીસ આવે ત્યારે નહિ નાસવાની જમનાદાસજી (વિનોદના પિતા)ની વાત પર વિચાર કરે છે. ચંદ્રશેખર આઝાદ જેવી હિંમત દાખવવી હોય ત્યારે કેમ વિચાર ન કરે ?

વાતો કરતા કરતા બંને લૉ કૉલેજ સામેના ખુલ્લા મેદાનમાં આવી પહોંચે છે.[21] દિનુભાઈનો એ વિચાર ખરો કે વિનોદ આજે સરઘસમાં ન જોડાય. ગઈ કાલે કોઠારી પોળ આગળ એને લાઠીમારમાં સખત વાગ્યું છે; એનો દુખાવો હજુ ઓછો થયો નથી.

---

19. આજે 'શેઠ શ્રી મોતીલાલ હીરાભાઈ એલિસબ્રિજ મ્યુનિસિપલ પાર્ક' છે તે.

20. આજે પ્રિયબાળાબહેન (વિનોદની બહેનનાં પુત્રી) રસોડામાં હતાં. વિનોદે પ્રિયબાળાબહેનને કહ્યું : 'તમે હડતાળમાં જોડાવ નહિ તો કાંઈ નહિ, પણ જોવા તો આવજો – કે કેવી સોએ સો ટકા હડતાળ પડે છે.' પ્રિયબાળાબહેને કામ પતાવીને આવવાનું કહ્યું.

21. ડૉ. દિનુભાઈ પટેલનું કહેવું એવું છે કે તેઓ બંને સવારે પૂ. રવિશંકર મહારાજને મળવા ગયેલા. પૂ. મહારાજ આ સરઘસની વાત જાણે છે, એમણે કહ્યું : 'હિંસા-અહિંસાની વાત બાજુ પર રાખો, પણ બાયલાપણું ન રાખશો.' આ વાતે વિનોદ પર બહુ અસર કરી. પરંતુ મેં મહારાજને પૂછી જોયું ત્યારે તેમણે કહ્યું, 'મને કશું યાદ નથી; પણ તે દિવસે ધીણોજ ગયો હોઉં એવો મારો ખ્યાલ છે.' તેથી મેં આ વાતનો ઉલ્લેખ લીધો નથી. કોની સ્મૃતિ વિશ્વાસપાત્ર !

આજે જો માર પડશે તો વિનોદની તબિયત લથડી જશે એવો ભય દિનુભાઈને છે. દિનુભાઈએ વાતવાતમાં તે કહી પણ દીધું, ત્યારે વિનોદનો આ જવાબ હતો : 'ના, ના. એમાં તો શું ? એ તે કંઈ માર ગણાય ?'

સરઘસના વ્યવસ્થાપકો ચાર ચારની હરોળમાં ગોઠવાઈ જવાનું સૂચવે છે. સરઘસ બહુ લાંબું થતું હોવાથી જુદી જુદી ટુકડીઓ કરવી, એક પછી એક ટુકડી રવાના કરવી એવો વિચાર કરે છે. ટુકડીઓમાં વિનોદ અને દિનુભાઈ છૂટા પડી જાય છે.

વિનોદના મનમાં પિતાજીના પેલા શબ્દો ગુંજ્યા કરે છે : 'કબૂતરના ટોળામાં પથરો પડતાં ફુરરર કરતાં ઊડી જાય તેમ પોલીસના દેખતાં સરઘસ વીખરાઈ જાય એ શોભતું નથી. સરઘસમાંથી નાસવું નહિ. એ લાંછન ગણાવું જોઈએ.'

સરઘસ ગુજરાત કૉલેજ પાસે આવી પહોંચે છે. વિનોદ બીજી ટુકડીમાં છે. સરઘસની નેમ જપ્ત થયેલ કૉંગ્રેસ હાઉસ તરફ જવાની છે. પણ પોલીસ તો ગઈ રાતની યોજના ઘડતી હતી – સરઘસ કેવી રીતે અટકાવવું. આખા એલિસબ્રિજ વિસ્તારમાં પોલીસ પથરાઈ ગઈ છે. સરઘસ મિશનના બંગલાઓ અને ગુજરાત કૉલેજ વચ્ચે આવેલા રસ્તા પર આવી પહોંચ્યું છે.

સંગ્રામ સમિતિમાં બહુમતીથી નિર્ણય લેવાયો છે - ઘર્ષણ ન થાય, અથડામણ ન થાય એ જોવાનું હતું. શાંત, અહિંસક રીતે જ કૉંગ્રેસ હાઉસ જવાનું વિચારેલું, પણ પોલીસ આગળ ન વધવા દે, તો પોલીસની નાકાબંધી (cordon) તોડીને જવું ? આનો તે સમયે નિર્ણય થાય તે પહેલાં કેટલાક સાહસિક વિદ્યાર્થીઓ આગળ આવી, આગળ ધપવાનું સાહસ કરે તે પહેલાં પોલીસ-અમલદારોએ સિસોટીઓથી (whistling) આખું મેદાન ગજવી મૂક્યું અને લાઠીચાર્જ શરૂ કર્યો. એની પાછળ સોટીમાર (cane charge) પણ ચાલુ થયો. આગળ છોકરીઓ હતી. શરૂમાં છોકરીઓ પર પ્રહાર કરીને ઉદઘાટન કર્યું ! કોઈ છોકરી ઊઠી નહિ, કોઈ ભાગી નહિ. સરઘસમાં ત્રણથી ચાર હજાર જેટલા વિદ્યાર્થીઓ હતા. બસો-અઢીસો જેટલી છોકરીઓ.[22] પાછળવાળાઓને ખબર નહિ કે આગળ શું થાય છે. તેઓ તો સૂત્રો પોકારતી ટુકડીઓ, લશ્કરમાં ભરતી થાય તેમ, મોકલ્યા જ કરે, મોકલ્યા જ કરે; સરઘસનો બીજો છેડો લૉ કૉલેજના મેદાનમાં. પાછળનું આવતું સરઘસ જોવા માટે એકબીજાના ખભા ઉપર હાથ મૂકીને વિદ્યાર્થીઓ ઊંચા થતા જોતા હતા. ગગનભેદી સૂત્રો પોકારતા હતા. ભયની સિસોટીઓ કાનને ત્રાસ આપતી હતી; ને સૂત્રો સાંભળીને શાહીવાદીઓ ત્રાસી જતા હતા. જેટલા વેગથી સૂત્રો પોકારતાં તેટલા બમણા વેગથી પોલીસો શરૂમાં સૌ બેસી ગયેલા ઉપર પ્રહારો કરતા. એકને મારતા મારતા આવે, બીજો પોતાને પડવાનો વારો આવે છે એની તૈયારી

22. સરઘસમાં હાજર રહેલ શ્રી લીલાધર ભટ્ટ, સંદેશના ખબરપત્રીના મત પ્રમાણે ત્રણથી ચાર હજાર વિદ્યાર્થીઓ શ્રી વિનોદ શુક્લ, શ્રી માણેકલાલ સોગાણી, ચારથી પાંચ હજાર ગણાવે છે. શ્રી ગોરધનભાઈ પટેલ પણ એ જ મતના છે. ડૉ.વિષ્ણુ માવલંકર ઓછી સંખ્યા જણાવે છે. બહેનોની સંખ્યામાં મતભેદ નથી – ન જ હોય.

માટે મન મજબૂત બનાવે – પોલીસનો વિચાર આ સરઘસમાં ભંગાણ પાડવાનો હતો, વિખેરવાનો હતો. આમ માર્યે તો આખો દહાડો જાય - તો શું કરવું ? રાઇફલો બતાવી, ગોળીઓ છોડવાની ધમકી આપી, બેશુમાર માર પડ્યે જ જતો હતો. હવે સરઘસમાં ભંગાણ પડવા લાગ્યું – ગાબડાં પડ્યાં. સરઘસ કોઈના નેતૃત્વમાં રહ્યું નહિ,[23] વિદ્યાર્થીઓ ઉપર છૂટક, ગમે તેમ પ્રહારો થવા માંડ્યા. વિદ્યાર્થીઓ હવે કશું રહ્યું નથી એમ માની ભાગવા માંડ્યા; નાસવા લાગ્યા.

વિનોદના હાથમાં ધ્વજ હતો. ધ્વજ શરૂમાં તો આગેવાનીમાં ભાગ લેનાર શ્રી માણેકલાલ સોગાણી પાસે હતો. વિનોદે, એમની પાસેથી એ ધ્વજ રસ્તામાંથી વિનંતી કરી માગી લીધેલો. એણે સોગાણીને કહેલું, 'સાહેબ, હું વાવટાની શાન નહિ જવા દઉં, તમારા હુકમનું પાલન કરીશ ભલે મારો પ્રાણ જાય.'[24] ધ્વજ હિંમતવાન, બહાદુર, ને શાન રાખી શકે તેવા દૃઢ મનોબળવાળાઓને આપેલા. શરૂઆતમાં સોગાણી અને બીજા કાર્યકરોએ સંબોધન કરેલું : 'આ સરઘસમાંથી કોઈએ નાસવું નહીં, જેને પોતાનામાં આત્મવિશ્વાસ ન હોય તે સરઘસમાં ન જોડાય.'

વિનોદ કિનારીવાલા સરઘસમાં બહેનો પછીની બીજી ટુકડીમાં હતો. એ, માર પડવાની શરૂઆત થતાં આગળ આવ્યો અને બહેનોને માર પડતો જોઈ પોલીસ સાથે રકઝક કરવા લાગેલો : 'અહીં હાથ ઉપાડતાં શરમ નથી આવતી ? જાઓને, પાણી બતાવવું હોય તો જાપાનીઓ સામે !'[25] એ વખતે પોલીસ એને લાઠીઓનો અસહ્ય માર મારે છે. જોનારને લાગે કે આ વિદ્યાર્થી મરી જશે. ''મારાથી જોયું પણ ન ગયું; એને ગોળી ન વાગી હોત તો પણ એ મરી ગયો હોત એવો મારો ચોક્કસ મત છે.''[26]

* * *

કોઈ દિશા કે બાજુ એવી નથી કે પોલીસ ન હોય. પ્રાણ જાય પણ પ્રતિષ્ઠા કેમ જાય ? – વિનોદ અને કેટલાંક વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓ ગુજરાત કૉલેજમાં ઘૂસે છે ત્યારે ગુજરાત કૉલેજની હદ થોરની વાડથી બાંધેલી. થોર કૂદી કૂદી છોકરાઓ નાસવા લાગ્યા. મિશનની વાડોમાં છીંડાં પાડી ગમે તેમ, દેહને ઉઝરડા આવે તોય કશી પણ દરકાર રાખ્યા વગર વિદ્યાર્થીઓ નાસે છે. વિનોદ અહીંથી ભાગવાનો નથી એ તો એના મનનો નિર્ણય છે જ. ઘેરથી નીકળતાં એના પિતાજીએ કહેલા શબ્દો ગુંજ્યા કરે છે; પ્રેરણા પૂર્યા કરે છે : '... સરઘસમાંથી ભાગવું નહિ.' માણેકલાલ સોગાણીને કહેલાં વચનો જોશ લાવે છે. વિનોદ ધ્વજ સાથે દરવાજામાંથી પસાર થઈ ગુજરાત કૉલેજની

23. સાંભળેલું, હકીકતમાં એમ બનેલ કે માર પડવાની શરૂઆત થતાં નેતૃત્વમાં ભાગ લેનાર એક મોટા કાર્યકર પણ ચાલ્યા ગયેલા, બીજા કેટલાક કાર્યકરો જ્યારે આગળ માર પડવાનો થયો એટલે 'શાન્તિ જાળવો' 'હિંમત રાખો' કહેતા પાછળ સરકી ગયેલા. બીજા અનેકે બહાદુરીથી માર પણ ખાધો છે. નબળી પ્રકૃતિવાળા શરૂમાં જ પાણીમાં બેસી ગયેલા – આ કોઈની નિંદા માટે નોંધ નથી કરાતી. આ તો જિજ્ઞાસુને માનસશાસ્ત્રીય અભ્યાસની દૃષ્ટિએ રસિક થાય એ જ હેતુ છે.

24. શ્રી માણેકલાલ સોગાણીની માહિતીને આધારે.

25 . ડૉ. દિનુભાઈ પટેલની માહિતીને આધારે.

26 . શ્રી વિનોદ શુક્લ.

હદમાં પગ મૂકે છે.[27]

હવે સરઘસ જેવું રહ્યું નથી. વિદ્યાર્થીઓએ પથ્થરમારો શરૂ કર્યો છે. બહાર માર્ગમાં પડેલા ઈંટાળા,[28] રોડાં, પથરા, કાંકરા જેના હાથમાં જે આવે તે પોલીસ પર નાંખવા માંડે છે.[29] એ 'દુર્ભાગી' પોલીસ પર જ પડે છે એવું નથી. ગુજરાત કૉલેજના દશમા ઓરડાની દીવાલ અને સીડનહામ લાઇબ્રેરી પાસેના ખુલ્લા મેદાનમાં પડે છે – પછી ગમે તેને વાગે – મેદાન સમરાંગણના સ્વરૂપમાં પલટાયું છે.

કૉલેજમાં વિદ્યાર્થીઓ આવ્યા છે, પોલીસ આવી છે એ જાણી અધ્યાપકો નીચે આવે છે. પ્રો. ફિરોઝ દાવર અંગ્રેજીના અધ્યાપક આગળ આવે છે. વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ પર પડતો માર એમનાથી જોઈ શક્તો નથી, સહી શક્તો નથી. પોલીસ અમલદારને સમજાવે છે : 'Please, do not beat my children, my students. Please, for hummanity's sake, for God's sake.'[30] પ્રો. દાવર તો જ્ઞાનભંડાર, સૌજન્યમૂર્તિ. એમના હૃદયને આઘાત લાગે છે. આ જોવાતું નથી – કે નથી અટકાવાતું. પોલીસ એમની પ્રવૃત્તિમાંથી ઊંચા આવી પ્રો. દાવરના શબ્દો પર ધ્યાન આપે તો ને !

એ મેદાનમાં સૌ વિદ્યાર્થીઓ બેસી ગયા છે. પોલીસ સૌને પકડી પકડી મારે છે.

પ્રો. દાવર વિદ્યાર્થીઓને ત્યાંથી ચાલ્યા જવાનું કહે છે, વીખરાઈ જવાનું કહે છે. વિદ્યાર્થીઓ પણ માનતા નથી. માર ખાય છે, માર ખાવા ધસે છે.[31] પ્રો. દાવર સાથે અર્ધમાગધીના પ્રો. દવે પણ છે. એ તો બહુ મજબૂત માણસ, વિદ્યાર્થીઓને બચાવે છે, પોલીસોને સમજાવે છે.

પોલીસ હવે અધ્યાપકો પ્રત્યે પણ ભેદ રાખતી નથી. એમને પણ સ્વાદ ચખાડે છે ! હરાયું ઢોર સૌની સામે શીંગડાં ઉગામે.

એક યુવાન અધ્યાપક આગળ આવે છે.

'E, you brute, stop it' કહીને એક છોકરી પર પડતી લાઠીને હાથમાં ઝીલે છે. પોલીસ લાકડી ઉપાડી પેલા અધ્યાપકના માથામાં મારે છે. પોલીસ એમને કોઈ વિદ્યાર્થી માની લે છે.

આ છે – ડૉ. ધીરુભાઈ ઠાકર, ગુજરાતીના અધ્યાપક.

---

27 . એ વખતે ઉત્તર બાજુનો દરવાજો ખુલ્લો રહેતો કે બંધ એ બાબતમાં કોઈ ચોક્કસ નથી. વિકેટ ગેટમાંથી જ પ્રવેશ થયો હશે, પણ, સોગાણી કહે છે કે એ દરવાજો ખુલ્લો હતો.

28. 'ગોળા સમા તોપતણા કરે ચડી,
શસ્ત્રો બની સ્હાય દિધી અમોલી !' - સુંદરમ્, 'ઈંટાળા' (કાવ્ય) : 'વસુધા' પૃ. 88

29 . એ વખતે A. R. P. ની તાલીમનો કૅમ્પ હતો. ત્યાં કંઈક ચણાતું હતું. એના માટે ઈંટો લાવેલા, તેનાં રોડાં પણ પડેલાં-પાયામાં પૂરવા માટેનાં. બાજુમાં ત્રણ લીમડા હતા. એક દીવાલનો અને વૃક્ષોનો, ફેંકનારાઓને વળતો જવાબ ન સહન કરવો પડે એ માટે આશ્રયરૂપ હતા.

30. શ્રી વિનોદ શુક્લ અને ડૉ. વિષ્ણુ માવળંકરની સ્મૃતિ પ્રમાણે.

31. એક વિદ્યાર્થી તો પોલીસ તરફ ધસી ધસી જતો હતો તે જોઈ પ્રો. દાવરે કહ્યું : 'ભાઈ, શું કામ આમ કરે છે ? - એમ કરવાથી શું થશે ? - મરવા ટાણું નથી. ' 'બસ મારે મરવું જ છે, સાહેબ, મને રોકો નહિ.' – પ્રો. દાવર.

પ્રો. ઠાકર વચ્ચે આવીને આ ક્રૂર પાશવી વૃત્તિને અટકાવવા જાય છે, એમને ભાગે પણ થોડુંક ચુકવાય છે. માથામાં લાઠી વાગવાથી ખોપરી ચિરાય છે; મૂર્છિત થઈ નીચે પડે છે. માથામાંથી લોહીનાં ઝરણાં ફૂટે છે –

ગુજરાત કૉલેજના એ મેદાનમાં, આજે એ લોહીના ડાઘ નથી પણ એ માટી આ જાણે છે : એની ગોદમાં ઊનાં ઊનાં લોહી કેવી રીતે વહેતાં હતાં ! કોઈ કવિની જબાન આમ પૂછી પણ દે –

*'એક આ ડાઘો રહ્યો,*
*એને વિશે, કહો*
*કોઈને કંઈ પૂછવું છે ?'*[32]

પથ્થરમારો તો ચાલુ જ છે.

પ્રો. અનંતરાય રાવળ, જીવશાસ્ત્ર વિભાગના પ્રો. આર. એન. સુતરિયા, અંગ્રેજીના પ્રો. ધ્રુભાઈ ધ્રુવ, પ્રો. એસ. એમ. શાહ અને બીજા પ્રોફેસરો આવે છે, પોલીસનો ત્રાસ ચાલુ જ છે; પથરા પડ્યે જાય છે. પાશવી માર પડે અને પ્રોફેસરો જોયા કરે એ કેમ બને ? તેઓ બચાવવા જાય છે – વિનંતી કરે છે, આજીજી કરે છે, છતાં નથી માનતા, તો લાઠીઓ ઝીલે છે, સોટીઓ અટકાવે છે. પોતાના શરીર પર ઝીલવાનો અવકાશ તેમને સહેજમાં મળી જાય છે.

એમને માથે બીજું પણ કામ આવી પડ્યું છે. ઘાયલ થયેલાઓને સારવાર, રક્ત-ટપકતા દેહ ઉપાડવાનું પ્રાથમિક સારવાર માટેનું.

એક વિદ્યાર્થિનીને પુષ્કળ માર માર્યો છે. (તે ખાદી પહેરે છે, અને ચળવળમાં આગળ પડતી રહે છે, તેથી તો નહિ ?!) એના શરીર ઉપર લાઠીઓનો અને સોટીઓનો માર પડ્યો છે. એના ખાદીના કબજામાંથી લોહી ટપકે છે – એના વક્ષઃસ્થળ સામે જોવાતું નથી. એ છોકરીનું નામ છે કુ. સરલા મહેતા, ગુજરાત કૉલેજની વિદ્યાર્થિની, સિનિયર બી.એસસી.માં ભણે છે.[33] એની પ્રાથમિક સારવાર માટે પ્રો. સુતરિયા એમના જીવશા વિભાગમાં લઈ પાટા-પાટી કરે છે. આ વખતે એમના મદદનીશ તરીકે હાલના ગુજરાત કૉલેજના ઉપાચાર્ય ડૉ. ન્હરોણા છે. પ્રો. જે. ડી. ઓઝા છે. ડૉ. ધીરુભાઈને પણ પ્રાથમિક સારવાર માટે ત્યાં લાવવામાં આવે છે. ધીરુભાઈને શુદ્ધિ નથી. તેમના માથા પર થયેલા ઘામાંથી લોહી ફુવારાની માફક વહે જાય છે, અટકતું નથી. ઘાયલ થયેલા બીજા વિદ્યાર્થીઓને પણ ઉપાડી ઉપાડીને પાટા-પાટીની પ્રાથમિક સારવાર અપાય છે. પ્રો. સુતરિયા કહે છે કે 'આવા, નવજુવાન દિલોના ઘા મેં મારી જિંદગીમાં જોયા નથી. મારું કામ – આંસુ સાથે થતું હતું – એ દશ્યો મારાથી નહિ ભુલાય તેવાં છે.'

પથ્થરમારો ચાલુ છે.

વિનોદ કિનારીવાલા ધ્વજ સાથે પ્રવેશ કરે છે.

---

32. શ્રી હસમુખ પાઠક : 'નમેલી સાંજ', 'કોઈને કંઈ પૂછવું છે ?' (કાવ્ય), પૃ. 10

33. હાલ, શ્રીમતી સરલા વિમળભાઈ શાહ.

'You are Indian, you must favour us, at any cost' – કોઈ વિદ્યાર્થીએ હિંદી પોલીસ ઇન્સ્પેક્ટરને કહ્યું. તેનો આ ઉત્તર હતો : You sit down calmly, nothing will be done...' એ વાક્ય પૂરું કરે ત્યાં તો એક અમલદાર આવી પેલા વિદ્યાર્થી પર એની શક્તિનો પરચો બતાવી બોલ્યો, 'Shut up, rascal !'[34]

પથ્થરમારો, એ ક્ષણોમાં ઓછો થાય છે, નથી જણાતો.

દશમા રૂમમાંથી, બાજુની વૃક્ષોની ઓથમાંથી આવતા પથ્થરો, ઈંટાળાં અટકે છે – દૂરનાં આવતાં જાય છે.

કોઈ મુસલમાન પોલીસ અમલદાર છે, એમનો જ છોકરો સરઘમાં છે. એ વિદ્યાર્થી પિતાજીને કહે છે : 'બાપુજી, તમારે બહુ કડક થવું જોઈએ નહિ.' એમના જેવા અમલદારો મૂંઝાય છે.[35] પુત્ર ઉપર લાઠી ઉગામે કે રક્ષણ આપે ? વાસ્તવમાં, તો, સરકારી નોકરના દીકરાએ તો સરઘસમાં જોડાવું ન જ જોઈએ ને ? એટલી આશા તો અંગ્રેજ સરકાર રાખતી હશે ?!

પેલો ગોરો અમલદાર ધ્વજ લઈને પ્રવેશ કરતા વિદ્યાર્થી તરફ કતરાય છે, એની આંખો ચારે કોર વીફરાયેલી સિંહણની જેમ ફરે છે.

વાતાવરણ પલટાતું જાય છે. પોલીસ પણ અત્યાચારો અને જુલમ કરી થાકી ગઈ છે. લાઠીઓ લોહી-લુહાણ થઈ ગઈ છે. પોલીસોના હાથ લોહીથી ખરડાયેલા છે. સોટીઓ પર કેટલીક જગાએ તો માંસના લોચા ચોંટ્યા છે. પોલીસ એ દૂર કરે છે – એમનાં કપડાં પણ બગડે છે. વિદ્યાધામ કત્લધામ (slaughter house) બની ગયું છે સમરાંગણ બની ગયું છે. આકાશ વાદળથી – બહુ આછા, ઘેરાયેલું દૂધિયું છે. વરસાદનાં આછાં ફોરાં ક્વચિત્ પડે છે – એ નથી પડતાં એમ જ જણાય.[36] વિદ્યાર્થીઓ ત્યાંથી વીખરાતા નથી. પોલીસ એમને હટાવ્યા સિવાય હટવાની નથી. બીજી બાજુથી બહારથી પથ્થરમારો તીવ્ર સ્વરૂપ પકડે છે, પોલીસની સિસોટીઓના અવાજ વાતાવરણને ભયભીત બનાવે છે. બહાર રસ્તા પર પણ પોલીસ પથરાઈ છે. ત્યાં પણ એમનો ધીકતો ધંધો ચાલુ જ છે ! ચાર-પાંચ હજાર વિદ્યાર્થીઓના ટોળામાંથી અનેક હાથે ચડે. સાંકડું નેળિયું, ને બંને બાજુ વાડ. વાડમાં છીંડા પાડી જવાનું હોય, અડધું શરીર આ બાજુ ને અડધું પેલી બાજુ અને તેવામાં ધબાક દઈને લાઠીનો માર પડે, સોટીઓ ઝિંકાય. નાસવું કયે રસ્તે ને જવું ક્યાં ? માદલપુર અને કૉલેજના વિસ્તારમાં જ બસો-અઢીસો જેટલી પોલીસ. બહાર જવાનો કોઈ અવકાશ નહિ ને અહીં રહેવાનો કોઈ સ્વાર્થ નહિ – ગુજરાત કૉલેજમાં રહેલા કોઈ હટતા નથી, ખસતા નથી.

---

34. સંવાદો શ્રી. વિનોદ શુક્લની સ્મૃતિ પ્રમાણે.

35. પ્રો. ફિરોઝ દાવરે આપેલી માહિતીમાંથી.

36. પ્રો. દાવર પાસે છત્રી હતી. 'જો વરસાદ વધુ પડ્યો હોત તો આવું કશું ન થાત' આવું પ્રો. એસ.એમ.શાહે તે વખતે કહેલું. – પ્રો. દાવર.

આ બધું દશ્ય નિહાળે છે – ઑફિસની બાજુમાં છોકરીઓની બેઠક છે ત્યાં ઝરૂખામાં ઊભા ઊભા લાઇબ્રેરિયન, ફ્રેન્ચના પ્રો. બાલ્સે, પ્રો. ડબ્લ્યુ. એચ. ગોલે. પ્રો. જી. કે. ભટ્ટ – વગેરે. રસાયણ વિભાગના પ્રો. એન. એમ. શાહ સીડનહામ લાઇબ્રેરીનાં પગથિયાં ઉપર ઊભા છે. તેવામાં પ્રિન્સિપાલ આર. પી. પટવર્ધન લાઇબ્રેરીના મકાનની બાજુથી આવે છે. તેમણે પીળાશ પડતો સૂટ પહેર્યો છે. પેલી બાજુ સાયન્સ બિલ્ડિંગ તોડવા પ્રવૃત્તિ કરતા વિદ્યાર્થીઓને સમજાવીને આવ્યા છે. વાતાવરણમાં એકદમ ફેર પડી જાય છે, બે દિવસ ઉપર ભાવનગર કૉલેજમાં એક પ્રસંગ બની ગયો છે. પ્રિ. સહાણીની રજા વગર પોલીસ કૉલેજની હદમાં ઘૂસી ગઈ હતી. પ્રિ. સહાણીએ એમને રજા સિવાય નહિ આવવા હુકમ કર્યો, કાયદેસર એનું તો પાલન પણ થયું.[37]

પ્રિ. પટવર્ધન, આસિસ્ટન્ટ પોલીસ સુપરિન્ટેન્ડન્ટ મિ. લાબૂશાર્ડીઅરને કહે છે, તેમનો જ એક વખતનો વિદ્યાર્થી છે.[38]

"You cannot enter my college premise without my permission. Vacate my premise immediately."

લાબૂશાર્ડીઅર સરખી ઊંચાઈનો, પાતળો ગોરો અમલદાર છે.[39] લલાટ તરફ ઢળતી સાહેબ ટોપી પહેરી છે, તેના ખાખી ડ્રેસ-કોટની બાંય વાળેલી છે, તેના હાથમાં રિવૉલ્વર છે. તેનો ચહેરો ગુસ્સાથી લાલચોળ થઈ ગયો છે, આટલો વખત તેણે નિષ્ક્રિય થઈ તે જોયા કર્યું છે. સિસોટીઓથી હુકમો આપ્યા છે. હવે, તેની જ આંખમાં તણખા ઝરે છે. પ્રિ. પટવર્ધન સામે ફરી જવાબ આપે છે, – હુકમ કરે છે : If you want to save, move away. આચાર્ય, શિષ્ય સામે કોઈ દલીલ કરે તે પહેલાં તેણે રિવૉલ્વર તેમના તરફ ધરી.

પ્રિન્સિપાલ અસહાય બને છે – વિચારે છે, ત્યાં ઝરૂખામાંથી નીચે આવેલ – પાસે ઊભેલ લાઇબ્રેરિયને કહ્યું 'સાહેબ, ચાલો.'

પથ્થરમારો ચાલુ જ છે.

પોલીસો સિતમ ગુજાર્યે જાય છે.

જેવા પ્રિન્સિપાલ જાય છે, તેવામાં એક પથરો પેલા તીખા મરચા જેવા લાબૂશાર્ડીઅરની હેટ પર પડે છે,[40] તે મિજાજ ગુમાવે છે; પહેલો ફાયર હવામાં કરે છે.

રિવૉલ્વરના અવાજથી–નવું જ પ્રકરણ શરૂ થાય છે, બહારથી દૂરનો પથ્થરમારો વધે છે. આડા-અવળા ઈંટાળા ફેંકાય છે. મિશન વચ્ચે અને ગુજરાત કૉલેજ વચ્ચેના

---

37. પ્રો. મુકુંદ ભટ્ટની માહિતીને આધારે.

38. Labouchardiere, (who) was an old pupil of mine in Deccan College, Poona. – પ્રિ. પટવર્ધન (મારા પરના તા. 22-5-'60ના પત્રમાંથી)

39. ફ્રેન્ચ હતો, યુરોપિયન હતો, ઍન્ગ્લો-ઇન્ડિયન હતો – આવા મતો છે. તપાસ ચાલુ છે. પ્રિ. પટવર્ધનને પુછાવરાવ્યું છે. ઍન્ગ્લો ઇન્ડિયન, પ્રિ. પટવર્ધનનો શિષ્ય હોવાથી, શક્યતા વધારે.

40. 'મેં મારી નજરે જોયો છે, પછી જ એનો ગુસ્સો હાથ નથી રહેતો.'- પ્રો. દાવર. ગોળીબાર કરવાનું કારણ તેણે એ જ બતાવ્યું છે.

સાંકડા રસ્તા પર પણ એવો જ સિતમ ગુજારાતો આવ્યો છે, હવે ફરી તીવ્ર નાસા-નાસ થાય છે – હવે તો જીવ બચાવવાના ઉપાય રૂપે છોકરા-છોકરીઓ વાડોમાં ભરાય છે, કાં તો ગમે ત્યાં માથું મારીને છીંડું પાડવાનું. કૂદવાનું બધાં તો ના જ કરી શકે. કોઈના પહેરણ ફાટે, લેંઘા તૂટે, કોટપાટલૂન ચિરાય, જૂતાં રહી જાય – સાડીઓના છેડા વાડે લપટાય, કોઈના ફ્રૉકનાં લઘરાં થાય, નાજુક દેહને નાજુક સાડીઓ – શું આધાર આપે ? ભારતીય કન્યાઓનો વેશ જ એવો છે કે સંકટ સમયે તે સંકટમાં મૂકે. મેંદીનો રંગ, જે હાથ-પગ પર લગાડાય તે લોહીથી રંગાયા છે, હિનાની પાનીઓ ધરતી સાથે લોહી ભેળવે છે; કંકુનાં પગલાં નહિ, લોહીનાં પડે છે ! માખણ જેવી કાયા, મૂઆ કંટકો ભોંકાય અને તેમાંય પોલીસનો માર – અને હવે તો ગોળીબાર ! કોણ કોને મદદ કરે ?

સંકટ વેળાએ બધુંય અવળું પડે, સગવડની વાત પણ અગવડ ઊભી કરે, જવું ક્યાં ? લેલિન જેવા વજ્ર દિલવાળા, મુસીબતોમાં હિમાલય જેવા પ્રબળ, તેઓ પણ એક વાર થાકીને બોલી ગયેલા : 'મૂઉં આ જીવન, મૂઈ આ ક્રાંતિ.' સરઘસમાં જોડાયેલ કોઈને થયું હશે 'મૂઉં આ સરઘસ, ને મૂવું આ જોડાવું !'

* * *

વિનોદ ઝંડો લઈને પ્રવેશે છે, ત્યારની પેલા ગોરા પોલીસ અમલદારની આંખ તેના પર છે, તેણે પોલીસને ઝંડો લઈ લેવાની આજ્ઞા કરી, વિનોદ ગુંદાના ઝાડની નીચે, થડ પાસે ઊભો છે, ને પોલીસ ઝંડો ખેંચી લેવા મથે છે;[41] ખેંચતાણ થાય છે, રકઝક થાય છે : 'જાપાન જેવા સામે પાણી બતાવવાનું છે, અહીં ગોળી ચલાવ્યે શું વળવાનું ?' એના મુખમાંથી મોટેથી ઉચ્ચારાય છે, એના હૈયામાં પિતાજીના પેલા શબ્દો ગુંજ્યા કરે છે : 'કબૂતરના ટોળામાં પથરો પડતાં કબૂતરો ફુરરર ઊડી જાય તેમ પોલીસના દેખતાં સરઘસ વીખરાઈ જાય એ શોભતું નથી; લાંછન ગણાવું જોઈએ. આમાંથી દાખલો લેવાનો છે – સરઘસમાંથી ભાગવું નહિ.'

માણેકલાલ સોગાણી પાસેથી ધ્વજ લેતાં એણે શું શબ્દો ઉચ્ચાર્યા છે ?–

'વાવટાની શાન નહીં જવા દઉં, ભલે મારો પ્રાણ જાય.'

તે ડગતો નથી. તેને ચંદ્રશેખર આઝાદ યાદ આવે છે. ચાર-પાંચ દિવસ પહેલાં જ તેના મિત્ર દિનુભાઈ જોડે વાત કરેલી – જો આઝાદ જેવો પ્રસંગ આવે તો એવી હિંમત બતાવવી. એને ક્રાંતિકારીઓની વાતો યાદ આવે છે, બહાદુરીની-વીરતાની હસતે મુખે મોતને ભેટવાની હિંમતની, વીજળી ગતિથી તેના મગજમાં તો સપાટાબંધ વિચારોની દોડાદોડ થાય છે.

હવામાં અવાજ થતાં, મેદાનમાંથી કેટલાક નાસીને કૉલેજના દશમા રૂમમાં

41. વિનોદના હાથમાં ઝંડો હતો, પોલીસ એમની પાસેથી ખેંચાખેંચ કરતી હતી. પણ વિનોદભાઈએ ઝંડો મૂક્યો નહિ – તેથી પેલાએ ગોળી છોડી. આ મેં મારી સગી આંખે આ ઑફિસની પરસાળમાં ઊભા રહીને જોયું છે, ને કંઈક જોરથી બોલતા હતા. – ભલાજી ઠાકોર. (1926 થી જૂના પટાવાળા.)

ભરાયા, કેટલાકે મેંદીની વાડની ઓથ લીધી. ડૂબતો તરણું પકડે ! કેટલાકે છીંડામાંથી માથાં ઘાલી રસ્તામાં જવા પ્રવૃત્તિ આદરી. બાકીના સૂઈ ગયા. ચત્તા થઈ ગયા. વાતાવરણ એકદમ ગંભીર બનતું જાય છે.

વિનોદ ઝંડા સાથે ઊભો છે, ડગતો નથી હટતો નથી. સૂત્રો પોકાર્યે જાય છે. પડેલા મારની પરવા કરતો નથી.

વિનોદને માટે કસોટીનો પ્રશ્ન[42] ઊભો થયો : 'શું ઝંડો મૂકીને ભાગવું કે એની શાન ખાતર મરવું ? ઝંડો મૂકીને ભાગવું ?' કેવો ધૂર્ત વિચાર ! મન કેટલું પોચું છે – મીણ જેવું ! જરાક ગરમી મળતાં ઊકળી જાય. ભાગવું ?... ના. ઝંડો –એ તો "तू मान है हमारा, तू शान है हमारी."[43] એવું ગણનાર કેમ ઝંડો મૂકી દે ? કેમ શાન જવા દે ? કેમ માન ખૂએ ? એ તો, ઝંડો ઊંચે વ્યોમ મુક્ત ગગનનાં ગાન ગાય એ જ ઇચ્છે છે, એ જ પ્રિય છે. તો, હવામાં ફરકતો કેમ ન કરે ? એને યાદ આવે છે ભગતસિંહ, એને યાદ આવે છે ચંદ્રશેખર આઝાદ, એને યાદ આવે છે અનેક શહીદોના કલ્પિત દેહો, એને યાદ આવે છે એ પરાક્રમો, એ બહાદુરી, એ વીરતા. એને યાદ આવે છે એના પિતાએ ઘેરથી નીકળતાં આપેલી શીખ આપેલી સાચી સમજણ. એને મદદે આવે છે સોગાણીને આપેલું વચન. જો ભાગીશ તો કલંક ગણાશે. મને, પિતાજી કાયર ગણશે. જેની પાસેથી ઝંડો લીધો છે તે શું માનશે ? મોત તો એક વાર આવવાનું છે, તો વીરના મોતે કેમ ન મરવું ? વીર તો મૃત્યુને હસતે ચહેરે આલિંગે, તો શિથિલતા શાની ? અને....એનો નિશ્ચય પથ્થર સમો બને છે. માને ખાતર મરવાનો લહાવો પણ ઘણા ઓછાને હોય છે. એ મૃત્યુને જરા પણ વિનંતી નથી કરતો કે रुक जा,[44] એણે અણગમોયે ના બતાવ્યો. એને મન, એણે ઘણી વાર વિચાર્યું છે કે જો જિંદગીમાં કોઈ અપેક્ષિત અને નિશ્ચલ, સ્થિર બનાવ – જે કોઈનાથી પણ ન ટાળી શકાય તેવો –– હોય તો તે મૃત્યુ. સત્વરે આવે કે મોડું આવે – પણ એને આવકાર તો દેવાનો જ – કોઈ પણ ભોગે, કોઈ પણ કાળે, કોઈ પણ સ્થળે, મનેય કમને – તો શું કામ ઘેર પધારતા પરોણાનું સ્વાગત સ્મિતથી

---

42 . અહીં, "Psychological imagination" કહીએ છીએ તેનો ઉચિત મર્યાદામાં ઉપયોગ કરાયો છે.

43. 'આઝાદ હિંદ ફોજ'ના રાષ્ટ્રીય ગીતમાંથી.

44. મૃત્યુને પ્રાર્થના -

પળવાર જ મોત ! તું થોભ્ય ભલા !
મરવું મુજને હજીજાના ગમતું;
ખીજાલવી બજાધી આશ હજી ન લણી.
નિરખું તુજ ચકાર શિરે ભમતું
સુખકોશ હજી ભરિયા ન પૂજારા;
હજી જ્ઞાન બધાં મુજ છે અધૂજારાં.

– નરસિંહરાવ દિવેટિયા, 'નૂપુર ઝંકાર'માંથી.

ના કરવું ? પ્રેયસીના રૂપમાં – ગુલાબના સ્વરૂપમાં આવે તો જ આશ્લેષમાં લેવું એવું નથી; છોને કોઈ દુશ્મનના સ્વરૂપે – કંટક કે અહિના, એનેય પણ ગાઢ આલિંગન કરવું. એણે વિચાર્યું છે :

"જોજો ઓ કિરતાર, હવે તો જોજો ચૌદેય લોક.

છિપાવું એની લોહી પિપાસા, આપું ભીષણ ભોગ !"[45]

એના મનની મૂંઝવણ મટી ગઈ. એનું વદન પ્રફુલ્લિત થાય છે. એક ડગ આગળ માંડે છે.

જુલમગારની આંખ લાલ થતી જાય છે. એનાથી હવામાં પ્રતિકાર કરી રહેલ ઝંડો જોઈ શક્તો નથી. 'યુનિયન જૅક'ને નમન કરનાર, છે ત્રિરંગી ઝંડાનો વિઘાતક ! એની સામી છાતીએ – વિનોદના "सर पर तिरंगी झंडा जलवा दिखा रहा है ।"[46] વિનોદના નિશ્ચયને કોઈ ડગાવી શકે તેમ નથી, મૃત્યુથી નહિ ડરનારાનો નિશ્ચય ઈશ્વરે પણ ડગાવ્યો છે ? 'બે મિનિટ માંડ વધુ નહિ વીતી હોય અને વિદ્યાર્થીની છાતી જુલમગાર માટે વિદ્યાર્થીને જ હાથે ખુલ્લી થઈ. માનવતા જે રહીસહી બાકી હતી – જુલમગારના દિલમાં, તે પેલા વિદ્યાર્થીના મહાન મૃત્યુ કાજે વિદાય થઈ ગઈ.'[47]

વિનોદના મુખમાંથી છેલ્લું સૂત્ર પોકારાય છે.

પહેલો અવાજ હવામાં કર્યો, તરત જ પેલા ગોરા અમલદારે ઝંડાધારી યુવાન, વિનોદ પર ખુલ્લી થયેલી છાતી પર ગોળી છોડી. પેલા સૂત્રનો પડઘો ઝિલાય છે : રિવૉલ્વરની ગોળીથી – અવાજથી.

* * *

એકનું વીર કૃત્ય અને બીજાનું નીચ કૃત્ય નિહાળી એકને અંજલિ અને બીજા માટે પશ્ચાત્તાપ 'હજુ માનવજાત લોહીતરસી જ રહી !' એ પર શોક કરતું કવિકલ્પનાનું

'કુદરતમહીં ક્યાંક છુપાયલું ઝાકળબિંદુ ધીમે સર્યું !'[48]

---

45. 'માતાનો બેટો' – કાવ્ય, સ્નેહરશ્મિ – 'પનઘટ', પૃ. 80

46. 'આઝાદ હિંદ ફોજ'ના રાષ્ટ્રીય ગીતમાંથી.

47. 'દિન ખૂન કે હમારે યારોં ન ભૂલ જાના' શ્રી પ્રબોધ જોશીનો લેખ. 'સંદેશ', તા. 10-8-'47, પાનું 4થું.

48. શ્રી બિપિન સાંગણકર : 'વીર વિનોદ કિનારીવાલાને' (કાવ્ય), 'વિકાસ' માર્ચ-'60, પૃ. 16

## 3

# (ઉત્તરાર્ધ) **સ્મશાન**

ગુજરાત કૉલેજની સમરાંગણ બની ચૂકેલી મેદાનભૂમિ પર એક કલાકમાં તો સ્મશાનવત્ શાંતિ પથરાઈ જાય છે, ત્યાં કોઈ મળતું નથી – સિવાય બે-ચાર પોલીસો અને પેલો અમલદાર. એનો ચહેરો ગંભીર થઈ ગયો છે. એ કોઈ ઊંડા ચિંતનમાં દેખાય છે. લોહીનાં ખાબોચિયાં, ડાઘા અહીં-તહીં પડેલાં દેખાય છે. ફરતા પોલીસોના બૂટ એમાં ખરડાય છે, કોઈ વાર તો એમાં પગ મૂકતાં છાંટા ઊડે છે; પહેરેલ કપડાં પર પડે છે – એ એમનાથી અજાણ્યું નથી.

* * *

થોડી મિનિટોમાં તો શુંનું શું થઈ ગયું ? પહેલો અવાજ (fire) હવામાં થયો અને બીજો વિનોદની છાતી પર,[49] વિનોદ ઢળી પડે છે. પછી તો ઉપરાઉપરી ગોળીઓ છૂટે છે. ગુજરાત કૉલેજમાં ન ભૂતો ન ભવિષ્યતિ પ્રસંગ બની જાય છે. એનાં નિશાન - સ્થૂળ રૂપે એ દરવાજાની ભીંતો પર અને વિનોદ સિવાય ઘવાયેલા બીજા વિદ્યાર્થીઓ, જેવા કે પ્રો. પશાભાઈ પટેલના શરીરમાં હજીય ગોળી છે.[50]

49. છાતીથી સહેજ નીચેના ભાગમાં, છેલ્લી પાંસળીમાં : જોનારાઓનો અભિપ્રાય.

50. ગોળીબારમાં ઘણા વિદ્યાર્થીઓ ઘાયલ થયેલા. કોઈ ચોક્કસ આંકડા મળતા નથી. સાત-આઠ જણ ઘવાયેલા. કેટલાક મૃત્યુના મુખમાંથી બચેલા. શ્રી વીરબાળા સતિયાને ગોળી વાગેલી, છતાં પુષ્કળ દોડેલાં. મેંદીના છોડની ઓથે બેઠેલા બીજા વર્ષ વિજ્ઞાનના વિદ્યાર્થી શ્રી પશાભાઈ પટેલને (ભવન્સ કૉલેજમાં પ્રોફેસર, આજે નિવૃત્ત) ગોળી વાગેલી. બે વાર ઑપરેશન કર્યું; છતાં ગોળી નીકળી નહિ. શ્રી રમણલાલ અંબાલાલ પટેલને સાથળમાં ગોળી વાગેલી. બીજા વર્ષ વિજ્ઞાનના વિદ્યાર્થીઓ ખાસ

ઘાયલ થયેલાઓને હૉસ્ટેલમાં લઈ જવામાં આવ્યા. હૉસ્ટેલમાં, બીજા વિદ્યાર્થીઓ પણ ભરાયા – રક્ષણ અર્થે, ત્યાં જઈને પણ પોલીસે સિતમ ગુજાર્યો. એક રૂમમાં લગભગ 40-50 વિદ્યાર્થીઓ ભરાયા છે. પોલીસ આવીને ધમકી આપે છે : 'ખોલો.' પણ કોણ ખોલે ? 'ગોળી વાગેલા એક જણને તમે સંતાડ્યો છે.' કોઈ ખોલતું નથી. જ્યારે બંદૂકની નાળ બારણાની જાળી (લાકડાની જાળી છે) વીંધી અંદર દેખાય છે ત્યારે ખોલે છે. પછી તો પોલીસના દંડા અને વિદ્યાર્થીઓનાં શરીર ! નાદિરશાહના સૈનિકો દિલ્હીમાં જેમ ઘેર ઘેર ફરી વળે છે તેમ હૉસ્ટેલની રૂમે રૂમે પોલીસ ફરી વળે છે. ભરાયલા, સંતાયલા અને હૉસ્ટેલના વિદ્યાર્થીઓને સૌને માર્યા; જેમ કોઈ ખેડૂત વાડાબંધી ખેતરમાં પાડાને આંતરી મારે, પીટે, ઝૂડે. રૂમમાં સામનો કરવાનો અવકાશ જ ક્યાં હતો ? નાસવાનો અવકાશ આપે તો પણ પોલીસોનાં મોંમાં ગોળ !

વિદ્યાર્થીઓ તો હૉસ્ટેલમાં ભરાય, પણ આ બહેનો ? પોલીસના અત્યાચારથી બચવા કેટલીક બહેનો પાણીની ઓરડીમાં ભરાઈ જાય છે. પોલીસ આવી પહોંચે તે પહેલાં નોકર ઓરડીને તાળું મારીને નાસી જાય છે. બીજી કેટલીક બહેનો કૉલેજના રૂમોમાં ભરાઈ છે.

ઍમ્બુલન્સ કાર આવી અને ઘાયલ થયેલાઓને ઉપાડી જવા લાગી. સિવિલ હૉસ્પિટલમાં – ઘીકાંટા, તિલક રોડ – ભરતી થવા માંડી. બીજી બાજુ વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો ઘાયલ થયેલાઓને ઊંચકી ઊંચકી નજદીકની વાડીલાલ સારાભાઈ હૉસ્પિ-ટલમાં લઈ જવા લાગ્યા, પણ છાનામાના.

2

જેવો વિનોદ ઢળે છે, – પાસે બેઠેલી કેટલીક બહેનો ત્યાં દોડી આવે છે. તેમાં શારદાબહેન શાહ, કલાવતી શાહ વગેરે છે. શારદાબહેન વિનોદને અને તેના નાના ભાઈ ભરતને નામથી ઓળખે; અને જોયાથી પણ. વિનોદ સાથે કશો લાંબો પરિચય નહિ. એ સમયે યુવાનો સાથે કોઈ પણ યુવતી આજના જેવી છૂટથી ભળી શકતી નહિ. વિનોદનો દેહ પડતો જોઈ શારદાબહેન અને બીજી યુવતીઓ દેહને પડતો બચાવવા પ્રયત્ન કરે છે; તેઓ આવી પહોંચે તે પહેલાં ધરતી માતાના, ભારત માતાના ખોળામાં દેહ પડી જાય છે !

પોલીસ આવી તેના હાથમાંથી ઝંડો ઝૂંટવી લે છે.[51] વિનોદ ધરાશયી થઈ જાય છે.

---

ઘવાયા છે. હૉસ્પિટલમાં જઈ, શ્રી પ્રભુદાસ પટવારી, શ્રી રમેશ દેસાઈ (મુંબઈ), તે વખતના રસાયણ-ના પ્રોફેસર એન.એમ.શાહે રિપોર્ટ નોંધ્યા છે એમ જાણેલું.

51. શ્રી માણેકલાલ સોગાણીની માહિતીના આધારે. સાંભળેલું કે, એ ને એ જ વેળાએ લાઠી ઝીંકે છે. પણ કોઈએ આ જોયું હોય તેવું જાણવા મળતું નથી.

*માના લાડકવાયાના–*
*ભાલે એને બચીઓ ભરતી લટો સુંવાળી સૂતી,*
*સનમુખ ઝીલ્યા ઘાવો મહીંથી ટપટપ છાતી ચૂતી.*
*...... લાડકવાયાની*
*આંખડી અમૃત નીતરતી.*[52]

શારદાબહેન, કલાબહેન વગેરે વિનોદને ભાનમાં લાવવા પ્રયત્ન કરે છે. પૂછે છે : 'પાણી પીશો ??' પણ, પાણી લાવવું ક્યાંથી ? જો 'હા' કહે તો કોઈ દોડતું, પાણીની ઓરડીમાંથી લઈ આવે, પણ આયે જોખમ ! વિનોદ 'હા' કહે તો કેવું ધર્મસંકટ ઊભું થાય ![53]

પણ વિનોદને શુદ્ધિ આવી નહિ.

પછી તો –

*.... એ લાડકવાયાના લોચનલોલ બિડાયાં,*
*આખરની સ્મૃતિનાં બે આંસુ કપોલ પર ઠહરાયાં.*
*આતમ દીપક ઓલાયા*
*ઓષ્ઠનાં ગુલાબ કરમાયાં.*

વિનોદના દેહને અંતિમ સારવાર, અંતિમ હૂંફ મળે છે – અજાણી યુવતીઓથી. શું કામ અજાણ...? ભારતમાતાની જ પુત્રીઓ હતી ને ! ભગિની વનલીલા, ભગિનીસુતા પ્રિયબાળા, કે એનું શિર ખોળામાં લેવા જનેતા હીરાલક્ષ્મી; કોઈ આવ્યું નથી. વિનોદની એમાંથી કોઈએ ખબરે નથી પુછાવી ? – એ સૌને મળ્યા વગર જાય છે ! 'સરખો એ પ્રેમનો પ્રવાહ'[54] એવું મનાય છે માતાના પ્રેમ વિશે – બધાં સંતાન માટે. પણ એ અંશતઃ સાચું છે. માને અમુક દીકરા-દીકરી માટે વધારે વહાલ હોય એમ બને પણ ખરું. વિશાળ અને કાલ્પનિક અર્થમાં લઈએ ગૉડસે અને ગાંધી, બંને એક જ માતાના પુત્રો, શું ભારતમાતાની ચાહના બંને માટે સરખી હશે ? કહેવાનું તાત્પર્ય એ હતું કે વિનોદે માનું હૈયું કંઈક વિશેષ જીતેલું; એ જ માની અત્યારે હૂંફ ના મળી કે ના ઘેરથી વિદાય વેળાએ દૃષ્ટિ મળી. ધાવણ ધવરાવનાર માતાની અવેજીમાં પોષણનાં તત્વો દેનાર, ભાવનાની ભારતમાતાની ધરતીની ગોદમાં વિનોદનું શીર્ષ લેવાયું.

રિવૉલ્વરના ધણાધણ અવાજ ઉપરાઉપરી ચાલુ જ છે.

જોયું તો ખરું – વિનોદની આંખો ફાટી જાય છે, એનું હૈયું ભરાઈ આવે છે; ડૂમો બંધાય છે; એનાથી બોલી શકતું નથી; દેહ અચેતન થઈ જાય છે. અત્યારે એનો આત્મા

52. 'કોઈનો લાડકવાયો' ઝવેરચંદ મેઘાણીકૃત, Mr. Locasteના કાવ્ય 'Somebody's Darling'નો અનુવાદ ('યુગવંદના', આ. 1 લી, પૃ. 128)

53. શ્રી શારદાબહેન શાહ : 'ગઈ કાલે બન્યું હોય એમ યાદ છે.'

54 . બોટાદકર

પંચમહાભૂતોમાં વહેંચાઈ ગયો છે. પરંતુ તે જોવા-જાણવાનો વખત જ ક્યાં છે ? શારદાબહેન, કલાબહેન, વગેરે વિનોદના દેહને ઊંચકીને કૉલેજમાં લઈ જવા પ્રયત્ન કરે છે. કોઈ હાથ પકડે છે, કોઈ માથું, તો કોઈ પગ – ખરેખર, આ કૉલેજ-કન્યાઓ પણ અજબ હિંમત કરે છે ને ! પણ, આ 'સમરસેવિકાઓને' પોલીસ તેમ કરતાં અટકાવે છે. રોકે છે – બળજબરીથી.

થોડી વારમાં વિનોદનું શબ કૉલેજના રૂમમાં લાવવામાં આવે છે.[55] વિષ્ણુ ગાદીકર અને તેના સાથીદારો આ સાહસ કરે છે – વિનોદમાં પ્રાણ છે કે નહિ તેની પરવા કર્યા વગર, પાટલી પર સુવાડે છે. એને ક્યાં ગોળી વાગી છે, એના દેહના ધબકાર ચાલુ છે કે નહિ તે જોવા જાય તે પહેલાં પોલીસ આવે છે. વિનોદના દેહને લાવનારને મારે છે, પીટે છે ને નાસવાનું કહે છે. એમની સામે રિવૉલ્વર તાકે છે, પેલા ઓરડો છોડી ભાગે છે.[56]

વિનોદનું શબ મૂળ સ્થાને આવ્યું છે. એનો દેહ ચૂંથાઈ ગયેલો લાગે છે. અંગો પર ધૂળ પડી છે, લોહીવાળાં થયેલાં કપડાંમાં માટી ચોંટી ગઈ છે. એનું લોહી વહેતું બંધ થયું લાગે છે. પ્રજા જાણે નહિ, પ્રજા તોફાન ન કરે માટે ઘોર અંધારી રાતે, છાનામાના, રાવી નદીને કિનારે ભગતસિંહ અને તેના સાથીદારોને ફાંસી અપાઈ. તેમનાં શબ જલદી બળી જાય માટે ઘાસતેલ છંટાયું તોય અર્ધજળ્યાં શબ રઝળ્યાં, ગીધે ચૂંથ્યાં. અહીં, વિનોદના શબની કેવી દશા થઈ રહી છે ! એ તો એકલો, અટૂલો પડ્યો છે. અવાર-નવાર પોલીસની નજર ત્યાં જાય છે – રખે કોઈ ઉપાડી જાય !

રિવૉલ્વરના ધનાધન અવાજ ચાલુ જ છે. એ સ્થળ પર ભય-કરતાનું વાતાવરણ, હવે તો એનું એવરેસ્ટ પણ વટાવી જાય છે. ક્યારનોય વિચાર કરતા આ નંદલાલ જોશી વિનોદના શબને ઉપાડી વાડના છીંડામાંથી નીકળવા પ્રયત્ન કરે છે. પણ પોલીસનો સિતમ વિનોદનું શબ લેવા દેતો નથી.[57]

અતિશય મારથી બેશુદ્ધ થયેલા, સી. એન. વિદ્યાલયના શિક્ષક માણેકલાલ સોગાણી ભાન આવતાં શિષ્યના ભાઈ વિનોદ પાસે આવે છે. વિનોદનું મોં સાફ કરી રૂમાલ ઢાંકી દે છે – ત્યાં તો પોલીસના મારની ઝડી ![58]

3

વિનોદના પિતા ફૅક્ટરીમાં કામે જવા માટે ગુજરાત કૉલેજના બસ સ્ટૅન્ડ પાસે ઊભા છે. કૉલેજમાં સરઘસ વીખરાઈ ગયું અને તોફાન થયું છે એવા સમાચાર કોઈ તેમને આપે છે. 'કોઈના ઉપર ગોળીબાર તો નથી થયો ને ?' સહજ પુછાઈ જાય છે. 'હા, અમારી કૉલેજના વિદ્યાર્થી વિનોદ કિનારીવાલા પર ગોળી છૂટી છે, તે ઘવાયો છે.'

55. F. Y. Artsનો પ્રવચન-ઓરડો.

56. શ્રી વિષ્ણુ ગાદીકરની માહિતીના આધારે.

57. સ્વ. નંદલાલ જોશી (મહિના બાદ બૉમ્બ બનાવટમાં બૉમ્બ ફૂટતાં, દાઝી જતાં મૃત્યુ પામેલ) ના મિત્ર શ્રી વિનોદ શુક્લની માહિતીના આધારે.

58. શ્રી માણેકલાલ સોગાણીની માહિતીના આધારે.

જમનાદાસને એકદમ અમંગળ શ્રદ્ધા આવી જાય છે. મનમાં ને મનમાં નિર્ણય બંધાઈ જાય છે : 'વિનોદનું, મારા પ્યારા બેટાનું મુખ જોવા નહિ પામું !' મન છે પોચા રૂ જેવું, જરા પણ – પ્રસંગ આવે, પવનથી રૂ આમ-તેમ ખેંચાય, તેમ મન પણ અસ્થિર થાય. તેઓ કૉલેજ તરફ જાય છે. એક ઓળખીતો વિદ્યાર્થી મળે છે. એ સમાચાર આપે છે કે વિનોદ અહીં નથી, એને કોઈક દવાખાને જ લઈ ગયું છે.

જમનાદાસના પગ નજીકની હૉસ્પિટલ વાડીલાલ સારાભાઈ તરફ ઊપડે છે.

* * *

હજી પ્રિયબાળા રસોડાના કામમાંથી નવરાં નથી થયાં. મામાએ (વિનોદે) સરઘસ જોવા આવવાનો આગ્રહ કર્યો છે, તેથી ઉતાવળ કરે છે. એવામાં ઘરમાંથી હીરાલક્ષ્મીએ કહ્યું : 'પ્રિયબાળા, ગુજરાત કૉલેજમાં સરઘસ પર ગોળીબાર થયો છે, ફોન આવ્યો છે - જરા, તપાસ કર ને, વિનોદ ક્યાં છે ?'

જ્યોતિસંઘમાં ચિત્રનું કામ શીખવા જતાં વનલીલા, વિનોદનાં બહેન, એમને આ બનાવની જાણ થાય છે; વિનોદને શોધે છે. એવામાં પ્રિયબાળા મળે છે. માશી અને ભાણી : બે યુવતીઓ શ્વાસભરી આવે છે – ગુજરાત કૉલેજના ઝાંપા સુધી. તેમને કોઈ મળતું નથી. કોઈ હોટલ પણ ચાલુ નથી.[59] કોને પૂછે ? મુખ્ય દરવાજા ભણી, ફરી જાય છે. ત્યાં અચાનક ગોરધનભાઈ પટેલ, વિનોદના મિત્ર મળી જાય છે. પ્રિયબાળા-વનલીલા પૂછે છે : 'વિનોદ ક્યાં છે ?'

'હું જ વિનોદની શોધમાં છું – વિનોદને ગોળી વાગી છે.' 'મામાને ગોળી વાગી છે !' પ્રિયબાળાથી પુછાઈ જાય છે. 'ભાઈ !' એવો ઉદગાર, વનલીલાથી નીકળી જાય છે. 'વિનોદ અહીં નથી તો બે વિકલ્પ છે.' પ્રિયબાળા કહે છે : 'ઍમ્બુલન્સ કારમાં, રેડ ક્રોસવાળા લઈ ગયા હોય તો સિવિલમાં હોય. જો વિદ્યાર્થીઓ લઈ ગયા હોય તો વાડીલાલ હૉસ્પિટલમાં હોય – બંને જગાએ તપાસ કરવાનું રહ્યું.' પ્રિયબાળા ગોરધનભાઈને મોકલે છે સિવિલ હૉસ્પિટલ – ઘીકાંટા; તેઓ અને વનલીલા જાય છે વાડીલાલ હૉસ્પિટલ તરફ.

## 4

ચિનુભાઈ પટવા, આપણા 'ફિલસૂફ.'[60] તે વખતે પ્રીતમનગર વ્યાયામ મંડળના મંત્રી, ત્યારે તેમના મોટા ભાઈની મોટર લઈને, પ્રીતમનગરના એટલા વિસ્તારમાં ફરે છે. ગોળીબારના સમાચાર જાણતાં તેઓ અહીં આવી પહોંચે છે. તેમની મોટર ખુલ્લી છે. સાથે, અખાડાના બે-ત્રણ છોકરાઓ પણ લે છે. જ્યારે કૉલેજમાં આવે છે ત્યારે બધું બાળી ગયેલ આગ પછી ઠરી ગયેલ રાખ જેવું, ઓળા પાડતું વાતાવરણ. પટવા શરૂમાં તો અંદર આવવાની હિંમત કરતા નથી – પણ આવે છે. 'હિંમતે મર્દા તો મદદે ખુદા.'

---

59. 'મારી હોટલ બંધ કરવા પોલીસે સૂચવેલું' ગોટેરાવજી; માલિક, કૉલેજિયન રેસ્ટોરાં.
60. દર શનિવારે ગુજરાત સમાચારમાં 'પાન-સોપારી' વિભાગ આપનાર.

પેલા શાંત ચિત્તે, ગંભીર-મુખમુદ્રાએ ઊભેલા અમલદારને કહે છે – વિનોદના દેહ તરફ ઇશારો કરી : 'May I take him... ?' જોતાં જ લાગે કે વિનોદ મરી ગયો છે. છતાં, આશાને ક્યાંય થોભ હોય ? જીવતો પણ હોઈ શકે; મન એવું અધીરું, અવિશ્વાસી હોય છે. પેલો અમલદાર કશી પણ રકઝક કર્યા વગર સંમતિ આપે છે.[61] પટવા કહે છે કે 'મેં અને મારા સાથીઓએ શબને મારી ખુલ્લી મોટરમાં લાવીને મૂક્યું. વિનોદના શબને ઉપાડી જતો હતો તોય મારા મનને મનાવતો હતો કે તેમાં જીવ છે જ. તેથી જિંદગીમાં નહિ મૂકી હોય એવી ગતિમાં મેં મારી મોટર વાડીલાલ હૉસ્પિટલ તરફ વાળી.'

અહીં, બીજી બાજુ શબ પાછું મેળવવા પોલીસવાનો છૂટે છે. પટવાની મોટરનો માર્ગ પકડે છે.

મુખ્ય દાક્તર મોતીભાઈ પટેલ, ડૉ. જે. ટી. ભટ્ટ, ડૉ. શર્મા વગેરેએ વિનોદના દેહને જોયો, એમણે અભિપ્રાય આપ્યો કે દેહ ઠરી ગયો છે, દેહવિલય થયો છે. હવે અહીં રાખવાનું કોઈ પ્રયોજન નથી. કાયદેસર વિધિ પ્રમાણે 'પોસ્ટમૉર્ટમ' થાય અને શબ ચૂંથાય એના કરતાં સ્મશાન ભેગું કરી- દેવું જોઈએ.

એક બાજુ જમનાદાસ, વિનોદના પિતા ઊભા છે. બીજી બાજુ દાક્તરો, પટવા અને તેમના સાથીદારો. વિનોદની સ્ટ્રેચર ઉપર જમનાદાસની આંખમાંથી બે આંસુ સર્યાં – કોઈ ન જુએ એ રીતે જમનાદાસ લૂછી નાખે છે !

હવે કશો વિચાર કરવાનો છે જ નહિ. હૉસ્પિટલની સ્ટ્રેચરને એ જ સ્થિતિમાં ખુલ્લી મૂકીને, પાસે દવાખાનાની એક આયા બેસાડીને આશ્રમ રોડ પર મોટર મારી મૂકી – ત્યાં, દવાખાને હાજર રહેલ, મ્યુનિસિપાલિટીના પ્રમુખ મણિભાઈ ચતુરભાઈ શાહને પૂછીને.

વિનોદ આવે છે એની રાહ જોતાં તેની બા હીરાલક્ષ્મી ઓટલા પર બેઠાં છે. સવારે

---

61. અમુક વ્યક્તિઓએ પ્રશ્ન કરેલો, વિચારવા જેવું પણ છે – શ્રી ચિનુભાઈ પટવાને શબ કેમ લેવા દીધું હશે ? જુઓ – શ્રી શારદાબહેન અને બીજી યુવતીઓ, શ્રી વિષ્ણુ ગાદીકર અને તેમના સાથીઓ, સ્વ. નંદલાલ જોશી, શ્રી માણેકલાલ સોગાણી – વગેરે નિષ્ફળ નીવડે છે. પરંતુ શ્રી પટવા શબ લાવ્યા એ હકીકત છે. એમના સિવાય એ ભૂમિ પરથી શબ લઈ જનારનો ઉલ્લેખ કોઈની પાસેથી મળતો નથી. બીજો વિકલ્પ–જો શબને પોલીસે સ્વાધીન કર્યું હોત તો કાયદેસર સિવિલ હૉસ્પિટલમાં જ લઈ જવું પડે; અને 'પોસ્ટમૉર્ટમ'ની વિધિ પત્યા બાદ જ સગાંને સોંપાય કે ન સોંપવાનો નિર્ણય થાય, કારણ કે આ કુદરતી મોત નથી. શ્રી પટવાને શબ લઈ જવાની સંમતિ આપે છે તેનાં આ કારણો હોઈ શકે : આ આખો પ્રસંગ જોયાથી, અમલદારનું ચિત્ત વ્યથા પામ્યું હોય; વળી, કદાચ આ જીવતો હોય અને દવાખાને જાય તે હિતાવહ છે એમ માની કરેલી ભૂલ સુધારી લેવા લાગણીવશ થયો હોય એમ કલ્પી શકાય – ગમે તે હો. તો પછી શબની શોધમાં પોલીસવાનો દોડાવવાની જરૂર ? દેશી પોલીસો જાણતા હતા કે વિનોદ મરી ગયો છે. એમની પાસેથી વાત જાણી હોય, તેથી પોતે ગફલત કરી એમ માની ભૂલ સુધારવા યા તો કોઈ વડા અમલદારે તાબડતોબ પાછું મેળવવાનું કહ્યું હોય. – તેનાં બે કારણો હોઈ શકે : (1) શબની 'પોસ્ટમૉર્ટમ' વિધિ પતાવી કાયદાની ભૂલમાંથી પોલીસને ઉગારવી; (2) શબ જનતાના હાથમાં જાય તો તે વખતની પ્રણાલિકા મુજબ જનતા શહીદનું સરઘસ કાઢે અને આ રીતે લડતને વેગ મળે એવી ધારણા હોય.

વિનોદ ઉતાવળમાં જમીને ગયો હતો. એથી પૂજા-પાઠ કરીને વિનોદ આવે એટલે સાથે જમીએ એ વિચાર છે. પ્રિયબાળા ક્યારનાંય ગયાં છે પણ કશા સમાચાર નથી. શું થયું હશે એની ચિંતા સેવતાં બેઠાં છે; ત્યાં તો પટવાની મોટર આવીને ઊભી...

જમનાદાસ ઊતર્યા, પટવા ઊતર્યા, દવાખાનાની આયા ઊતરી; ઘરની નોકરબાઈ અનુબાને બોલાવીને કહ્યું : 'પથારી કરો, વિનોદને ગોળી વાગી છે.' જમનાદાસ કહે છે : 'પથારીની જરૂર નથી.' હીરાલક્ષ્મી તો મૂંગાં મૂંગાં સાંભળે છે. નથી હાલતાં કે ચાલતાં ! તેમ જ આ વાત માનતાં પણ નથી. યુદ્ધમાં હણાયેલા તે સ્ત્રીના પતિને ઘેર લાવતાં તે સ્ત્રી કાચના પૂતળા જેવી બની જાય છે. તેનો ભાવ – પતિ ઠેકાણે પુત્ર – બદલીને ટેનિસનના કાવ્યને યાદ કરી શકાય :

*Home they brought her warrior dead*
*She nor swoon'd nor uttered cry*
*All her maidens watching, said :*
*'She must weep, or she will die.'*[62]

હીરાલક્ષ્મીએ રડવું જોઈએ. વિનોદને ગોળી વાગી છે, વિનોદ શહીદ થયો છે; વિનોદ એમનો દીકરો રહ્યો નથી એ વાત કેમ જ મનાય ? બે-ત્રણ કલાક પહેલાં તો હરતો-ફરતો દીકરો કૉલેજ ગયો છે, અને એ મરી જાય ? કેવી કારણ વગરની વાત ! – વિનોદ નથી મરી ગયો, એ એમનો દૃઢ વિશ્વાસ છે. જમનાદાસ કહે છે, 'હવે બેસી શું રહ્યાં છો ? દીકરો ગયો, આપણો...' એમનું વાક્ય અધૂરું રહી જાય છે, ગળામાં ડૂમો ભરાઈ જાય છે...ને તેવી જ હીરાલક્ષ્મીથી પોક મુકાઈ જાય છે !

કલ્પનાની મા ભારતીને પણ આજ રડવાનો જ વારો હતો ને ! કારણ એના દૂધમલ દીકરા હણાય છે, તોય ગુલામીની જંજીર તૂટતી નથી !

વીરો પેદા કરનાર મા તે રડે ખરી ? કાયર કે બહાદુર ગમે તેવા પુત્રો પેદા કરનાર, પણ મા તે મા – એનું હૈયું વલોપાત ન કરે ?

दुःखेष्वनुद्विग्नमना सुखेषु विगतस्पृहः[63] જેવા જમનાદાસ લાગે, એકદમ લાગણીમાં તણાય નહિ, તે બુદ્ધિની વાતને કસોટી પર મૂક્યા વગર ન ચાલે, આજે એ ધર્મસંકટમાં છે. એમનો વિનોદ ગયો છે. હીરાલક્ષ્મીનો વિનોદેય ગયો છે, કોણ કોને આશ્વાસન આપે ? જમનાદાસ ધૈર્ય ધારણ કરે છે ને હૈયું કઠણ કરે છે. પણ હીરાલક્ષ્મીને આશ્વાસન આપવા જેવો વખત ક્યાં છે ? ને એમને વિલાપ કરવાની વેળા પણ ક્યાં છે ? – હમણાં પોલીસ આવી પહોંચશે – એવો સૌનો અભિપ્રાય છે.

જો એ ટાણે તમે નીકળ્યા હો તો એકે-એક જતો-આવતો વિદ્યાર્થી તમને પૂછતો જ હોત – 'મિસ્ટર, આટલામાં જ કિનારીવાલા કુટુંબ રહે છે, તમે જાણો છો ?' જ્યારે

62. 'The Princess' જુઓ : The Poetical Works of Tennyson, પૃ. 319

63. 'દુઃખમાં શોક ન કરનાર, સુખમાં નિર્લેપ રહેનાર', ગીતા, અ. 2, શ્લોક 56.

જિજ્ઞાસાનો અતિરેક થાય છે ત્યારે પાત્ર-અપાત્ર, જાણકાર - ન જાણકાર કશું જોયું જોવાતું નથી. બસ, પૂછી જ લેવાય છે – જવાબ મળે કે ના મળે ![64] દશવીસ મિનિટમાં તો કિનારીવાલાનું ઘર શોધતા વિદ્યાર્થીઓનું ટોળું આવી જાય છે. મરણવિધિ પતાવ-વાનું કામ હાથમાં લે છે. ઝપાટાબંધ કામ આટોપાય છે. સાઇકલો લઈને વિદ્યાર્થીઓ દોડી જાય છે. એમનાં કેટલાંક નજીક રહેતાં સગાં-વહાલાંને અને હજુ ધરપકડ નથી થઈ તેવા જાણીતા કાર્યકરોને બોલાવી લાવે છે. કેટલાકે તો પ્રસ્તાવ મૂક્યો કે સ્મ-શાન-સરઘસ કાઢવું. શહેરમાં શહીદની ભવ્ય શહાદતયાત્રા નીકળવી જોઈએ, પણ, હાલ સૌને ચિંતા હતી કે પોલીસ શબને લઈ જશે તો ? અને શહેરમાં તો 'કર્ફ્યૂ' હતો જ. જો શબ પોલીસને હવાલે થાય ને કદાચ આવો વિચાર જાણે તો પાછું પણ ન મળે, કારણ કે 'જાલિમ કેરા દોર છે જહીં, જાલિમનાં જ્યાં રાજ'[65] ત્યાં શું કરી શકાય ? શબ લેવા કેટલાં શબ આપવાં ? ઉમાકન્ત કડિયાનો દેહ નહિ જ મળેલો ને !

* * *

પેલી બે યુવતીઓ–વનલીલા અને પ્રિયબાળા–વાડીલાલ હૉસ્પિટલમાં આવે છે, નામ-સૂચિના પાટિયા પર નામ વાંચે છે. નવા ઘાયલ થનારા અનેકનાં નામ છે, પણ વિનોદ કિનારીવાલાનું નામ નથી. દાક્તરની નજર બે શ્રમિત, ગ્લાનિયુક્ત વદનવાળી છોકરીઓ પર પડે છે. સાચું દુઃખ ઢાંક્યું રહેતું નથી. 'તમે કોનું નામ શોધો છો ?' 'વિનોદ કિનારીવાલા, મારા ભાઈનું', વનલીલાનો નિસાસો હતો. 'વિનોદ કિનારીવાલા... હાં, ગુજરાત કૉલેજમાં ગોળી વાગી છે તે ને ? જી, એમની તપાસ કરીને નર્સ સાથે ઘેર મોકલ્યા છે. તમારા father પણ સાથે હતા.' પ્રિયબાળાથી પુછાઈ જાય છે : 'બહુ નથી વાગ્યું ને ?' ડૉક્ટર જવાબ આપે છે : 'ઘેર વધારે સારી સારવાર થાય માટે નર્સને પણ મોકલી છે. તમે થાક્યાં છો. થોડોક શ્વાસ ખાઈને જાઓ. ચિંતા ન કરશો.'[66] (દાક્તરને ખબર છે કે વિનોદને ઘેર નથી મોકલ્યો, પણ તેના શબને ! ધ્રાસકો ન પડે એટલા ખાતર કહેતા નથી.)

પ્રિયબાળા અને વનલીલા, ખરેખર, થાકી ગયાં છે. જ્યારથી ગોળી વાગવાના સમાચાર સાંભળ્યા છે ત્યારથી કાળજાં હવામાં લટકે છે. 'શું થયું હશે ? ક્યાં વાગ્યું હશે ?' આવી ઊઠતી અમંગળ શંકાઓનું નિવારણ કોણ કરે ? આવા પ્રસંગે, હૃદય પર બોજો હોય ત્યારે કાપવાનો રસ્તોય ન નીઠે; ન કપાય. કૉલેજથી વાડીલાલ હૉસ્પિટલ દશ મિનિટનો રસ્તો છે - પણ એમને 'સો ગાઉ જેવો લાગ્યો.'

પ્રિયબાળા અને વનલીલા ઘેર આવે છે. એ જુએ છે – એમને ઘેર સગાં-વહાલાં,

---

64. વિનોદ શુકાલ, વિનોદના રસાયણના પ્રયોગોમાં નિયુક્ત સહભાગી (Partner) વિનોદનું ઘર પૂછી પૂછી થાક્યા – ન મળ્યું. (તે કાળે કિનારીવાલા કુટુંબ આશ્રમ રોડ પર, માણેક આઇસ ફૅક્ટરી સામે રહેતું).

65. શ્રી સ્નેહરશ્મિ : 'પનઘટ', પૃ. 83

66. શ્રી પ્રિયબાળાની સ્મૃતિ પ્રમાણે.

મિત્રો, વિદ્યાર્થીઓ, કેટલાક જાણીતા કાર્યકરોનું જૂથ મૌન-મૂંગું બેઠું છે. શહીદનું શબ નનામીમાં મુકાય છે. એકના મામાની નનામી ઊપડે છે, એકના ભાઈની. ભારત માતાના સુપુત્ર વીર વિનોદની નનામી ઊપડે છે. વીરની માતા, હીરાલક્ષ્મી તો આશ્રમ રોડ પર જતી નનામીને દૂર દૂર સુધી જતી જોઈ રહે છે; ફાટી આંખે, અનિમેષ નયને, – ચોધાર આંસુએ ! શું અશ્રુ ? – જાણે હિમાલયમાંથી ઉનાળાનો બરફ પીગળી પીગળી ગળતું પાણી, ગંગા-જમનાના દ્વય માર્ગે વહેતું હોય ! જાણે નયનરૂપી દાબડો ઊંધો મૂકવાથી શુભ્ર-નીલમણિ ખરતા હોય ! ઘેરો આર્તનાદ કરી રહેલ માતાનું હૃદયસ્થાન – જેનું દૂધ પીને વીરત્વ પોષાયું – તેને સ્પર્શી અશ્રુ નીચે ખરે છે ! ધરતી બધુંયે સમાવે – શહીદનું લોહી સમાવે, ને શહીદની માતાના હૈયા-દુઃખની વરાળનાં ઊનાં ઊનાં આંસુયે !

એક બાજુ ઊભાં ઊભાં પ્રિયબાળા વિચારે છે... 'હું જો સરઘસમાં ગઈ હોત તો મામાના શબને ખોળામાં લેત મામાને મળી શકાત.' જૂની સ્મૃતિનાં સંભારણાંનાં ચિત્રો, સિનેમાની પટ્ટી જેમ સરકી રહ્યાં છે; લીંબુની ફાડ જેવી આંખોમાંથી આંસુ ઝરી રહ્યાં છે – કે વરસાદ વરસી ગયા પછી પવનથી હાલતા ઝાડમાંથી ફોરાં પડી રહ્યાં છે !

* * *

શબ ગાંધીપુલ ઉપરથી પસાર થઈ રહ્યું છે. ઉતાવળા જતા ડાઘુઓ અને આટલા બધા વિદ્યાર્થીઓને જોઈ રસ્તે જનારા પૂછે છે 'કોણ મરી ગયું છે ?' 'અંગ્રેજ સરકારે આપણા વિદ્યાર્થી વિનોદ કિનારીવાલાને ગોળીએ વીંધ્યો છે, ખૂન પીધું છે,' એવું સાંભળતા રસ્તે જનારા અનેક જણ સ્મશાને જાય છે – શરૂમાં રાષ્ટ્રધ્વજ આગળ રખાયેલો; પણ થોડે સુધી જ. સૂત્રો તો પોકારતાં હતાં.

* * *

બીજી બાજુ વનલીલા છે. ભાઈના માટે બહેન મરી પડે, આજે કશું કરી શકતાં નથી. માત્ર ઊભાં ઊભાં આંસુ સારે છે. ભોગ માગતી મા ભારતીને કહેતાં તો નથી ? – તારા ખપ્પરમાં અમનેય લેવાંતાં ને !

પોલીસવાન આવે છે. પૂછે છે : 'શબ ક્યાં ગયું ? BYA 1672 નંબરની મોટર અહીં આવી હતી તે ક્યાં ગઈ ?' પૂતળા સમાન દેહ જ રડતા હતા એવું જ ન હતું, ઘરની દીવાલો મૂંગું મૂંગું રડતી હતી. વાતાવરણ આપોઆપ ઝૂરતું હતું. હવા ફેલાયલી હતી શોકની ને શબ્દો હશે મૂંગા – જરૂર : 'આ બલિદાનો એળે જવાનાં નથી.' કેટલાંક સ્થળોની અસર એવી હોય છે કે દુષ્ટતા વસી જ ન શકે, જે ઘેરથી શહીદની નનામી નીકળી છે, ત્યાં એ પોલીસ પણ ઊભી ન રહી શકી, વધુ કશું પૂછી પણ ન શકી.

ચિનુભાઈ પટવા શબ મૂકીને પોતાની ગાડી ગુજરાત કૉલેજ આગળ લઈ ગયા, બે-ચાર ચક્કર ત્યાં લગાવ્યાં. એમની ગાડી પાછળ પાછી પોલીસવાન થઈ – એમણે ગમે તેમ ચક્કર કપવા માંડ્યાં. પોલીસને એ જ લાગે છે કે આ ગાડીમાં જ શબ છે – પટવા થાકી જાય છે. ગાડીની ગતિ અમર્યાદિત રીતે મૂકી દે છે – પાછળ પોલીસવાન.

એમને ભય છે : જો મારો ભેટો થઈ જશે તો મારે શબ ક્યાં ગયું છે તે કહેવું પડશે, જેમ બને તેમ મોડું થાય એ જ ઇચ્છનીય છે. છેવટે, પાલડી આગળ પટવાની મોટર સાથે ભેટો થઈ જાય છે. પૂછે છે. પટવાને થયું કે હવે શબ ખાક થઈ ચૂક્યું હશે. જવાબ આપે છે – 'શબ ગયું - સ્મશાનમાં.'

* * *

કાષ્ઠ ખડકાય છે. શહીદનું શબ એમાં મુકાય છે. લાડકવાયાના દેહ પર અગ્નિ મુકાય છે – શાંતિપુરા સ્મશાનમાં –શાહપુર, ગાંધીપુલના છેડા પર. ભોં ભોં કરતી પોલીસવાન આવી પહોંચે છે. પરંતુ, હવે તો ચિતા પર અગ્નિ મુકાઈ ચૂક્યો છે. હિલ્લોળા લેતો ચોમાસાનો વાયરો એને સતાવી રહ્યો છે – ચેતાવી રહ્યો છે.

* * *

વિનોદનું મૃત્યુ થયું. ગુજરાત કૉલેજનો વિદ્યાર્થી મર્યો એની મા-ભોમ સંસ્થાના આંગણામાં, ગૌરવ અને દુઃખ બંનેની મિશ્રિત લાગણી અનુભવાય એવો નાજુક પ્રસંગ બની ગયો – આંખે દેખે. તે વખતના કૉલેજના પ્રિન્સિપાલ પટવર્ધનને બહુ દુઃખ થયું. એ તો બહુ સરળ હૃદયના લાગણીપ્રધાન માણસ. પોતાનો જ દીકરો મરી ગયો હોય એવી રીતે એમની આંખમાંથી અશ્રુધારા વહી રહી. જોનારા કહે છે કે અમારી જિંદગીમાં આવો કરુણ અને ભયાનક પ્રસંગ જોયો નથી.[67] ભાગ્યે જ એવો કોઈ પ્રોફેસર હશે જેની આંખનો ખૂણો ભીનો ન થયો હોય. શાંત ચિત્તે બધા પ્રોફેસરો વિચારે છે – શું કરવું ?

વિનોદ જે જગાએ હતો, જ્યાં આગળ ગોળી વાગી હતી ત્યાં બે-ત્રણ ઈંટો ગોઠવે છે. ત્યાં થોડાંક ફૂલ મૂકે છે, દીપ પ્રગટાવે છે, અગરબત્તી અને ધૂપ કરે છે[68] – જ્યાં એની શહાદતનું લોહી વહ્યું હતું.

એની રક્તાંકિત ભૂમિ પર ચણજો આરસ ખાંભી
એ પથ્થર પર કોતરશો નવ કોઈ કવિતા લાંબી
લખજો : રક્ત પડ્યું આંહી
સૌના લાડકવાયાનુ[69]

5

શહીદના શબનું ન કોઈ સરઘસ નીકળ્યું, ન તો કોઈ ભવ્ય અંજલિ અપાઈ. કેટલાક વિદ્યાર્થીઓ, કેટલાક કાર્યકરો ને કેટલાંક સગાં-વહાલાં હાજર રહ્યાં. સ્મશાનમાં <u>એના પર જે અલ્પ</u> ફૂલો કોઈએ નાખ્યાં હતાં તે હસતાં હતાં ! એમની અભિલાષા પૂરી

67. પૂછો : આર.એન.સુતરિયા : ડૉ. વિષ્ણુ માવળંકર વગેરે. It was the saddest picture in my life. – R. N. Sutaria. 'યુવાનોની આટલી બહાદુરી અને ભીષણ સંગ્રામનું - એની વ્યાપક ઘેરી કરુણતા સાથેનું ન ભૂલી શકાય તેવું મારી આંખ આગળ ફરતું દૃશ્ય છે.' – લીલાધર ભટ્ટ

68. ઝવેરચંદ મેઘાણીના 'કોઈનો લાડકવાયો' પરથી સંદર્ભોચિત ફેરફાર સાથે.

69. પ્રો. સુતરિયા. પરંતુ ઈંટો વારંવાર ફેંકી દેવાઈ હશે. - લેખક.

થઈ છે, જીવન સાર્થક થયું છે.[70]

એ સ્મશાનભૂમિ પર કોઈ ગીત ગાઈ રહ્યું છે.

'અ'નું કૃત્ય 'બ'ના મૃત્યુથી જુદું હોઈ શકે, - હોય છે. કોઈને વર્ષો પછી માણસ યાદ કરે છે, કોઈનું મૃત્યુ એટલું ભવ્ય હોય કે એની કથા લાંબી રાતોના પરિશ્રમ બાદ, વર્ષો પછી, કોઈ લખે. તો કોઈના મૃત્યુ વિશે કોઈ જાણતું પણ નથી. શબને સ્મશાનમાં લઈ જનારા પણ હોતા નથી. ખેર ! બે આંસુ પણ પાડનાર હોય તો જીવન જીવ્યું સાર્થક. દુનિયામાં અનેક વાર મૃત્યુ આવ્યું છે – અનેકોને લેવા, તેમાં કેટલાક પ્રસંગો યાદગાર બન્યા છે – દુઃખદ બન્યા છે. ગોળીએ દીધેલું ગાંધી-લિંકનનું પણ મૃત્યુ છે, ઝેરમાં ઘોળાયેલું દયાનંદ સરસ્વતી-સૉકારેટિસનું પણ મૃત્યુ છે. આત્મહત્યાના રૂપમાં આવેલું સાહિત્યાત્મા સાને ગુરુજી અને હરિશ્ચંદ્ર ભટ્ટનું પણ મૃત્યુ છે. મલ્લયુદ્ધો બંધ કરાવવા સ્વેચ્છાએ વહોરેલું સાધુ ટેલિમેક્સનું, સામી છાતીએ ગોળીમાં ઝિલાયેલું વિનોદનું પણ મૃત્યુ છે. ઇતિહાસની આરસી એટલી શુદ્ધ અને નિર્મળ છે કે 'જેવું છે તેવું જ' મોં દેખાય. આ બધાં મૃત્યુ દુનિયા ઇતિહાસની આરસીમાં જુએ છે તો શરમાય છે, લજ્જાય છે. એ કલંકવાળી લાગે છે, ડાઘ તો ભૂંસાય એવા નથી. એ આરસી પર પડદો પાડી દેવાથી ભૂંસાશે ? એ મૃત્યુ જેને મળ્યું છે એનું સ્વરૂપ ઊજળું થયું છે. દુનિયાનું કલંક અને એમની કીર્તિ બન્યું છે ! મૃત્યુ કેવું અગમ્ય છે ! – એક બાજુ કલંક અને બીજી બાજુ કીર્તિ ! ખૂણે-ખાંચરેથી એનો આકાર અને સૌષ્ઠવ જુદાં જ દેખાય એવો એનો મહિમા છે.

માનવમાત્રનું, અરે, પ્રાણીમાત્રનું મૃત્યુ છે. વિશાળને ગામઠી વપરાશમાં – છાયા માત્ર પડવાની છે. મૃત્યુ એક નીતિ-શિક્ષણનું પુસ્તક છે, અનેક પાઠો આપશે – જો વિ-ચાર-પુસ્તકાલયમાં એને સ્થાન હોય. જો માનવી કૂડ-કપટ કરતી વખતે, દુષ્ટ તત્વ પ્રત્યે જતાં, ક્ષણિક સુખની લાલચોમાં ઘસડાઈ જતાં મૃત્યુરૂપી લાલબત્તી નજર સમક્ષ રાખે તો અટકી જાય – રોકાઈ જાય. દુનિયાનાં દુઃખનો અરધો ભાગ આપોઆપ દૂર થાય.

બળતો બળતો ધૂપ બધું સુવાસિત કરે, મરતો મરતો સંત બધે સુકાર્યોની વાસ મૂકી જાય – ખાક થતો વિનોદ માટીમાંથી માનવી ઘડે છે. એનો બળતો દેહ કેટલા યુવકોને પ્રેરણા આપે છે ! અમદાવાદના, બલકે, એ કાળે આખા ગુજરાતના યુવાનોનાં

---

70. पुष्प की अभिलाषा - નોંધ લેવા જેવી છે.

चाह नहीं, में सुखाला के गहनों में गूँथा जाऊँ;
चाह नहीं, प्रेमी–माला में विंध प्यारी को ललचाऊँ;
चाह नहीं, सम्राटों के शब पर हे हरि डाल जाऊँ;
चाह नहीं, देखों के सिर पर चढूँ, भाग्य पर अढलाऊँ;
मुझे तोड लेना वनमाली, अस पथ में देना तुम फेंक ।
मातृभूमि पर शीश चढाने, जिस पथ जावें वीर अनेक ।।
– माखनलाल चतुर्वेदी

દિલ ઊકળી ઊઠે છે. એની શહાદતની અજોડ પ્રેરણાએ, વતન માટે મરી ફીટવાના સબકે, અમદાવાદને'42ની લોકક્રાંતિમાં અજોડ નામના અપાવી. એ દિવસોમાં નાનકડો બાળક પણ કિનારીવાલાનું નામ જાણતો હશે – નવરાતના ગરબાઓમાં એની શહાદતનાં ગીત ગવાતાં હતાં.

ફિલસૂફે, વિચારકે આવાં બળતાં મુડદાં જોવાં, – જે કાયા માટે મોહ હોય છે, જે કાયાને એશઆરામ કરવાનો હોય છે, જે કાયાનું લાલન-પાલન આત્માના અવાજને દાબીને કર્યું હોય છે, જેની રૂપાળી કાયા માટે ખૂન વહ્યાં હશે – વહેવરાવ્યાં હશે તે સૌનો હિસાબ અહીં મળી જાય છે. રૂપરાણી વિનસના પાત્રમાં વિનસ બની જનારી એમિલ ઝોલાની માનસકન્યા નાના, એક પાંપણના પલકારે અનેકોનાં દિલ હલાવી દેનાર, તેનેય ન્યાય મળી જાય છે. જેના રૂપ ખાતર અનેકે જિંદગી ખત્મ કરી દીધી, તે દ્રૌપદીની પણ ચિતા ખડકાઈ હશે. જેના સૌંદર્યથી રાવણ આંધળો બન્યો હતો, તે સીતાની પણ ચિતા ખડકાઈ હશે. જેને વરવા માટે દેવોએ માનવ બનવાનું કનિષ્ઠ પગલું ભર્યું હતું તે દમયંતીનો મૃતદેહ ઊડી નહિ ગયો હોય. ઐતિહાસિક – 'દુનિયાનું તેજ' નૂરજહાંની કબર ખોદાઈ હશે, સીઝર અને એન્ટોનીને રઝળાવનાર ક્લીઓપેટ્રા માટીમાં મળી ગઈ હશે, અલ્લાઉદ્દીન ખીલજીએ આખરે શીશાના કાચમાંથી પણ જેનો મુખચંદ્ર જોવા મળે તો અહોભાગ્ય છે એવું માન્યું હતું તે સાક્ષાત્ રતિશી પદ્મિનીને પણ જ્વાળાએ ભરખી ખાધી હતી. કાળના વહેણમાં અનેક જાણ-અજાણ રૂપવંતાં વહી ગયાં, એ શમાઓ પાછળ પરવાના મરી ગયા હશે, ન રહ્યાં તેમનાં તત્કાળ ગૌરવ કે દેહનું સૌંદર્ય. માત્ર રહી ગઈ તેમની કીર્તિ – શિયળની, શૌર્યની. એથી જ કુદરતની સર્જેલી હેલન મરી ગઈ પણ હોમરની હેલન જીવે છે. કુદરતની સર્જેલી સીતા મરી ગઈ પણ વાલ્મીકિની સીતા જીવે છે !

*

ભૂખી જ્વાળા શહીદના દેહને ભરખી રહી છે !

6

બધાથી એકલા, અટૂલા નંદલાલ જોશી વિનોદના બળતા દેહને જોઈ રહ્યા છે.[71] વીરોની સ્મશાનભૂમિકા પ્રેરણાજનક હોય છે, એનું જળતું લોહીનું ટીપું પવિત્રતાની ગંધ આપે છે. નંદલાલ જેવા અનેકોને અંગ્રેજો પ્રત્યે ખુન્નસ ભરાતું જાય છે – જેમ પેલા દેહની રાખ થતી જાય છે !

કલાકમાં તો વિનોદ પાવક જ્વાળામાં ખાક થઈ જાય છે, ભસ્મીભૂત થઈ જાય છે.

71. બૉમ્બ બનાવતાં, ત્યાર બાદ થોડા વખતમાં જ એમનું મૃત્યુ નીપજેલું : જુઓ : 'ખીલતું ફૂલ ખરી પડ્યું' - કકલભાઈ કોઠારીનો એ લેખ પ્રભાત, તા. 2-10-'42 'કિનારીવાલાના મૃત્યુને નજર સામે જોઈ તેમણે વેગવાન કામ આરંભેલું' - માંડવીની પોળ સેવાસંઘ પ્રકાશિત 'अहमदाबाद की शहादत'માં ખાસ નોંધ લીધી છે.

થોડા કલાક પહેલાં સરઘસમાં, ગુજરાત કૉલેજના આંગણામાં લોહી છાંટી ઝંડાની લાજ રાખનારની ચેહમાં ધગધગતા અંગારા સિવાય કશું રહેતું નથી – શાંતિપુરા સ્મશાનમાં, શાહપુર, ગાંધીપુલને છેડે – ધગધગતા અંગારા સિવાય કશું દેખાતું નથી.

* * *

આજે તો ત્યાં રાખ સિવાય કશું નથી. જો બાજુમાં એકાદ-બે શબ બળતાં હોય તો કશી ચિંતા કરશો નહિ, એ તમારાં સગાંવહાલાં નથી ! તમને કશું લાગતું-વળગતું નથી !!

4

# સ્વાતંત્ર્યઝંખના : પ્રિય પાત્રો

*તમારો આદર્શ તો વિનોદ, – જે શહીદ થયો છે, એણે જે બહાદુરી અને હિંમત બતાવી દેશદાઝનો નમૂનો રાખ્યો છે, તેને તમારે સંગ્રહી રાખવાનો છે, તેમાંથી જીવનના પાઠ લેવાના છે.*

– સરદાર વલ્લભભાઈ પટેલ[72]

અસહકારની ચળવળના દિવસો છે. બનારસની સંસ્કૃત પાઠશાળા પાસેથી એક સરઘસ નીકળે છે. તે શાળાનો એક હૃષ્ટપુષ્ટ બદનવાળો વિદ્યાર્થી શ્લોક-પઠનનું કામ પડતું મૂકી તેમાં જોડાય છે. તેની જોશીલી જબાનને લીધે કોર્ટમાં ન્યાયાધીશ પંદર બેંતની શિક્ષા ફરમાવે છે. બેંતની સજા બહુ આકરી ગણાય, ગુનેગારને ત્રિકોણાકાર ઘોડી સાથે બાંધીને ખુલ્લા શરીર પર મીઠાના પાણીમાં ઝબકોળેલા નેતરના સોટા વતી માર પડે ! એ વિદ્યાર્થી-બાળક પર જ્યાં પહેલો ફટકો પડે છે – ચામડી ચિરાય છે, લોહીના ટશિયા ફૂટે છે. તોય 'મહાત્મા ગાંધી કી જય' બોલે છે. બીજા ફટકે ચામડીમાં અર્ધા ઇંચના ખાડા પડે છે. તાજા શરીરમાંથી લોહીના છાંટા ઊડે છે ! જ્યારે શિક્ષા પૂરી થતાં બહાર આવે છે ત્યારે આખા બદનમાંથી લોહી વહી રહ્યું છે, શરીર પર, છૂંદેલા લાલ તડબૂચના ટુકડાની જેમ રુધિરયુક્ત માંસ દેખાય છે. છતાં એકે ફટકે 'મહાત્મા ગાંધીકી જય !' એ બોલવાનું ચૂક્યો નથી ! સૌ મોંમાં આંગળાં ઘાલે છે : આ તો બાળક, દેવ કે જાદુગર !

---

72. જુઓ : પરિશિષ્ટ 1લું.

આ બાળક-વિદ્યાર્થી તે ચંદ્રશેખર આઝાદ[73] – વિનોદનું પ્રિય પાત્ર – એનો આદર્શ.

2

1941નું વર્ષ છે, અમદાવાદમાં કોમી હુલ્લડ ફાટી નીકળ્યું છે. કસાઈ બકરો કાપે એમ માણસો કપાય છે, મરાય છે. મરાયેલાનાં શબ શેરીએ શેરીએ પડ્યાં છે. ખડિયામાં ખાંપણ લઈને શબ બાળવા જવાની હિંમત કરનાર રવિશંકર મહારાજ છે. એક અઠવાડિયામાં જ 83 જેટલાં મુડદાં બાળે છે ![74] માનવજાતની આબરૂ ઢાંકનાર એ ગાંધીના બીજા અવતારમાં રવિશંકર વ્યાસ માટે વિનોદને બહુ માન છે; પૂજ્ય ભાવ છે. 'માણસાઈના દીવા' પ્રગટાવનાર એ સેવકની કદર ત્યારથી ગુજરાતે સાચા દિલથી કરી છે. સેવક બે પ્રકારના : મૂક સેવક, પાયાનું કામ કરનાર; સેવક નંબર બે : 'જાહેર ખબરિયા' – કાગનો વાઘ કરી બતાવે. પહેલા પ્રકારના આ સેવકને વિનોદ અને તેના મિત્ર દિનુભાઈ પટેલ અવારનવાર મળવા જાય છે, તત્કાલીન પ્રશ્નોની સલાહ પૂછે છે, મૂંઝવણો કહે છે.[75]

* * *

વિનોદનાં ત્રણ પ્રિય પાત્રો – ગાંધીજીને યાદ કરતાં. (પ્રિય પાત્રોમાં હયાત અને બિનહયાત એમ બે ભાગ) રવિશંકર મહારાજ અને રણછોડલાલ શોધન – તેના મામા. ત્રીજું પ્રિય પાત્ર તે ચંદ્રશેખર આઝાદ, જે હયાત નથી. વિનોદના મિત્રોમાં દિનુભાઈ પ્રેરણાજનક હતા. તેઓ રાષ્ટ્રીય ભાવનાથી રંગાયેલા યુવક, વિનોદથી દશેક વર્ષ મોટા હતા. દિનુભાઈ અને વિનોદ ક્રાંતિક્રીઓની અને આઝાદી માટે પ્રાણ આપનાર વીરોની વાતો ઘણી વાર કરે છે. ક્રાંતિકારીઓની ટોળકીમાંના ચંદ્રશેખર આઝાદ પ્રત્યેના પ્રેમના કારણે એનાં પરાક્રમોની વાતો દિનુભાઈને કહી સંભળાવે છે. કેટલીક વાર આવું પણ વિચારે છે કે પોતાને આવો પ્રસંગ ક્યારે સાંપડે ![76]

વિનોદના માનસનું પૃથક્કરણ કરતાં જુદી જુદી વિરોધાભાસી વસ્તુઓ પણ જોવા મળે છે. એક બાજુ અહિંસાની મૂર્તિ બાપુનું આકર્ષણ અને તેમાં સાથ પુરાવનાર મામા રણછોડલાલ અમૃતલાલ શોધન – પ્રિય પાત્ર. બીજી બાજુ, આ ક્રાંતિકારીઓનાં ખમીરની વાતો – એનું રહસ્ય, એમના સ્વાતંત્ર્ય ખાતર ખેડેલા જંગો જાણી વિનોદ ઊંચું મસ્તક રાખે છે. ને, તોય અહિંસાને ઉત્તમ શસ્ત્ર લેખે છે ![77] આગળ ઉપર જોઈશું કે વિનોદ આઝાદની માફક રિવૉલ્વર ચલાવવાની ઝંખના કરે છે. જ્યારે સરઘસમાં

---

73. જુઓ : 'અમર શહીદો' - લે. કાંતિભાઈ શાહ, પૃ. 5

74. જુઓ : 'રવિશંકર મહારાજ' - બબલભાઈ મહેતા, પૃ. 331

75. પૂ. રવિશંકર મહારાજ અને ડૉ. દિનુભાઈ પટેલની માહિતીના આધારે.

76. ડૉ. દિનુભાઈના કહેવા પ્રમાણે.

77. 'Do I contradict myself ?... Very well, I contradict myself; I contained multitude'. Walt Whitman.

પથ્થરમારો શરૂ થાય છે ત્યારે તે એક કાંકરોય ઉઠાવવો ઉચિત માનતો નથી !

આઝાદની પ્રતિજ્ઞા હતી : 'આઝાદ જીવતો પકડાશે નહીં.' આ પ્રતિજ્ઞા તેણે છેલ્લા શ્વાસ લગી પાળી. એ ટેક માટે વિનોદ બહુ પ્રેમ ધરાવે છે. એવો જ પ્રેમ તેને, સર સેનાપતિ કોલીન્સ કેમ્પબેલ જેની યુદ્ધનિપુણતાથી, વ્યૂહ રચનાથી, ડરતો હતો તે તાત્યા ટોપે માટે છે. વીરને વીરની વાતો બહુ પસંદ હોય છે. વીરો જ પૂજાને લાયક છે, શોભા-સુંદરતાને લાયક છે. પણ, વાસ્તવમાં જીવન જીવતાં એમની કદર બહુ ઓછી થઈ છે. વીરો એ કદર થાય એટલા માટે ઓછાં સાહસ કરે છે ! વિનોદને આઝાદના છેલ્લા પરાક્રમની વાત કરવી બહુ ગમે છે. એકેએક પ્રસંગમાં પ્રાણ પૂરી વાતો કરે છે.

3

વિનોદ પર લાબૂશારડીઅર ગોળી ચલાવે તે પહેલાંના ચાર-પાંચ દિવસ. (અજંતા--ઈલોરા, ઔરંગાબાદ, સિકંદરાબાદ, વગેરે, દક્ષિણ હિંદનાં સ્થળોની મુસાફરી કરી થોડા દિવસો પર જ ઘેર આવ્યો છે.)

તે સાંજે દિનુભાઈ અને વિનોદ સાઇકલ પર જઈ રહ્યા છે. વિનોદ મૌન તોડે છે.

'દિનુભાઈ ! આઝાદના છેલ્લા પરાકારમનું ચિત્ર મારી આંખ સમક્ષ જ છે, હંમેશાં તરવરે છે. જુઓ — સુખદેવરાજ અને આઝાદ અલ્લાહાબાદના આલ્ફ્રેડ પાર્કમાં નિરાંતે બેઠા બેઠા વાતો કરે છે. થોડી વારમાં તો છૂપી પોલીસના ઇન્સ્પેક્ટર તથા મિ. ડાલચંદ આવે છે. આઝાદને ઓળખે છે. પોલીસ સુપરિન્ટેન્ડન્ટ મિ. નોટને ઇશારો કરે છે. નોટ આવે છે... આઝાદથી દસેક ગજ દૂર મોટર રાખી હુકમ કરે છે 'Hands up !' નોટ રિવૉલ્વરનો ઘોડો દાબે છે, આઝાદની જાંઘ વીંધાય છે. આઝાદ કંઈ ઓછો નિશાનબાજ છે ? એની ગોળી નોટનું બાવડું ચીરી નાખે છે. નોટ સંતાય છે, આઝાદ પણ ઝાડની ઓથ લે છે. પછી તો પોલીસ આવી પહોંચે છે. આઝાદને ઘેરી વળે છે. બાગમાં સર્વત્ર પોલીસ-પોલીસ. આઝાદ પાસે કોઈ જઈ શકતું નથી. ઝાડની ઓથે રહી નોટ પર ગોળી છોડે છે. બીજી બાજુથી વિશ્વેશ્વર ગોળીઓ છોડે છે. નોટથી નિશાન બદલી આઝાદ વિશ્વેશ્વર તરફ વળે છે. આઝાદની પહેલી ગોળી વિશ્વેશ્વરનું જડબું તોડી નાખે છે. પોલીસ આવી પહોંચી હોવાથી આઝાદ પર ચારે બાજુથી ગોળીઓ છૂટે છે. તેનું શરીર નવરાત્રિના ગરબા જેવું કાણું થઈ ગયું છે. લોહીની શતધાર હિમાલયમાંથી વહેતાં ઝરણાં જેમ વહી રહી છે. એની કારતૂસો ખૂટે છે, તેના પ્રાણ તૂટે છે. છતાં, કોઈ સિંહ સામે જવાની હિંમત કરતું નથી. આઝાદ મર્યો છે કે નહિ એની ખાતરી કરવા ગોળી છોડીને જ પોલીસ તેની પાસે આવે છે !'

સાઇકલો દૂર દૂર નીકળી ગઈ છે. બંને મિત્રો મૌન ધારણ કરી સાઇકલના ગવર્નર પર અભાન હાથ રાખી રહ્યા છે. મૌન તૂટે છે : 'દિનુભાઈ ! આપણી પાસે જો રિવૉલ્વર હોય તો આઝાદ જેવું પરાક્રમ ન બતાવી શકીએ ?... ખરેખર, આઝાદ 'આઝાદ' જ

રહ્યો. તેની પ્રતિજ્ઞા – જીવતે નહિ પકડાવાની – પૂરી થઈ.'

દિનુભાઈ હજી બિલકુલ મૌન રહ્યા છે; તે વાત પલટાવી દેવા માગે છે : 'વિનોદ, તું આ ચશ્માંની ફ્રેમ બદલાવવાનું વિચારતો હતો, મુસાફરી કરી મુંબઈથી આવ્યો તોય બદલાવી નહિ !'

'દિનુભાઈ, જવા દો ને ! હવે કેટલું જીવવું છે ?'[78]

ભવિષ્યમાં આવનાર પ્રસંગનો ઓળો તો નથી પડતો ?

* * *

આઝાદ બનવું છે ?

તો, રિવૉલ્વર હાથમાં પકડો.

પણ બાહુમાં બળ જોઈએ ને ?

તેમાંય એકલી મારવાની નહિ પણ મરવાની પણ હિંમત જોઈએ ! માત્ર વાતો કરવાથી વડાં પાકતાં નથી. તેથી, વિનોદે આસનો, કસરતો, દંડ-બેઠક વગેરે - શરૂ કર્યું છે. પાંચ-છ વર્ષની ઉંમર સુધી છાશવારે તાવ લાવે, – આવે. એક-બે વાર ગંભીર માંદગીમાંથી પણ પસાર થયો છે. પણ, હવે સુદૃઢ શરીરવાળો બનતો જાય છે. એનું ગોરું વદન ખીલતું જાય છે. માત્ર ભણતર એ મોળું દૂધ છે, શારીરિક સંપત્તિ એ એમાં ભેળવવાની સાકર ગણાય. વિનોદે મોળું દૂધ પીવાનું છોડી દીધું છે. એ કિશોર પ્રથમ વર્ષની પરીક્ષા પૂરી કરવા રજાઓમાં સિકંદરાબાદ જાય છે. ત્યારે, આય્યરના કહેવા પ્રમાણે 'એનાં બહુ વખાણ થયેલાં.' જ્યારે વિનોદની શહીદીના સમાચાર ત્યાંના પરિચિતો જાણે છે ત્યારે આય્યરને પૂછે છે : "तुम्हारे घर जो खूबसूरत, गूजराती लडका आया था उस पर गोली चलाई गई ? बहुत मिलनसार लडका था, कैसे भूलें ?

## 4

આપણી કૉંગ્રેસ-સ્થાપનાના કાળમાં કાગળિયાં કરનાર સંસ્થા હતી. મોહનદાસ ગાંધીના આગમન પછી કૉંગ્રેસ બહુ જ વેગવંત બની. કહેવાય છે કે બાપુ ચાર આનાના સભ્ય પણ બન્યા ન હતા. તેમણે બહાર રહીને પોતાનો કાર્યક્રમ કૉંગ્રેસ મારફતે આગળ ધપાવ્યો. કૉંગ્રેસ અને બીજી સંસ્થાઓ ઉપરાંત લડનારો એક વર્ગ – યુવાનવર્ગ હતો – ક્રાંતિકારી હિલચાલમાં માનનાર. જેમના હાથ લોહીથી ખરડાયેલા હતા.[79] ખૂનનો

---

78. ડૉ. દિનુભાઈ પટેલની સ્મૃતિ પ્રમાણે.

79. જુઓ : સત્તર વર્ષનો ખુદીરામ બોઝ મિ. કિંગ્સફૉર્ડને મારવા માટે એવા જ રંગની બીજી મોટર પર બૉમ્બ નાખે છે ! ધાર્યા કરતાં બીજું કુટુંબ ઘવાય છે. કન્હાઈલાલ દત્ત અને સત્યેન્દ્રકુમાર બસુ દ્રોહી નરેન્દ્ર સ્વામીના ફુરચા ઉડાવી દે છે. મદનલાલ ઢીંગરા ઇંગ્લૅંડમાં ભારતીય વિદ્યાર્થી વિરુદ્ધ પ્રવૃત્તિઓ કરનાર કર્નલ વાયલીને વાતચીતમાં જ ધરાશયી કરે છે. સરદાર ભગતસિંહ તેમના કાકા લાલા લજપતરાયના ખૂનનો બદલો સૉન્ડર્સના ખૂનથી લે છે. પાશવી વર્તન ચલાવનાર, ક્રૂર, રાક્ષસ

બદલો ખૂનથી જ લેવો, અન્યાયને કદી તાબે ન થવું; ને લડતાં વખત આવે હસતે મોંએ દંડા ખમવા, પ્રહારો ખાવા, ગોળીઓ ઝીલવી, ફાંસીએ ચઢવું.[80] લોહીના અક્ષરે લખાયેલી ઘટનાઓ છે, ભૂલ્યાં ભુલાય નહીં એવાં પરાક્રમો છે, વીરકૃત્યો છે. આમાં એમનાં કૃત્યો ગમે તેવાં હોય, પણ સ્વાતંય પામવા માટે તલપાપડ યુવાન માનસ જોવા મળે છે. જેની અંગ્રેજો-જુલ્મગારોએ કદર કરી છે. તેમની 'વીરતા અને સાહસની પ્રશંસા દુશ્મનોને પણ કરવી પડી છે.'[81] વિનોદે આ બધી પ્રવૃત્તિ વિશે અનેક વાર દિનુભાઈ સાથે ચર્ચા કરી છે. ખામીઓ અને ખૂબીઓનું વિવેચન કર્યું છે.

1942ના જમાનાનો ગાળો એવો હતો કે હિંદના પ્રત્યેક દેશપ્રેમી યુવાનને આ ક્રાંતિકારીઓ વિશે સન્માન હતું અને સૌના હૈયામાં 'કંઈક કરી છૂટવું' એવી ભાવના હતી. લૉર્ડ બાયરને કહ્યું છે કે, 'The days of the youth are the days of the glory.' આ યુવાનો તે કથન સાચું પાડવા પ્રયત્ન તો નહોતા કરતા ? શી રીતે સાચું પડે ? – સાહસથી. સાહસરૂપી ઘાસની ગંજી ભરી હતી અને ઉત્સાહરૂપી દીવાસળી ચંપાઈ – 8મી ઑગસ્ટના ઠરાવથી. '42ની લડત વિદ્યાર્થીઓની લડત બની ગઈ હતી. વિનોદે પોતાની જાતને એકાંતમાં મૂકી ઘણા વિચારો કર્યા હતા. એને આ ક્રાંતિકારીઓ-નાં જીવનમાંથી પાઠો મળ્યા હશે; જેનાથી મોત સામે બાથ ભીડવા માટે તે તૈયાર થયો.

બીજું પ્રિય પાત્ર : મામા, 1932ની મના કરેલી કૉંગ્રેસના પ્રમુખ. ચાંદની ચૉકમાં, ક્લૉક ટાવર નીચે 24 એપ્રિલ, 1932માં 46મું અધિવેશન ભરાય છે. પાંચસો જેટલા સભ્યો દિલ્હી પહોંચી જાય છે, જ્યાં અહેવાલ વંચાયા બાદ પાંચ ઠરાવો પસાર કરી દેવામાં આવે છે. બધું કામ તાબડતોબ કરી દેવામાં આવે છે. કારણ કે, પોલીસ અને લશ્કરને હાથતાળી આપી આ અધિવેશન ભરવાનું હતું.[82] આ વખતે દિલ્હી જનાર પ્રત્યેક પર શક સેવવામાં આવતો. છતાં, ભારતના બધા પ્રાંતોમાંથી સભ્યો આવે છે. રણછોડલાલ પર ચાંપતો પહેરો હોવા છતાં છૂપી રીતે પહોંચી જાય છે... દાંડીમાં થતા

---

જેવાં વિશેષણોથી ઇતિહાસમાં નવાજાયેલ એ શાહી હત્યારા જનરલ ડાયરનું ખૂન ઉધમસિંહ ઇંગ્લૅંડ જઈ કરે છે. આવા અનેક દાખલાઓ અને અંગ્રેજોએ તેમના પર ગુજારેલો સિતમ માનવીનો માનવી-માંથી વિશ્વાસ ઊઠી જાય તેવો છે. ('આઝાદીના શહીદો' – રમણીક મહેતા)

80. પરમાર્થ માટે પ્રાણ આપવાની પ્રથા અનાદિ કાળથી ચાલી આવી છે. નાગ-હત્યા બંધ કરાવવા માટે, નવપરિણીત રાજકુમાર જીમૂતવાહન ગરુડને પોતાની જાત અર્પે છે ત્યારે આ પ્રમાણે વિચારે છે. (જીમૂતવાહન પ્રતીક રૂપે) ''શિલા ઉપર ચડતાં મારા શરીરમાં આનંદનો સંચાર થાય છે. આ વધશિલાને ભેટતાં જે આનંદ હું અનુભવું છું તેના દશમા ભાગનો પણ આનંદ ચંદનરસથી શીતલ મલયવતીનો સ્પર્શ પણ ન આપે; શું કામ મારી પ્રિયતમાની વાત કરું ? આ શિલા પર સૂતાં જે સુખ અનુભવું છું તેની આગળ માતાના ખોળામાં નિરાંતે સૂતેલા બાળકનું સુખ પણ વિસાતમાં નથી.'' (શ્રી-હર્ષરચિત - 'नागानंद' અંક 4 : શ્લોક, 23-24)

81. કાકોરી કેસમાં ચારને ફાંસી મળી. તેમાંના એક : અશફાક ઉલ્લાખાન (શહીદગાથા-2).

82. 'મહાસભાનો ઇતિહાસ' - ડૉ. બી.પટ્ટાભિ સીતારામૈયા, પૃ. 650 અને 'મહાસભાના ઠરાવો' – વિઠ્ઠલદાસ કોઠારી, પૃ. 287

અનહદ અત્યાચારોને લઈને નવી ટુકડીઓ લઈ જવાનું માંડી વાળવું એવું સૂચન થયેલું ત્યારે રણછોડલાલે ટુકડી લઈ જવાનું બીડું ઝડપ્યું.[83] વિનોદ મામાની આ પ્રસંગોની હિંમતનો ઘણી વાર ઉલ્લેખ કરતો. તે ઉપરાંત એને મન ગૌરવ હતું કે એના મામા ગાંધીજીના પરમમિત્ર છે.[84]

83. શ્રી જમનાદાસ કિનારીવાલાની માહિતીના આધારે.
84. ગાંધીજી સાથેના એમના અંગત પત્રવ્યવહાર પરથી જણાય છે.

5

# ઘડતર

1930ના માર્ચની 12મી પછીના કાળની એક સંધ્યા.

અમદાવાદના શેઠ રણછોડલાલ અમૃતલાલ શોધનના બંગલામાં નાનકડી ખપોતડી પહેરીને – એ જ ઓઢીને, ખાદીના કપડાની સાદી ગાદી પર, પાછળના નાનકડા તકિયાથી સહેજ દૂર, પ્રાર્થના કરતું આ કોણ બેઠું છે ? એ વૃદ્ધ છે, પણ હિંમત જુવાનની છે. આઝાદી મેળવવા માટે 'બહારવટું' ખેલી રહેલ છે. હજુ ઓળખ્યા નહિ ? મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી – મા ભારતીનો સપૂત.

પ્રાર્થના બાદ શોધનકુટુંબની સ્ત્રીઓને, કિનારીવાલા કુટુંબની સ્ત્રીઓને, હીરાલક્ષ્મી કિનારીવાલા – વિનોદની બા, સૌને બોલાવીને, બાપુ કહે છે : આવતી કાલે વહેલી સવારની પ્રાર્થના પત્યા બાદ તમારા ઘરનાં પરદેશી કપડાંની હોળી કરવાની છે. માટે પેટી-પટારા ખોલી સૌ પરદેશી વસ્ત્રો હાજર કરે... બાપુ કોઈની દલીલ સાંભળતા નથી. એમણે કોઈની દલીલને દાદ આપી હોય એવું સાંભળ્યું છે ? બાપુ પાસે પ્રેમની સરમુખત્યારી હતી, ત્યાં દલીલનું બંડખોરીપણું ક્યાં સુધી ચાલે ?

વહેલી સવારની પ્રાર્થના બાદ બંગલાના ચોગાનમાં વિદેશી વસ્ત્રોનો ઢગલો થાય છે. એમાં દીવાસળી મુકાય છે. સ્ત્રીઓનું વહાલામાં વહાલું શું ? – વસ્ત્રો, ઘરેણાં. પાર્લમેન્ટના અનેક પ્રશ્નો બાજુ પર મૂકી સ્ત્રી-પ્રધાન વસ્ત્રોની વાત પહેલી કરે. સ્ત્રીઓ બાપુની ઇચ્છાને માન આપી વહાલસોયાં દરિયાપારનાં કીમતી વસ્ત્રો પર દીવાસળી મૂકે છે હોળી કરે છે, હર્ષ અનુભવે છે. ભારત માતાના પૂજ્ય, પનોતા દીકરા મોહનનાં

પગલાં ઘેર છે !

સાતેક વર્ષનો વિનોદ બીજાં 'ભૂલકાં' સાથે આ બધું નિહાળી કંઈક ગમ્મત કરે છે. એને કશું સમજાતું નથી, કોઈ સમજાવતુંયે નથી !

એ વિદેશી માલની રાખમાં સોના-ચાંદી પડે છે, બાપુ ગરીબોને – હરિજનોને વહેંચી મારે છે. એ બંને કુટુંબ માટે આજે એક મીઠી સ્મૃતિ રૂપે એ વાત રહી જાય છે.[85]

* * *

વિનોદના ઘડતરમાં પિતા જમનાદાસનું સૌજન્ય અને બા હીરાલક્ષ્મીનું તેજ ભર્યાં છે. જમનાદાસ એટલે ચોકસાઈની મૂર્તિ. કોઈ પણ બાબત વિશે ઉચ્ચારતાં પહેલાં ચોક્કસ બને છે. ગોળ નહિ ખાવાની પ્રતિજ્ઞા લેવડાવતાં પહેલાં જ્ઞાનેશ્વરે ગોળ નહિ ખાવાની પ્રતિજ્ઞા લીધી. એમ, કોઈ પણ શિખામણ આપતાં પહેલાં પોતે અમલમાં મૂકે, એમ બને ખરું. વિનોદને સરઘસમાંથી નહિ ભાગવાની સલાહ, એમનું ચોક્કસ વીરત્વ-નું દૃષ્ટિબિંદુ સૂચવે છે. પોતાના પુત્રને મરણની પણ ભીતિ નહીં રાખવી એવું કહેનાર પિતાના મનમાં કેટલી રાષ્ટ્રીય ભાવના હશે ? આથી ઊલટું, એ જ સરઘસમાં પોતાનો પુત્ર ન જાય માટે એક પિતાએ કોટડીમાં પૂરેલો !

જમનાદાસ કિનારીવાલા આજે તો કામકાજમાંથી નિવૃત્ત છે. પંચોતેર વર્ષના છે. તમે એમને ઘેર જશો તો એમના ખંડમાં એ બેઠા બેઠા કાંતતા હશે. ભીંતને અડીને એક લાંબું ટેબલ પડ્યું હશે. તેના ઉપર એકાદ-બે ફાળકા પડ્યા હશે. એકાદ પણ પુસ્તક નહીં પડ્યું હોય એવું નહિ બને. ટેબલના એક ખૂણામાં મહાત્મા ગાંધીજીની પિત્તળની મૂર્તિ મૂકેલી છે, તેના ઉપર કાચનું આવરણ છે. ઓરડામાં કોઈ વિશિષ્ટ શોભા જોવા મળશે નહિ. કાંતવાનું કામ કરે છે, વર્ષનું અઢારથી વીસ શેર જેટલું કાંચી શકે છે.

---

85. તા. 12-3-1930ને દિવસે બાપુએ દાંડીયાત્રા શરૂ કરી. આગલી રાત્રે નદીની રેતીમાં હજારોની સંખ્યાને કહ્યું કે, 'આશ્રમમાં આ મારું છેલ્લું પ્રવચન છે. એમની યાત્રામાં પણ આવા અર્થનું કંઈ કહેલું કે કાગડા-કૂતરાના મોતે મરીશ, મારા હાડ-માંસ ચૂંથાશે પણ સ્વતંત્રતા લીધા વગર આશ્ર-મમાં નહિ આવું.' આવી દૃઢ પ્રતિજ્ઞા પૂરી કર્યા વગર આશ્રમમાં શી રીતે આવવું ? એથી તેઓ તે વખતના મિલમાલિક શેઠ રણછોડલાલને ત્યાં ઊતરે છે જેલમાંથી છૂટ્યા બાદ-ઘણુંખરું : - '30, -'31ની. (શ્રી મગનભાઈ પ્ર. દેસાઈના તા. 2-3-'60ના મારા પરના પત્રના આધારે. શ્રી પ્રિયબાળા શાહ તો કહેતાં હતાં કે બાપુ ફરી પણ ઊતરેલા. શ્રી વિઠ્ઠલદાસ કોઠારીએ કહેલું કે બાપુ એક વાર ત્યાંથી જ પકડાયેલ. આ વિશે ચોક્કસ તારીખ, માહિતી મેળવી શકાઈ નથી. 'મહાદેવભાઈની ડાયરી' - 1,2,3 જોઈ, ઉલ્લેખ મળતો નથી. ડાયરીઓમાં બધા દિવસોની સળંગ નોંધ પણ નથી તેથી બનવાજોગ છે.) બાપુ શોધનને ત્યાં ઊતરે એટલે કિનારીવાલા કુટુંબ રાજા મહેતાની પોળમાંથી બાપુની તહેનાતમાં બાળકો સુધાં હાજર હોય. કસ્તૂરબા અને વિનોદની બાને બહુ બેઠક. ગાંધીજીના સમકાલીન હોવું એ પણ એક લહાવો છે. આ કુટુંબ તો ગાંધીજીના સંપર્કમાં આવનારું છે. શ્રી રણછોડલાલને લીધે છેક 1920થી આ કુટુંબ પણ રાષ્ટ્રીય જાગૃતિના જુવાળમાં હતું. શ્રી રણછોડલાલની રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં, ઘણા પ્રસંગોમાં તેમનાં બહેન હીરાલક્ષ્મી હાજર હોય. એ કાળે અવારનવાર કિનારીવાલા કુટુંબમાંથી કોઈ ને કોઈ જેલના સળિયામાં પુરાયેલ હોય. આ બધા પ્રેરક પ્રસંગો જાણ્યેઅજાણ્યે કુટુંબનાં બાળકો અને ખાસ કરીને વિનોદમાં રાષ્ટ્રભક્તિના સંસ્કારો પોષતા રહ્યા.

એમનામાં ધાર્મિકતા બહુ છે – ધર્માત્મા છે. એમને એવા સાહિત્યનો શોખ પણ ખરો. સ્થિતપ્રજ્ઞ જેવા દેખાઈ આવે છતાં, હજીય કેટલાક પૂર્વગ્રહોથી દૂર નથી. રણછોડલાલે અમદાવાદ શા માટે છોડ્યું, એમને ત્રણ મિલો કેમ વેચવી પડી વગેરે પાછળ લાંબો ઇતિહાસ છે – મિલમાલિકની વાતોનો. એ વાતો બહુ સારી પણ નથી. (વિનોદ નાની ઉંમરનો હોવા છતાં આમાં પણ રસ ધરાવતો હતો. મામા પ્રત્યે વધારે મમતાનું આ એક કારણ પણ ખરું.) સારી વાતો ન હોય તેને છંછેડવી નહિ, એ ઉકરડા ખોતરતાં કાંકરા જ નીકળે. કેટલીક વાતો ભૂલી જવા જેવી છે, એમાંની આ એક.

વિનોદનાં બા, હીરાલક્ષ્મી એટલે ધર્મને પૂછીને પગ ભરનાર, ડગ માંડનાર. વિનોદ તમારી કૂખ ઉજાળશે, નામના કાઢશે આવી વાત કોઈ જોષીએ તેમને કરી ત્યારથી વિનોદ પ્રત્યે જોવાનો એમનો દૃષ્ટિકોણ બદલાઈ ગયો. આવી બાબતોમાં પણ પૂરી શ્રદ્ધા ! એમના ઓરડામાં ભગવાનની મૂર્તિઓ, પૂજા-પાઠની સામગ્રી પડી જ હોય. જ્યારે જ્યારે વિનોદની વાત થતી હોય ત્યારે ત્યારે તેમની આંખ સજળ બને છે. માતૃહૃદય હાલી ઊઠે છે, વાત્સલ્યપૂર્ણ હૈયું ભીંજાય છે, દ્રવ્યા કરે છે, રટ્યા કરે છે... ‘આઝાદીની આહુતિમાં મેં મારા લાડકવાયાનું શીર્ષ ધર્યું છે. એણે મારી કૂખ ઉજાળી છે.’ હીરાલક્ષ્મીને પાંચ પુત્રો, – કુંતીની જેમ, તેમાં વિનોદ પ્રત્યે વિશેષ લાગણી – જેમ કુંતીને અર્જુન પ્રત્યે. વિનોદના અવસાન વખતે એમનાથી સહજ બોલાઈ ગયું : ‘મારા પાંચ પાંડવમાંથી વીર યુદ્ધમાં હણાઈ ગયો.’

* * *

વિનોદનું શબ ઘેર આવ્યું છે...

આ પહેલાં હીરાલક્ષ્મી પૂજા-પાઠ કરી રાહ જોતાં બેઠાં છે કે વિનોદ ઉતાવળમાં જમીને ગયો છે, આવે એટલે સાથે જમીએ. વિનોદ નહિ, પણ વિનોદનું શબ ઘેર આવે છે ! તે દિવસે જમતાં જ નથી, બીજે દિવસે જમતાં નથી. ‘મારો વિનોદ ઘેર આવશે ત્યારે જ જમીશ.’ દાઝયા ઉપર ડામ ! – એમનાં સંબંધી કહે, ‘છૈયાને શું કામ મોકલ્યો હતો, ને હવે ખાતાં નથી !’ ત્યારે હીરાલક્ષ્મીએ સ્વસ્થતાથી સંભળાવી દીધું : ‘ગોળીઓ ખાવા મોકલ્યો’તો.’

જમનાદાસ હીરાલક્ષ્મીને સમજાવે છે – શાસ્ત્રોમાંથી વીરોનાં, વીરમાતાનાં અનેક ટિપ્પણો, ગાંધીજી સાથેના સંપર્ક વગેરે યાદ કરાવીને. જમનાદાસ એક જાપાની વિધવાની વાત કરે છે :

1905નો જમાનો હતો. જાપાન અને રશિયા વચ્ચે યુદ્ધ ચાલતું હતું. એક નાનકડો દેશ જબરા મોટા રશિયા સામે ટક્કર ઝીલી રહ્યો છે. એના લશ્કરની સંખ્યા ખૂટતી જાય છે. જાપાની સરકાર ઠરાવ કરે છે કે કોઈ પણ કુટુંબ એક કરતાં વધારે પુત્ર રાખી શકે નહિ. એક વિધવા હતી. તેને સાત પુત્રો હતા. છ પુત્રો યુદ્ધમાં હણાઈ જાય છે, ખપી જાય છે. સાતમો પુત્ર યુદ્ધમાં જાય એ એની ઇચ્છા છે. પણ, યુદ્ધના નિયમોને

કારણે મોકલવાની સગવડ ન હતી. દેશને ખાતર ફના થવું ઉચિત માની તે આપઘાત કરે છે, પુત્રને યુદ્ધમાં જવાનો માર્ગ મોકળો કરી આપે છે. માતાની ચિંતા એના મગજ પરથી હટાવી દે છે.

આ સત્ય ઘટના હીરાલક્ષ્મી પર ઘેરી અસર કરે છે. એમનું દુઃખ હળવું થાય છે; અને દૂધ પી અનશનવ્રત તોડે છે. જમનાદાસ, હીરાલક્ષ્મીને કબૂલ કરાવે છે કે હજુ ચાર દીકરા છે, એકની આહુતિ દેશ માટે લેવાઈ છે, બાકીના ચારેય મોકલવા પડે તોય શું ?

જ્યારે આયર્લૅન્ડની આઝાદી માટે લડનારને અંતે ફાંસી આપનાર પેટ્રિક પિયર્સ ઘેરથી નીકળ્યો ત્યારે તેની માએ, તે કવિ છે માટે 'માતાના હૈયાના દુઃખના બોલ કવિતામાં મૂકજે'[86] એ માગણી કરી હતી. માતાના હૈયાના રુદનનો સણકો મા જ જાણે.

* * *

શહીદ આપનાર મા ધન્ય ગણાય. એવી માતાનું હૈયું જરૂર હરખાય; ફુલાય. એવી માતા ગર્વેય રાખી શકે – જો ધાવણમાં વીરત્વનાં દૂધ પાયાં હોય. ગામડામાં ભાટ-ચારણો ગાતા ફરે છે :

જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર,
નહીં તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.

2

વિનોદના કુટુંબમાં વિનોદના પ્રિય મિત્ર આય્યર રહેતા હતા. નટરાજન્ આય્યર દક્ષિણ હિંદના છે. અત્યારે, જ્યારે એમને સમાચાર મળ્યા કે વિનોદ વિશે પુસ્તક લખાય છે ત્યારે સંસ્મરણો કહેવા છેક રતલામથી આવે છે – એટલો એમનો મિત્રપ્રેમ છે ! વિનોદનાં વખાણ કરતાં થાકતા જ નથી. વિનોદની ખોટ એમના જીવનમાં એક મોટામાં મોટી ખોટ માને છે – મનાવે છે.

નટરાજનને કુટુંબમાં રાખવાનો પ્રસંગ શી રીતે પડ્યો એમાં વિનોદના માનસનું એક વલણ સ્પષ્ટ થાય છે. વિનોદનું પ્રાથમિક શિક્ષણ પૂરું થયું – ત્યાર બાદ સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ(1936)માં દાખલ થાય છે. આય્યર વર્ગમાં હોશિયાર વિદ્યાર્થી છે. 'નવો નિશાળિયો' આય્યર સામે ટક્કર ઝીલે છે. પહેલી છ માસિક પરીક્ષામાં આય્યરનું અભિમાન ઓગળી જાય છે; આ વાતનો પાછળના પ્રકરણમાં ઉલ્લેખ છે. આય્યર અને વિનોદ : હરીફો દોસ્તો બને છે. આય્યરના પિતાજીની બદલી થતાં અમદાવાદ છોડવું પડે છે. આય્યર એકલા ફરી પાછા અમદાવાદ આવે છે – કુટુંબકલહને કારણે. તે વિનોદની સાથે રહેવાની માગણી કરે છે. વિનોદે કોઈ મિત્રને નિરાશ કર્યો હોય એવું ભાગ્યે જ બન્યું હશે. આય્યરની મૂંઝવણનો ખ્યાલ કર્યો, પોતાનાં મા-બાપને બધી હકીકત સમજાવી; આય્યરને કુટુંબનું સભ્યપદ મળી ગયું.

86. જુઓ 'શહીદનો સંદેશ', અનુ. ઇન્દુલાલ યાજ્ઞિક, પૃ. 44

વિનોદ અને આય્યરમાં કશો પંક્તિભેદ પળાતો નથી. વિનોદ જ્યારે જમવા બેસતો ત્યારે પૂછતો : 'આય્યર જમ્યો ?' 'હા' કહેવાય તો જમી લેતો; 'ના' કહેવાય તો એની સાથે જ. કોઈ પણ વસ્તુ વિનોદને મળતી તો સહજ પૂછતો : 'આય્યરને આપી કે ?' કુટુંબમાંથી કોઈ પણ વ્યક્તિ આય્યર અલગ છે, પર છે એવું માનતી નહિ, છતાં આ પ્રશ્નાવલિ હોય જ; ટેવ જ બની ગઈ હતી.

આય્યર આ દિવસો ખુશીના, આનંદના ગણાવે છે. જીવનની મીઠી સ્મૃતિ છે, સંભારણાં છે. એમની અંજલિ યાદ કરીએ : 'I deplore as I lost carnest, helpful; noble friend. I am proud, I am a friend of the martyr'[87]

⟐

87. * વિનોદને તેઓ કર્લાઇલ-ટેનિસનના મિત્ર આયરિશ કવિ એલીનહામ ગાય છે તેમ સ્મરે છે –

To remember for years,

To remember with tears !

6

# જીવનદશ્યો : રસ અને ભાવના

બારીના ગોખમાં કબૂતરો મૂકીને આ વિદ્યાર્થી શું ગાય છે ? પેલાં પંખીઓને ઊડીય જવું નથી ? પણ, જાય ક્યાં ? ઓરડો તો બંધ છે ને બારીમાં ચોકિયાત છે. શું કામ જાય ? એનો હિતેચ્છુ, ચાહક બેઠો છે ને ! પંખીઓને પૂછે છે – મીઠા, મધુરા લય-તાનમાં : 'પંખી કહે હોત ઉદાસ.... ?'[88]

2

છીં ! છીં ! અળસિયું – બહુ કદરૂપું, ચીતરી ચડે એવું. આ વિદ્યાર્થી શું કરી રહ્યો છે ? અળસિયાને પકડી પકડી પુસ્તક પર મૂકે છે, પેન્સિલથી રમાડે છે. રાતનો વખત બહુ વધ્યો નથી. પરીક્ષાના થોડા દહાડા બાકી છે. વાંચતાં વાંચતાં થાક્યો લાગે છે ! અળસિયાની ગતિ આનંદથી નિહાળે છે. જુઓ તો ખરા, પાસે ડબ્બો પડ્યો છે – માટીથી ભરેલો. એમાં શું છે ? – અળસિયાં, કેટલાં બધાં છે ? જ્યારે વાંચતાં થાકે છે, કંટાળે છે ત્યારે આ મિત્રો જોડે ગમ્મત કરે છે, હસે છે – એકલો ![89]

એને કેવી ટેવ છે ?! – ધારો કે એની પહેલી મુલાકાત કો'ક લે, પૂછે : 'તમારી ખાસિયતો, શોખ શું ?' 'અળસિયાં રાખવાનો, કબૂતરો સાથે એકાંતમાં વાતો કરવાનો, – ગીતો ગાવાનો.' પેલી વિચારે : 'મૂર્ખો છે, પાગલ છે. નહિ તો આવે ટાણે, એકાંતે – આવી બાલિશ વાતો કરે ?' ચીડનો ભાવ ચહેરા પર લાવ્યો ન લાવ્યો કરી, જરા છેડો

---

88. ડૉ. પ્રિયબાળાબહેને આ ખાસિયત ખાસ નિહાળી છે.

89. કુ. વીણાબહેને એ ડબ્બો હજુય સાચવી રાખ્યો છે.

સમારી, અંગૂઠો ભોંયતળિયે ઘસી, કાંડા પર ઘડિયાળ હોય તો તે જોઈ, તીરછી નજર કરી કચવાટના અવાજમાં કહે : 'ઠીક છે'... ને આગળ પૂછે : 'હું જે કહું છું તે વિશેષ ખાસિયતો... વધુમાં ?' 'વિશેષમાં કશું નથી, જે છે તે રજૂ કરું, ઊભાં રહો' એમ કહી આપણો ગમ્મતી નાયક[90] ઊઠીને ડબ્બામાંથી અળસિયું કાઢી પેલીના હાથમાં મૂકે ! આવું હડહડતું અપમાન ?! – ભલી હોય તો પેલી છંછેડાઈને ઘરનો રસ્તો માપે ! સ્ત્રી, પુરુષે એકાંતમાં કરેલું અપમાન અપમાન ગણતી જ નથી. જાહેરમાં ચંપલ ઉગામે તો ના ન કહેવાય !

3

આ તોફાની કૉલેજિયન કોણ છે ? પ્રિન્સિપાલ જાણશે તો એનો દંડ નહિ કરે ? જુઓને, એના હાથ લોહીલુહાણ થયા છે. અરે, આ તો આપણો વિનોદ છે ! એણે શું કર્યું છે તે હાથ લોહીલુહાણ થાય ! (આઝાદી મેળવવાની તમન્નાએ કોઈ અંગ્રેજનું ખૂન તો નથી કર્યું ? ક્રાંતિકારી પ્રવૃત્તિનો જાણકાર અને એ વિચારોમાં મસ્ત આ કૉલેજિયન હિંસાત્મક પ્રવૃત્તિ આચારમાં મૂકી દે છે ? ના, ના. હિંસા કરવાનું પગલું એ ન ભરે.) તો, એણે શું કર્યું છે ? – વાતચીતમાં મિત્રો કહે છે કે 'સરકારી કૉલેજનો ભાંગીને ભૂકો કરી દેવો જોઈએ' એટલે હાથ વડે કાચનાં બારી-બારણાં તોડવા જાય છે ! તેથી આ સ્થિતિમાં મુકાયો છે. ચોરની મા ઘડામાં મોં ઘાલીને રુએ, છાનોમાનો દવાખાને જઈ પાટો બંધાવી આવે છે. હાથ છુપાવ્યો કેટલા દહાડા રહે ? પેલા દિનુભાઈ જોઈ જાય છે, ત્યારે જવાબ આપે છે : 'બૉમ્બ ફોડવાની યોજના નિષ્ફળ જતાં હાથ ફોડાઈ ગયો ! (ધીમે રહીને) બોલો 'ઇન્કિલાબ ઝિંદાબાદ'. ઘરમાં કોઈને કહેવા જેવું નથી.'[91]

4

બાર વર્ષનો છોકરો વિશાળ મકાનના ચોથા માળે એકલો ઓરડામાં ઘસઘસાટ ઊંઘમાં છે. બાજુના મકાનની અગાશીમાં કંઈક ખખડાટ થાય છે. પેલા છોકરાની ઊંઘમાં કંઈક ખલેલ પડે છે. પાસું ફેરવીને સૂઈ જાય છે. કો'કનાં પગલાંનો અવાજ થાય છે – ઘરમાં ચોર દાખલ થયો છે. પેલી અગાશીમાંથી છોકરાના ઓરડા પાસે આવે છે અને ઉપરના જાળિયામાંથી હાથ નાખીને બારણું ખોલવા પ્રયત્ન કરે છે; ત્યાં તો પેલો છોકરો જાગી જાય છે. તેને ચોર આવ્યાની ખબર પડી જતાં બીજું બારણું ખોલી તેનાં બા અને બાપાને જગાડે છે. અવાજથી ચોર ચેતી જાય છે અને રસ્તો માપે છે ! આવો પ્રસંગ બન્યા છતાં આ છોકરો, વિનોદ રોજ એ જ ઓરડામાં સૂએ છે એકલો ! ફરીવાર પણ, ચોર આવવાનો પ્રસંગ ઊભો થાય છે. તે વખતે પણ અજબ હિંમત દાખવે છે. છતાં એ ઓરડામાં એકલું સૂવું નથી એમ કહેતો નથી.[92]

---

90. 'ગમે તેવી ગંભીર બાબતોને હાસ્યમાં પલટવાની તેને ટેવ હતી.'
91. ડૉ. દિનુભાઈની માહિતીના આધારે.
92. તે વખતે એમનું ઘર હરિભક્તિની પોળ, સાંકડીશેરીમાં હતું.

5

આ ચિત્ર તો જુઓ.

પરીક્ષા પૂરી ન થઈ હોય ત્યાં સુધી મગજ પર જાણે વજ્ર અને છેલ્લું પેપર જાય એટલે ફૂલ જેવી હળવાશ ! આ, પરીક્ષાના પ્રત્યાઘાત ઓછા કરવા વિદ્યાર્થીઓ સિનેમા જોવા જાય છે, નાસ્તાઘરોમાં હાજરી આપે છે; કાં તો ઊંઘવાનું શરૂ કરે છે. આ વિદ્યાર્થી તો જડભરત જેવો છે. સાચા અર્થમાં હજુ પરીક્ષાના પ્રશ્ન પરથી શાહી પણ સુકાઈ નથી, આરામની વાતો કરતો નથી ને સીધો પરીક્ષાના હૉલમાંથી મા. જે. પુસ્તકાલયમાં શું દાટ્યું હશે તે જતો હશે ? ભલા, આવાય વિદ્યાર્થીઓ છે !

* * *

મિત્ર શંભુપ્રસાદની ના કહેવા છતાં નદીના ઊંડા પાણીમાં પડતો આ છોકરો કોણ છે ? પોતાની બહેનોની બેબીઓને પરેશાન કરી રડાવતો, તે ભુલાવવા ગોળ ખવરાવતો, કાં તો પૈસો આપતો, નાના ભાઈ જોડે કોઈક વાર ઝઘડતો, સુમેળ કરતો આ કિશોર તરત જ ઓળખાઈ જાય છે. આ ‘નવો નિશાળિયો’ પણ એ જ છે, જેના આગમન પછી લેવાયેલી પ્રથમ છમાસિક પરીક્ષાના પરિણામથી હંમેશાં પ્રથમ આવનાર વિદ્યાર્થી આય્યર ધોળી પૂણી જેવા થઈ ગયેલા નથી લાગતા ? શિક્ષક ડાહ્યાભાઈ પટેલના ખેતરમાં અવાવડ ઘાસની ગંજીમાં પડેલા સાપને સંગ્રહસ્થાનના સાપની માફક છંછેડનાર, સાપ વાંસે પડે છે ત્યારે ઊભી પૂંછડીએ મૂઠીઓ વાળી ભાગનાર બીજો કોઈ નહિ; વિનોદ જ હોવો જોઈએ. બહેનના ભાણા જગતને રમાડી રમાડી ખુશ થતા, તેથી કૉલેજમાં જવાનું મોડું કરનાર આ વિનોદ પોતાની જાતે કપડાં ધોવામાં શરમ નથી અનુભવતો, ભલે મિત્રો જુએ; સગાં જુએ. જુઓ ને – એ સિકંદરાબાદ આવ્યો છે. ત્યાં મિત્ર આય્યરને ઘેર ખોરાક હાથે પકવવાના પ્રયોગ કરનાર આપણો પરિચિત છે. રસોઈ બગડે છે પણ ખરી – ઠપકો હોય છે : એકબીજાની આંખમાં, હાસ્યરૂપેય પ્રગટ થાય છે. ગણિત ભણાવવા આવનાર રાવજીભાઈની ‘પરેડ’ લેવાની એને ટેવ છે. તોફાની, હસમુખો, વિનોદી છે તોય ઠાવકો બની પિતાજીની, બાની વાતો પર વિચાર કરનાર પણ એ જ. નંબર પ્રમાણે ટેબલ પર વીણાએ ચોપડીઓ ગોઠવી નથી, રૂમમાંથી કચરો વાળ્યો નથી માટે તેને બોલાવી રડાવીને, હાથમાં સાવરણી પકડાવી, ફોટો લેનાર આ વિનોદને આપણે શું કહીએ ?

6

આ કુદરતપ્રિય, કૃત્રિમતાવિરોધી વિનોદને ગરીબો પ્રત્યે અનહદ સમત્વ જ નહીં, પણ તેમને માટે પોતાથી બનતું કરી છૂટવાની ભાવના પણ ખરી. A man is known by the company he keeps. આ બેકને કહ્યું છે, તે ખોટું નથી. શંભુપ્રસાદ ભટ્ટ, વર્ગમિત્ર રસિક શાહ ગરીબ ઘરના માણસ, વિનોદના પરમમિત્ર છે. વિનોદ નાશવંત જગત છોડી ચાલી ગયો છે, પણ એ મિત્રોને કરેલી મદદ એને અમર કરે છે.

વિનોદના મિત્રોમાં ગરીબોનો સમાવેશ એટલું જ નહિ, કુદરતી ખોડવાળાનો પણ ખરો. જુઓ, એકનો પગ લંગડો છે, રમણલાલ ઠૂંઠો છે. વિનોદ કોઈના પ્રત્યે ભેદ રાખતો નથી. સામાન્ય સ્વભાવ એવો હોય છે કે ખોડવાળા માણસ, માણસની હરોળમાંથી ચોકડીની નિશાનીને પાત્ર હોય છે, પણ લેડી જ્યૉર્જ ઇલિયટની માનસપુત્રી, મેગી જેવી વિરલ વ્યક્તિઓની વાત જુદી હોય છે.[93] વિનોદનું હૃદય મેગી (Maggie) નું હૃદય છે. ખોડવાળાઓનું સૌખ્ય કરતાં, સ્નેહ કરતાં શરમાતો નથી. ઊલટું ગૌરવ લેતો હોય છે !

કોઈ માંજરો, કોઈ લૂલો, કોઈ ઠૂંઠો, ને કોઈ ગરીબ જ એના મિત્રો છે એવું નથી. ગીદવાણી જેવા પૈસાદારના પુત્ર પણ એના પરમમિત્ર છે. બાપુ કહેતા હતા : અંગ્રેજો સાથે વેર નથી, પણ એમના શાસન પ્રત્યે છે. દક્ષિણ આફ્રિકામાં જનરલ સ્મટ્સ સાથે બાપુએ મોરચો માંડેલો, પરંતુ આમ ગાઢ મૈત્રી. આશ્રમમાં બનાવેલી ચંપલ પણ મોકલાવે. બાપુ ધનિકોને ધિક્કારતા નહિ, પણ ધનસંગ્રહને ધિક્કારતા. અનેક મિલ-માલિકો, ગાંધીજીના જિગરજાન દોસ્ત હોવાથી એમની 'ધનિકોના દલાલ' એવી ટીકા પણ થઈ. પરંતુ, આ વસ્તુનો ભેદ સમજવા જેવો છે. દુષ્ટ માણસને જરૂર ચાહી શકાય, પણ દુષ્ટતાને નહિ. ગરીબોને ચાહનાર, અપંગોને ચાહનાર, પૈસાદારને ન ચાહી શકે, સૌંદર્યને ન ચાહી શકે તેવું કેમ બને ? માણસ, એક હોવા છતાં ઘણું સમાવી શકે છે – વૉલ્ટ વ્હિટમન કહે છે તેમ. વિવિધતામાં પણ એકતા જાળવી શકાય છે એના મિશ્રણરૂપ વિનોદનું સ્વરૂપ હતું. ગીદવાણીથી કદી અંજાય પણ નહિ, સાચી વાત કહેતાં ખમચાય પણ નહિ, - તેનો ઉપકાર માથે ચડાવે નહિ, ઉપકાર કરી છૂટવાની દાનત રાખે. જે હંમેશાં બીજાની આશા રાખતો હોય તે બહુ ઓછાને મદદ કરી શકે.

વિનોદના વિચારક અને વિદ્વાન મિત્ર હોય તો તે દિનુભાઈ પટેલ, વિનોદની બધી સમસ્યાઓનો – દ્વિધાઓનો અંત આણનાર. દિનુભાઈ સાથે અનેક તાત્વિક ચર્ચાઓ થાય – અનેક વિષયો પર. ઘણી વાર તો એવી ગંભીર ચર્ચાઓ ઉત્પન્ન કરે કે દિનુભાઈને આશ્ચર્ય થાય. દિનુભાઈએ કહ્યું છે : 'મારા પર વિનોદે સિકંદરાબાદથી કાગળ લખેલો. એ કાગળ આજે મારી પાસે હયાત નથી, પણ સત્તર વર્ષનો છોકરો કેવા વિચારો, કેવી તમન્નાઓ ધરાવે છે એનો તાદશ ચિતાર એના શબ્દેશબ્દમાં નીતરે. મને કાગળો સંઘરી રાખવાની બહુ ટેવ નથી, પણ એને તો મેં સાચવી રાખેલો – ઘણી વાર વાંચેલો, પણ આજે મળતો નથી. તમને લાગશે કે હું માત્ર મારા મિત્રનાં વખાણ જ કરું છું. પણ ના. તેમ નથી. મારે જે સત્ય હોય તે કેમ છુપાવવું ?

દિનુભાઈ સેવાભાવી, ગરીબોને ખાતર કંઈક કરી છૂટવું-ની ભાવનાવાળા છે. દિનુભાઈ વિનોદના ગુરુ જેવા હતા. વિનોદની ઉન્નતિ, એ એમને મન પ્રાણપ્રશ્ન હતો

---

93. જુઓ : 'The Mill on the Floss' એક કરુણ નવલકથા. જેને ટોમ ધિક્કારે છે એ જ ખોડવાળા ફિલિપને ટૉમની જ બહેન મેગી વફાદારીથી પ્રેમ કરે છે.

– છે. વિનોદ મોટે ભાગે દિનુભાઈની સાચી અને સારી સલાહ સામે દલીલ, કરવા ખાતર કરતો નહિ. ગાંધીજી ગોખલે વિષેનાં સંસ્મરણો લખતાં લખે છે, 'સાચો શિષ્ય તો ગુરુમાં સમાઈ જાય.'[94] સાચે જ વિનોદ એના પથદર્શકમાં ભળી જવા માગતો હતો, મળી જવા માગતો હતો. આજે તમે એની હાઈસ્કૂલ, સેન્ટ ઝેવિયર્સના પ્રિન્સિપાલ મોરે કે ફાધર દુરાનને મળો તો વિનોદ વિશે વખાણ કરતાં થાકશે નહિ, એવી પ્રીતિ વિનોદે ગુરુજનો પાસેથી મેળવી છે.

ભાર મૂકીને દિનુભાઈ આ વાત કહેવાના : વિનોદ જ્યારે સરઘસમાં જવું જ જોઈએ એવા આગ્રહનો હતો, ત્યારે મેં એને શિથિલ કરવા ઘણા પ્રયત્નો કર્યા – એ રીતે કે હું એને દેશભક્તિ વિરુદ્ધ વાત કરું છું એવી છાપ ન પડે એ સાચવીને. મેં એને સિનેમા જોવા જઈશું એવું પ્રલોભન પણ આપ્યું – એને સિનેમા જોવાનો પણ શોખ ખરો. એનો જવાબ હતો : દિનુભાઈ, આ વસ્તુ શોભતી નથી. સરઘસ મારી કૉલેજ પાસે થઈને નીકળવાનું છે, ત્યારે મારે તો જવું જ જોઈએ.

દિનુભાઈ કહે : પણ, ગઈ કાલે તને વાગ્યું છે. હજુ ખભા પર સોજો છે – અને આજેય લાઠીનો માર તો પડવાનો છે જ. તું માંદો પડી જઈશ. વિનોદ કહે : આ તો શું માર કહેવાતો હશે ? કંઈ નથી. આપણે તો માત્ર ચંદ્રશેખર આઝાદની જ વાતો કરી જાણવી છે ! ખબર નથી, એ બાળક હતો ત્યારે જે બેતના માર ખાધેલા તેના લિસોટા મરણ સુધી રહેલા ! એ માંસમાં કેટલા ઊતર્યા હશે, લોહીની શેરો કેવી ઊડી હશે ! દિનુભાઈએ વધારે દલીલ કરવી ઉચિત ન માની.

વિનોદે આ કહી દેવું જોઈતું હતું :

'વર્ષોના સહવાસથી પણ જાણ્યો નહીં તેં મને ?[95]

ઢાળમાં જતું પાણી કોણ રોકી શકે ?

* * *

વિનોદ ભોગ-વિલાસ પ્રત્યે અરુચિ ને અણગમો દર્શાવે છે. એની સમજમાં વાજિદઅલી માફક ભોગ-વિલાસ કરતાં મહારાણા પ્રતાપની તરફ સંકટમાં દિવસો ગુજારવા સારા છે. ઔરંગઝેબના સવારોની જેમ હુક્કા, ખાન-પાન ને વારાંગનાઓ સાથે લેવા કરતાં શિવાજીના સવારો માફક ચણા બાંધીને જવું ઉત્તમ છે. ચાર્વાકવાદ ઉપર તો એણે ઘણી વાર દિનુભાઈ જોડે ચર્ચા કરેલી : ऋणं कृत्वा घृतं पीबेत्, भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतो भवेत् ? આના કટાક્ષમાં ઘણી વાર રમૂજી પ્રશ્નો ઊભા કરી હસાવતો.

જો આ શરીરનો નાશ જ થવાનો હોય તો દેવું કરીને મેળવેલું ઘી ખાઈને તાજા શું કામ થવું ?

---

94. 'ઉપાલંભ' (કાવ્ય) – કાન્ત 'પૂર્વાલાપ' : પૃ. 111

95. શ્રી નટરાજન્ આય્યરની માહિતીને આધારે.

**7**

સાઇકલની ટોકરી ખખડાવી આ છાપાવાળો – ફેરિયો કોનું ધ્યાન દોરી રહ્યો છે ? પાંચ-સાત મિત્રો વચ્ચે ઊભેલ મિ. કિનારીવાલા બહાર આવે છે. તેને મળે છે – ખિસ્સામાંથી બે આના કાઢી તેને આપે છે. 'આજે કામમાં છું,' કહી વિદાય કરે છે – વિનોદ, આ ફેરિયાને મળે છે ત્યારે બે આના – ચાર આના જેવું આપવાનું ભાગ્યે જ ચૂકે; એ ફેરિયો બહુ ગરીબ માણસ છે – બચરવાળ હશે ? (એ કામ કરનાર ધનિકો હોતા નથી એ કોની જાણ બહાર છે ?)[96]

એક ચીંથરેહાલ ભિખારણ, એની આંખમાં આંસુ છે, અવાજમાં આર્તતા છે; કાખમાં છોકરું છે – મેલમાં ઢંકાયેલું, ચીમળાઈ ગયેલું બાળક ! એ સ્ત્રી, આ લેંઘા-પહેરણ પહેરેલા જુવાન સામે હાથ ધરે છે, ઍલ્યુમિનિયમનો બેસી ગયેલો વાડકો પેલા બાળકના હાથમાં છે તે લંબાય છે ! પહેરણના ઉપલા ખિસ્સામાં જેટલા પૈસા હતા – આઠ આના – એટલા બધા વાડકામાં નાખી દીધા ![10] પેલા જુવાનનો મિત્ર શંભુપ્રસાદ ભટ્ટ, બકરી ઉપર સિંહ તાડૂકે તેમ ગર્જી ઊઠે છે : What a foolish action you did ! બસમાં ઘેર જવાના પણ પૈસા પાસે રહ્યા નથી એવા વિનોદે, ધીમે અવાજે કહ્યું : 'અરે, ચલકે જાયેંગે, હમ તો નૌજવાન હૈં, પૈર તૂટ નહીં ગયે ! તમારી પૂજામાં ભગવાન નથી. તમે તો નામના જ આસ્તિક છો, સાહેબ !'[97]

**8**

ગરીબી પાપ નથી, અમીરી આશીર્વાદ નથી. આ વાત તો કહેવામાં જ, માનવામાં જ. કેટલા અમીરોએ ગરીબોને પોતાના દરજ્જાના ગણ્યા છે ? કેટલા અમીરોએ, જો વાહવાહ ના થતી હોય તો ગરીબો ખાતર, ગરીબી મિટાવવા પ્રયત્ન કર્યો છે ? વિનોદ માનતો કે ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગ્યો નથી – જાગશે તો મહેલાતો નહીં રહેવા દે,[98] રસ્તાના ભિખારીઓને જોઈ તેને અત્યંત દયા છૂટતી. આ ઉંમર એવી છે કે આવા સહૃદયીને બહુ વલોપાત થાય, સંતાપ થાય. સોડમાં સૂતાં બાળકોને લઈને જે ગરીબો,

96. શ્રી શંભુપ્રસાદની માહિતીના આધારે.

97. સરખાવવાનું મન થાય છે :

हम तो नाम के ही 'आस्तिक' हैं । हर बात में ईश्वर का तिरस्कार करके ही हमने 'आस्तिक' की ऊँची उपाधि पायी है । ईश्वर का एक नाम 'दीनबंधु' है । यदि हम वास्तव में आस्तिक हैं, ईश्वरभक्त है, तो हमारा पहला धर्म है कि दीनों को प्रेम से गले लगायें, उनकी सहायता करें, शुश्रषा करें । तभी न दीनबंधु ईश्वर हम पर प्रसन्न होगा ? – पर ऐसा हम कब कर सकते हैं ? हम तो दीनदुर्बलों को ठुकरा–ठुकराकर ही आस्तिक या दीनबंधु भगवान के आज भक्त बन बैठे हैं । दीनबंधु की ओट में हम दीनों का खासा शिकार खेल रहे हैं । कैसे अद्वितीय आस्तिक हैं हम ! – વિયોગી હરિ

98. આ પ્રેરણાપ્રદ હોય ખરું.

ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે,
ખંડેરની ભસ્મકણી ન લાધશે.

- ઉમાશંકર જોશી ('ગંગોત્રી', પૃ. 30)

નિરાધાર ફૂટપાથ પર સૂતાં છે એમના માથે આભ છાપરું ને ધરતી ભોંયતળિયું છે. કુદરતનાં ખરાં બાળ તો આ. વિનોદનો વિશ્વાસ હતો કે દરિદ્રનારાયણ એ જ ગરીબનું હૃદય.

વિનોદ પ્રસંગમાં આવેલ ગરીબને યથાશક્તિ મદદ કરવાનો પ્રસંગ ચૂક્યો નથી. ગરીબોને છંછેડાતા જુએ તો આત્મા છંછેડાતો અનુભવે, કારણ કે, વિયોગી હરિના શબ્દોમાં जिसके हृदय में थोडा सा भी प्रेम है, वही दीन–दुर्बल को कभी नहीं सता सकता । .... दरिद्र–सेवा ही सच्ची ईश्वरसेवा है । दीन–दयालु ही आस्तिक है, ज्ञानी है, भक्त है, और प्रेमी है । दीन–दुखियों के दर्द का मर्मी ही महात्मा है । गरीबों की पीर जाननेवाला ही सच्चा पीर है ।[99]

* * *

'વૈષ્ણવ્વજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે,

પરદુઃખે ઉપકાર કરે તોય મન અભિમાન ન આણે રે'

વિનોદ આવો સાચો વૈષ્ણવ હતો. એનો દાખલો જુઓ – શંભુપ્રસાદને પાંચ રૂપિયા જોઈએ છે. ગરીબ માણસ છે, ગરીબ માણસને કોણ ઉછીના આપે ? અમુક તારીખે જો એ દંડના પૈસા અદાલતમાં ન ભરપાઈ કરે તો જેલમાં જવાનો પ્રસંગ ઊભો થાય. વિનોદને કહી શકતા નથી. વિનોદ આ વાતનો મર્મ જાણી જાય છે. નિયત તારીખને દિવસે અદાલતમાં વેળાસર પહોંચી જાય છે, પાંચ રૂપિયાની પહોંચ લઈને નીચે સોપાન ઊતરી રહ્યો છે, ત્યારે શંભુપ્રસાદ વીલે મોંએ (અમુક દહાડા જેલમાં રહેવું પડશે એ બીકે અદાલતનો એમને એ વખતે બહુ ભય) સોપાન ચઢી રહ્યા છે ! 'દીનદુઃખિયાના દર્દનો મર્મી-મહાત્મા,' મિ. ભટ્ટને દાદરે ભટકી પડે છે ! વિનોદ એમને ચીડવીને આખો રહસ્યપડદો ખુલ્લો કરે છે. બંને મિત્રો હસતા હસતા ઊતરે છે. વિનોદ ભટ્ટ પાસેથી પૈસા લેતો નથી ને કરેલા ઉપકારની વાત કહેતો પણ નથી !

## 9

વિનોદને વેપાર પ્રત્યે બહુ તિરસ્કાર છે. વેપારમાં જે નીતિ અપનાવવામાં આવે છે તેથી તે 'માનવતાનું ખૂન' થતું જુએ છે. વેપારમાં થતો ધૂમ નફો નીતિને લાત મારીને કરવામાં આવે છે ને પાટિયાં ચોડ્યાં હોય : 'Honesty is the best policy.' પ્રામાણિકતાના અભાવવાળી વેપારી પ્રથા પોતાના દેશની દુનિયાના બજારમાં આબરૂ ગુમાવે છે. ભારતના વેપારી માનસે ગુલામીમાંથી વેળાસર ઊંચે તેને આવતું રોક્યું છે. અમીચંદ જેવા કુલાંગાર વેપારીએ જ છેહ દીધેલો ને ! વ્યાજ લેવું વિનોદને ગમતું નહિ.[100] એમાં ગરીબોની ભીડનો, સંકટનો લાભ લેવાય છે. આધુનિક આંટીઘૂંટીવાળા અર્થશાસ્ત્રથી એ અજાણ હશે, પણ અહીં તો તેનું માનવ – દૃષ્ટિબિંદુ જોવા મળે છે.

---

99. શ્રી વિયોગી હરિ - 'दीनों पर प्रेम'

100. વ્યાજ જેવી વસ્તુ ન હોવી જોઈએ. બલકે, તેથી ઊલટું કપાત હોવી જોઈએ, – કિશોરલાલ મશરૂવાળા. સમર્થન માટે જુઓ : 'સમૂળી ક્રાંતિ', પૃ. 98

યુરોપમાં એક કાળે પૈસાદારોને ઝેર આપી તેમની દોલત કબજે કરાતી, આજે ધનિક વેપારી ગરીબ લોકોના ખોરાક સુધ્ધાંમાં અશુદ્ધિઓ ભેળવે છે. આ પ્રત્યે કોઈ પણ સહૃદય યુવકને કેમ દુઃખ ન થાય ?

વિનોદ કુદરતપ્રિય માણસ. ગામડામાં જવું એને બહુ ગમે છે. એ હંમેશાં માનતો કે કુદરત એને પ્રેરણારૂપ છે. કુદરત કદી કોઈની વંચના ન કરે. દુઃખનું ઓસડ મળી રહે એમ માનતો – કવિ કીટ્સની પેઠે. ઘણી વાર દિનુભાઈ અને એ બન્ને સાઇકલના પ્રવાસોમાં અમદાવાદ બહાર ઘણે દૂર નીકળી જાય. સાઇકલનો વિનોદને ખૂબ શોખ.

વિનોદને છબિ પાડવાનો (Photography) ખૂબ શોખ. એની શાખ આજેય ફોટાઓથી ભરેલી પેટી પૂરી પાડે છે. પ્રિયબાળા હજી દોરી પર કપડાં સૂકવે છે ! શરદના મોંમાં હજીય ભાખરી છે ! પોતે સિકંદરાબાદ ગયેલો તે વખતની તસવીરો ઘણી છે. અજંતા-ઇલોરાની ગુફાઓમાં – એક ઝાડમાં તે બંદરની માફક ચઢી બેઠો છે. ઉનાળાની બપોરમાં લહેરથી ઊંઘતી તસવીર લેવરાવી છે.

કલા વિભાગના વિદ્યાર્થીઓના પ્રમાણમાં વિજ્ઞાન વિભાગના વિદ્યાર્થીઓમાં સાહિત્યરસ સારો જોવા મળે છે. વિનોદ પણ સાહિત્યરસિક આત્મા હતો. એને સંસ્કૃત ઘણું ફાવતું. અંગ્રેજી વધુ સારી રીતે બોલી શકે, જાણી શકે તે માટેના વધારાના વર્ગો સેન્ટ ઝેવિયર્સમાં ચાલતા, તેમાં તેની હાજરી અચૂક ગણાતી. એણે એક વર્ષ તો બે ધોરણ સાથે કરીને બચાવેલું ! જ્યારે તેના નાના ભાઈ ભરતને તેમ કરવા કહેવામાં આવ્યું ત્યારે કહ્યું, ‘‘આપણાથી એ ન થાય.’’ વિનોદનો સ્વભાવ જ સાહસિક, કંઈ નવું કરવું – થતું હોય તો સાથ આપવો – એ એનો ગુણ.

સાદાઈ એના પ્રમુખ ગુણમાં ગણાવી શકાય. કૉલેજમાં એ લેંઘો અને પહેરણ જ પહેરે છે. એને પહેલા વર્ષની પરીક્ષા બાદ સિકંદરાબાદ જવાનું થાય છે ત્યારે જ પાટલૂન સિવડાવવાનો મનસૂબો કરે છે. એ કપડાંના ભપકાથી કોઈને આંજવા પ્રયત્ન કરતો નથી. કપડાંને ઇસ્ત્રી કરે ન કરે તો પણ તમા રાખતો નથી, ખમીસને બટન હોય કે ન હોય તેની પરવા નહિ, ખૂટતું ચલાવી લે.[101] ઓછી વસ્તુઓમાં નભાવી લેવાનું એને ગમે છે. એકીસાથે બે સાઇકલો પર બેસાતું નથી. એની પાસે વધારે વસ્તુઓ હોય તો એને મિત્રોને કે ગરીબોને આપવાની ટેવ છે. આ બધા ગુણ ક્યાંથી આવ્યા એવું કોઈ છિદ્રાન્વેષી પૂછશે. ભાઈ ! ગાંધીજી પાસે આખી ભાગીરથી વહેતી હતી, પાણીની જરાય તંગી ન હતી છતાં; એક ટોયલીમાં (નાનો લોટો) સમાય એટલા પાણીથી હાથ-મોં ધુએ છે – એ બાપુની ભાવના અને કર્ત્તવ્યની છાપનું આ પરિણામ છે. બાપુના ગુણો વિનોદમાં પિતા મારફતે આવતા લાગે છે. એ ગુણોનું અનુકરણ કરવામાં એ ગર્વ અનુભવે છે.

* * *

101. શ્રી ગોરધનભાઈ પટેલની માહિતીના આધારે.

*ચલ ચલ રે નવજવાન,*
*તૂ હિંદ કે જવાન.*
*ચલ રે નવજવાન ચલ, તૂ હિંદ કે નધ્વજવાન ચલ.*
*જાતિયોં કે કાફિલે, તુઝસે પીછે જો ચલે,*
*આગે વો ગયે નિકલ, ચલ રે નવજવાન, ચલ.*
*નદી ઔર પહાડ હૈ, રાસ્તા ઉજાડ હૈ,*
*ફિર ભી તૂ સંભલ કે ચલ, ચલ રે નવજવાન ચલ.*
*ખડ્ગ તેરે દાયેં હાથ ઔર વિજય બાયેં હાથ,*
*ફિર ભી તૂ સંભલ કે ચલ, ચલ રે નવજવાન ચલ.*
*દેશ કી તૂ રખ્ખ શાન, શત્રુઓં કા ચૂર માન,*
*વીરોં કી સંતાન ચલ, ચલ રે ! નવજવાન ચલ.*

આ, જુવાન વિનોદનું પ્રિય ગીત. વિનોદ સુંદર ગાઈ શકતો. એનો કંઠ સારો હતો. સંગીતનો ખૂબ શોખ. કેટલાંક એનાં પ્રિય ગીતો જેવાં કે 'કાહેકો રા'ર મચાઈ', 'લૂંટ લીઓ મન ધીર', 'તું એકલો જાને રે' એના રૂમમાં બેસી ગાયા કરે છે. ચિત્રો જોવાની આદત એને છે; સારાં ચિત્રો જોવાનું ચૂકતો નથી. એ વખતે 'દેવદાસ' જેવાં પ્રેરણાજનક ચિત્રો ઊતરતાં, 'દેવદાસ'નાં બહુ વખાણ કરે. એ ચિત્ર એકથી વધુ વાર એણે જોયેલું. એને સાયગલનાં ગીતો ખૂબ ગમે.

બૌદ્ધિક, શારીરિક અને આયાત્મિક : આ ત્રણ શક્તિઓના પ્રકાર. વિનોદ શાળા-જીવનમાં પોતાના બૌદ્ધિક વિકાસની હરીફાઈઓમાં ઇનામો મેળવે છે. રમત-ગમતોમાં એ આગળ પડતો ભાગ લે છે. ક્રિકેટની રમતનો એને શોખ, રોજ એની 'પ્રૅક્ટિસ' ચાલુ જ હોય.

હરિશ્ચન્દ્ર ભટ્ટ, કપડાં પહેરવા ન હોય, થીંગડાં દીધેલ ચલાવે, પણ સારું પુસ્તક હોય તો ખરીદ્યા વગર જંપે નહિ. વિનોદ, કંઈક અંશે મર્યાદિત સ્વરૂપમાં આવો ખરો. પુસ્તકો ખરીદવામાં પૈસા ખરચતાં ભાગ્યે જ અચકાય. એણે શું વાંચ્યું છે, કેટલું વાંચ્યું છે એ બધું જાણવા મળતું નથી. એના વિચારો પરથી જણાય છે કે ગાંધીસાહિત્ય એનાથી અજાણ્યું નથી. વિનોદે એને ગમતાં પુસ્તકોનું નાનકડું પુસ્તકાલય વસાવેલું. 'વિનોદપ્રિય' પુસ્તકાલયનાં નંબરો, રજિસ્ટર વગેરે બધું ચોક્કસ. આજે તો વીખરાઈ ગયું છે. છેલ્લે છેલ્લે એ જેના વેચાણ પર પ્રતિબંધ મુકાયેલો તે 'Quit India' પણ ખરીદે છે.

વિનોદનું બધું મમત્વ દાક્તરી વિદ્યા પ્રત્યે દેખાઈ આવે છે. પણ એણે દ્વિતીય વર્ષ વિજ્ઞાનમાં 'એ' ગ્રૂપ લીધેલું. તેનો વિચાર એન્જિનિયરિંગનો અભ્યાસ પૂરો કર્યા બાદ અમેરિકા જવાનો હતો. તે વખતે તેના કુટુંબમાંથી કોઈ પરદેશ ગયેલું નહિ. આંખોનાં ચશ્માંનો નંબર કુદરતી ઉપચારથી ઉતારી શકાય છે એમાં શ્રદ્ધા બેસતાં વિનોદ 'Better Sight Without Glasses' નામનું ડૉ. બેટ્સની પદ્ધતિ પર લખાયેલું ડૉ. હેરી બેન્જામિનનું, પુસ્તક ખરીદી લાવે છે. આવા પ્રયોગો કરવા ધારે છે. બાપુએ યરવડા જેલમાં

સાઠ વર્ષની ઉંમરે આ સાહિત્યનો અભ્યાસ કરી પ્રયોગ કરવા ધારેલા; ત્યારે વલ્લભભાઈએ ઠેકડી ઉડાવેલી ! વાસ્તવમાં, ચશ્માંનો નંબર ઉતારી શકાય છે; આંખોના રોગો હટાવી શકાય છે. વિદ્યાર્થીને આંખની મૂંઝવણ એટલે પાયાની મૂંઝવણ. મિલ્ટનની માફક જ્ઞાનસાધનામાં જ આંખ ગુમાવાય તો કંઈ વાંધો નહિ, પણ માત્ર ખોટા ઉજાગરા કરી બેદરકારીથી આંખ ખોવી કેમ પાલવે ?

આવી સારવારમાં, આહાર-વિહારમાં ધરખમ ફેરફારો કરવા પડે – નિયમિતતાથી, શ્રદ્ધાથી, ખંતથી એક તપશ્ચર્યા જ ! જુઓ, હેરી બેન્જામિનની આપવીતીની કથા જ પ્રેરક નમૂનો છે. વિનોદ કઠિન તપશ્ચર્યા માટે તૈયારીઓ, પુસ્તકના અભ્યાસથી કરે છે. અત્યારે જે તબીબી સારવાર આપવામાં આવે છે તે રોગને મૂળમાંથી હટાવી શકતી નથી; પણ દાબી દે છે. જ્યારે કુદરતી ઉપચાર રોગને કાયમને માટે દૂર કરે છે. સહેલાઈથી મેળવેલું જલદીથી ગુમાવાય છે; એની કિંમત પણ ઓછી અંકાય છે. તપશ્ચર્યાના ફળનો વિનાશ જલદી થતો નથી.

આવી પૂર્વભૂમિકા કરી ત્યાં તો કોઈએ કહ્યું : સામી છાતીએ ગોળી ઝીલી, પ્રેરક આત્મબલિદાન આપી વહેલો આવજે. Whom the God loves dies soon.

⟐

# 7
# સ્મૃતિ અને સંભારણાં

પ્રભાત ઊગશે, ઝગે કળશ મુક્તિ ધામના
નિનાદ જયઘંટના, દરશને જતો આવશે.
તમે ત્યહીં વિરાજશો જનની સોડમાં રાજતા
યશોધન થકી, પ્રસન્નમુખ, આદિ પૂજારીઓ-

સુન્દરમ્[102]

1942માં હજારો શહીદો થયા તે શહીદો અને સિપાહીઓનો ક્રાંતિમાં મોટો ફાળો છે; તેમનું સ્મારક રચો છો તે યોગ્ય છે, કારણ કે તેનાથી જગતના બીજા દેશોમાં હિંદ પોતાનું મસ્તક ઊંચું રાખી શકશે. જે શહીદનું સ્મારક ઊભું કરો છો તેનો પાયો શહીદના લોહીથી સિંચાયેલો છે. એ ઇમારતમાં બલિદાનના પથ્થરો છે.

– જયપ્રકાશ નારાયણ[103]

દશમી ઑગસ્ટ, 1947ના ગુજરાતનાં છાપાં જોશો તો તમને પહેલા પાના પર ભવ્ય શબ્દો લખાયેલ જોવા મળશે. કિનારીવાલાની ખાંભીનું ઉદઘાટન કરવા માટે શ્રી જયપ્રકાશ નારાયણ અમદાવાદને આંગણે પધારી રહ્યા છે. આજે પાંચ-પાંચ વર્ષે, આઝાદી મળવાની પાંચ દિવસની જ વાર છે, ત્યારે ગુજરાત કૉલેજને આંગણે એના

102. 'શહીદોને' - અંજલિકાવ્ય - 'વસુધા', પૃ. 74

103. ઉદઘાટનપ્રવચનમાંથી, જુઓ : પરિશિષ્ટ 1, 1

જ વિદ્યાર્થીની શહાદતનું સ્મારક મુકાઈ રહ્યું છે. '42ના ઑગસ્ટની 10મીથી લગભગ વર્ષ સુધી તો એ સ્થાન પર પોલીસ રહી છે. અને, પછી પણ જાપતો રાખે છે : વીરપૂજા કે શહીદપૂજા ન થવી જોઈએ. લોકો ઘેલા બન્યા છે. આઝાદી મળવાની છે એ વાત જાણી પોણા બસો વર્ષની યાતના ભોગવ્યા બાદ. કિનારીવાલા જેવા અનેકોની આહુતિ લેવાયા બાદ હવે ગણાતા દિવસોમાં હિંદ આઝાદ થવાનું છે. ગણાતી ઘડીઓ ?! પણ કેમ જાણે સમય ખસતો જ ન હોય ! ગુનેગારને ફાંસી મળવાની હોય, એનો વખત ઘોડા વેગે જાય. પણ પ્રેમીને પ્રિયમિલનની રાહ જોવાનો ટૂંકો કાળ કીડી વેગેય જતો નથી !

* * *

વિનોદના મૃત્યુ બાદ બીજે જ દિવસે શહેરના અગ્રગણ્ય કાર્યકરો મળે છે. તેમાં હાજર છે : મિલમાલિક મંડળના પ્રમુખ શેઠ સાકરલાલ બાલાભાઈ, શેઠ કસ્તૂરભાઈ લાલભાઈ, મસ્કતી માર્કેટના પ્રમુખ શેઠ ભોગીલાલ સુતરિયા, શેર બજારના પ્રમુખ ભલુભાઈ દલસુખભાઈ, વકીલસંઘના પ્રમુખ મૂળચંદ આશારામ, તે ઉપરાંત મ્યુ. કાઉન્સિલરો, મિલમાલિક મંડળના સભ્યો, વિદ્યાર્થી મંડળના કાર્યકરો, અમદાવાદના મિલમજૂર મંડળના કાર્યકરો લગભગ, અમદાવાદની બધી સંસ્થાઓ – લૉ કૉલેજના પ્રિન્સિપાલ મુકુંદ ઠાકોર, કૉમર્સ કૉલેજના પ્રિ. ગુરુમુખ નિહાલસિંગ, એલ. ડી. આર્ટ્સ કૉલેજના પ્રિ. રામનારાયણ પાઠક સૌ આ ગોળીબારનો વિરોધ જાહેર કરે છે અને શહીદ વિનોદને ભાવભીની અંજલિ આપે છે. તેના કુટુંબીઓને આશ્વાસન આપતો ઠરાવ પસાર કરે છે.[104]

વિનોદના માનમાં બીજે દિવસે મૌન સરઘસ નીકળે છે. પોળો અને શેરીઓમાં પણ એને માન અપાય છે, ઠરાવ થાય છે. એલિસબ્રિજ વિસ્તારના એ ભાગને 'વિનોદ મેદાન' ગણવામાં આવ્યું છે.[105] શહીદ કિનારીવાલાની પાલખી રૂપે જૈન સોસાયટીથી બે હજાર સ્ત્રી-પુરુષોનું સરઘસ ત્યાં આવવા નીકળેલું.[106] દર અઠવાડિયે 'શહીદ દિન' ઊજવાય છે.[107] દર મહિનાની દશમીએ સરઘસ નીકળે છે એમાં કોઈ ને કોઈ શહીદ થાય છે. એકનો ભોગ ન લેવાય એવું ન બને. એ વખતની વિદ્યાર્થીપ્રવૃત્તિમાં સક્રિય રસ લેતા પ્રો. રમણીકભાઈ શાહે નોંધ્યું છે : 'વિનોદની શહીદીએ અમદાવાદના વિદ્યાર્થીઓને ચાનક ચઢાવી. લોકક્રાંતિના ચાર મહિના પછી પણ અમદાવાદમાં ગોળીબાર એ તો રોજિંદી ઘટના બની ગઈ. વિદ્યાર્થીઓનાં સરઘસ પર કે ટોળાં પર રોજની પાંચ-સાત ગોળીઓ ન છૂટે તો અમદાવાદમાં દિવસ ખાલી ગયો એમ ગણાતું.''[108] વિનોદની શહાદત પછી તો બંદૂકની ગોળીઓ દિવાળીના ફટાકડા જેવી સસ્તી થઈ

104. 'પ્રજાબંધુ' તા. 16-8-'42

105. 'કૉંગ્રેસપત્રિકા' અંક : 17, તા. 1-9-'42

106. 'કૉંગ્રેસપત્રિકા' અંક : 44, તા. 21-9-'42

107. 'સ્વરાજ સંગ્રામ' : 2-7-'43, વર્ષ 1, અંક : 29-40

108. 'આપણી વિદ્યાર્થી હિલચાલ', પૃ. 67

જાય છે. એ ગોળીબારોને પરિણામે શહાદતની વેલ શરૂ થાય છે. તે માળાનો મણકો 'વિનોદ-વસંત-રસિક-ગુણવંત-પુષ્પવદન'[109] એ કાળે સૌને મોઢે હતો. જયાવતીબહેન, પ્રથમ સ્ત્રી-વિદ્યાર્થિનીનો પણ ભોગ લેવાય છે.[110] વિનોદના મૃત્યુમાંથી પ્રવૃત્તિને વેગવંતી બનાવવાની પ્રતિજ્ઞા લેનાર, મૃત્યુનો બદલો લેવાની ઝંખના કરનાર નંદલાલ જોશી બૉમ્બની બનાવટમાં – ફૂટતાં, મૃત્યુ પામે છે. વિનોદના મૃત્યુને થોડા જ દિવસો થયા છે. કેટલાક વિદ્યાર્થીઓએ વિચાર્યું કે ગુજરાત કૉલેજના મકાન પર રાષ્ટ્રધ્વજ ફરકાવવો; એક વિદ્યાર્થીને તૈયાર કર્યો. પટાવાળા પાસેથી ચાવી લઈને કૉલેજના મકાન પર ધ્વજ ચડાવ્યો ![111] પોલીસને ખબર પડી જતાં નિસરણીથી ઊતરી જાય તેમ હતું નહીં. ઊતરતી વખતે એ વિદ્યાર્થી છાતી સમી એકદમ ઢળતી છત પરથી કેમ ઊતરી શક્યો હશે ? વિનોદ જે ધ્વજ સાથે મર્યો હતો તેની શાન જાળવવા કેટલાં સાહસ થાય છે ! આ બધાં વીરત્વ અને શહાદતની કથની કહેવાનો અહીં અવકાશ નથી – એ વીરત્વની, બલિદાનની કથની, રોમાંચક ને રોમહર્ષ છે, આપણું ધન છે.

'43ના ફેબ્રુઆરી સુધી વિદ્યાર્થીઓએ હડતાળો ચાલુ રાખેલી. મજૂરોએ પણ લાંબી હડતાળ પાડેલી. એવા અનેક ભવ્ય પ્રસંગો છે જેને રજૂ કરવામાં પુસ્તકનાં પાનેપાનાં ભરાય. એ દિવસોય એવા હતા, ખમીરેય એવું હતું. એ કળે નવરાતના દિવસોમાં વિનોદની શહીદીનાં ગીતો ગવાય છે.[112] સ્ત્રીઓ સુંદર લટકતી ચાલમાં રૂપેરી ઘંટડી જેવા રણકારમાં, હાથતાળીઓ દઈને ગરબા ગાતી હતી – વીરત્વના, શહીદીના.

દર વર્ષની દશમી ઑગસ્ટે વિનોદનો યાદગાર – 'શહીદ દિન' ઊજવાતો પણ મૂકેલી ઈંટો પાસે જ. ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓને લાગ્યું કે શહીદનું સ્મારક રચાવું જોઈએ. વાસ્તવમાં તો વિનોદ જાણતો પણ નહિ હોય કે એના મર્યા પછી એનું સ્મારક રચાશે; ગુજરાતમાં પહેલી[113] શહીદ ખાંભી થશે ? અને તેની પાછળ એની જીવનકથા પણ લખાશે. એની શહાદતનો મૂક સંદેશ ગોખલેજીના સંદેશા સાથે સરખાવી શકાય. ગોખલેજી હવે અંતિમ ઘડીઓ ગણી રહ્યા છે. પાસે બેઠેલા હિંદ સેવક સમાજના સભ્યોને કહે છે, ''મારું જીવનવૃત્તાંત લખવામાં તમે ન રોકશો, મારાં બાવલાં ઊભાં કરવામાં તમે કાળ ન કાઢશો, તમે હિંદના ખરા સેવક હો તો આપણા ઉદ્દેશો પાર પાડવામાં એટલે હિંદની સેવામાં તમારું જીવન રેડજો.''[114]

પણ, આપણે નગુણા થઈ એમને કેમ ભૂલી જઈએ ? ગગનચુંબી ઇમારત જોતાં પહેલી નજર શિખર પર જાય છે એથી પાયાના પથ્થરની કેમ અવગણના થાય ?

109. વિનોદ કિનારીવાલા, વસંત રાવળ, રસિક જાની, ગુણવંત શાહ, પુષ્પવદન મહેતા, આ વિદ્યાર્થીઓ અને બીજા.

110. 'अहमदाबाद की शहादत'

111. પ્રો. આર. એન. સુતરિયાની માહિતીને આધારે.

112. શ્રી જયપ્રભા શાસ્ત્રીની માહિતીને આધારે.

113. જુઓ : પરિશિષ્ટ 1, ભાગ 5

114. જુઓ : 'ધર્માત્મા ગોખલે', પૃ. 47

ઇમારતનો આધાર પાયો કેટલો ઊંડો ને મજબૂત છે તે પરથી અંકાય છે; સરી જતી રેતી પર રચેલો મહેલ કેટલા દહાડા ટકે ? આઝાદીની ઇમારતના પાયાના પથ્થરો છે – વિનોદ અને એના જેવા અનેક મરણિયા વીરો; જેમણે આપણને આઝાદ બનાવવા જીવનનું બલિદાન આપ્યું. તેથી, ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓ નિર્ણય કરે છે કે શહીદની ખાંભી જ્યાં એનો મૃતદેહ ધરાશયી થયો હતો, જ્યાં એના લોહીથી ધરતી પવિત્ર થઈ હતી ત્યાં રચવી.

વિશિષ્ટ વ્યક્તિઓને હાથે એ ખાંભી આકાર પામે છે. શ્રી રવિશંકર રાવળ નવા પ્રકારનો ખ્યાલ આપે છે, શ્રી ભીખુભાઈ આચાર્ય લડતના ખ્યાલને પીંછીથી મૂર્ત સ્વરૂપ આપે છે, શ્રી ઉમાશંકર જોશી, શ્રી જયંતિ દલાલ અને પ્રો. દાવર ખાંભીમાં મુકાયેલું લખાણ તૈયાર કરે છે, મેળવે છે. ’46માં નિમાયેલી આ સ્મારક સમિતિ ફંડ-ફાળા ઉઘરાવવાનું કામ ’47માં પૂરું કરી દે છે. વધેલી રકમ કૉલેજને સુપ્રત કરે છે. આજે તેના વ્યાજમાંથી ‘‘વીર વિનોદ કિનારીવાલા વક્તૃત્વ સ્પર્ધા’’ ચાલે છે.

શહીદ કિનારીવાલાની ખાંભી, ખરેખર, અમદાવાદના એક જોવાલાયક સ્થળમાં મુકાવી જોઈએ. એનો બાહ્ય દેહ જડ આરસપહાણથી સુશોભિત કરવામાં આવ્યો છે પણ એની અંદર તો ચિરંજીવ પ્રાણ ધબકે છે. એવી કવિકલ્પના કરી શકાય. એનાં ત્રણ સૂચક પ્રતીક છે. એક તો મત્ત આખલા સામે આત્મશ્રદ્ધા અને તમન્નાથી ભરપૂર બળવાળો એક યુવાન ઝઝૂમે છે. એ સૂચવે છે કે પાશવી બળ સામે મનુષ્યનું આત્મબળ યુદ્ધ કરી અંતમાં કેવો વિજય પામે છે ! બીજા પ્રતીકમાં યુવાનના હાથમાં રાષ્ટ્રીય ધ્વજ છે જેનું સૂચન સમગ્ર દેશની જનતાને જાગ્રત કરવાનું છે. ત્રીજું પ્રતીક ધ્રુવતારકનું છે, સહેજ બારીકાઈથી જોનારને જડે છે, તે ધ્રુવતારાની માફક અચળ અને અમર છે એમ સૂચવે છે. ખાંભીની રચના બેનમૂન છે.[115]

2

દસ હજારની માનવમેદની ગુજરાત કૉલેજના મેદાનમાં મળી છે.[116] કૉલેજના આચાર્ય શ્રી ભાંડારકર પ્રમુખ છે. અહીં હાજર છે : અશોક મહેતા, દાદા સાહેબ માવળંકર, શ્રીમતી પ્રભાવતી દેવી, કિનારીવાલાના કુટુંબીજનો, અમદાવાદ શહેરના જાણીતા કાર્યકરો અને નિમંત્રેલા કાર્યકરો. સૌના મુખ ઉપર બે ભાવ તરવરે છે. આવતી આઝાદીની મુક્ત હવા માણવાનો આનંદ, અને શહીદોની યાદથી એમની પ્રત્યેની હમદર્દી. સ્મારક સમિતિનું નિવેદન વંચાઈ ગયા બાદ પ્રમુખ આચાર્ય ભાંડારકર જયપ્રકા-

115. ‘‘બિહારમાં બે-ત્રણ શહીદોની ખાંભી આ પહેલાં તૈયાર કરાઈ છે, પણ આ તમારી તૈયાર થનારી ખાંભી તો ઘણી સુંદર થશે. હિંદુસ્તાનમાં આવી ખાંભી ભાગ્યે જ જોવા મળશે.’’ – રવીન્દ્ર વર્મા, તે વખતના પ્રમુખ અખિલ ભારત વિદ્યાર્થી કૉંગ્રેસ. અમદાવાદમાં વિદ્યાર્થી મંડળની મુલાકાતે આવેલા તે વખતે ખાંભીનો નકશો જોઈને ઉદગાર કાઢેલા. જુઓ : ‘ગુજરાત સમાચાર’ તા. 10-8-1947 પાનું ચોથું.

116. જુઓ ‘ગુજરાત સમાચાર’નો અહેવાલ, તા. 11-8-1947

શને ઉદઘાટન કરવાનું સૂચન કરે છે. માથા પરથી ટોપી ઉતારી જયપ્રકાશજી ગદગદ હૈયે, ભીની આંખે ખાંભીનું ઉદઘાટન કરે છે. શહીદને બે અશ્રુબિંદુથી શ્રદ્ધાંજલિ આપે છે. 1863ની ગેટિસ્બર્ગની લડાઈમાં માર્યા ગયેલાઓને શ્રદ્ધાંજલિ આપતાં અબ્રાહમ લિંકનની આંખમાંથી બે આંસુ ટપક્યાં હતાં – તેમ. શહીદને સાચી અંજલિ શબ્દોથી નહિ, પણ ભાવથી અપાય. ખાંભીની જમણી બાજુના પથ્થર પર કોતરાયેલા શબ્દો શ્રી જયપ્રકાશનું ધ્યાન વારંવાર ખેંચે છે. यह वही पवित्र जगह हय जहाँ इसी कालिज का विद्यार्थी वीर विनोद किनारीवाला ने वतन के लिये सीना तानकर अंग्रेजी नोकरशाही की गोली खाकर अपना खून बहाया था ।

* * *

કિનારીવાલાની ખાંભી, જે સ્થળમાં છે તે ગુજરાત કૉલેજનું, અમદાવાદનું અને ગુજરાતનું ગૌરવ છે. '42ની લોકક્રાંતિમાં પ્રાંતોમાં બિહાર, જિલ્લાઓમાં મીદનાપુર અને સતારા તેમજ શહેરોમાં અમદાવાદ પ્રથમ નંબરે રહ્યાં છે.[117] ગાંધીજીએ અમદાવાદને પોતાની પ્રવૃત્તિનું કેન્દ્ર કરતાં આખા જગતનું ધ્યાન ત્યાં દોરાયું. તે પહેલાં પણ અમદાવાદ રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં નિષ્ક્રિય તો નહોતું જ. જુઓને, 1912માં લૉર્ડ હાર્ડિંજ પર અમદાવાદ-રાયપુરમાં બૉમ્બ ફેંકાયો હતો.[118]

'42ની લોકક્રાંતિ એ આમજનતાનો સામુદાયિક વિપ્લવ હતો. કોઈ આગેવાન હતું નહિ. એમાં વિદ્યાર્થીઓ અને યુવાનો મેદાને પડ્યા. એમની શક્તિઓની સરકારને પિછાન થઈ ચૂકી હતી તેથી દમનનો દંડો સૌથી જોશભેર તેમના પર ફેરવ્યો. અમદાવાદની ગુજરાત કૉલેજ સરકારી કૉલેજ હોવાથી તેની કસોટીના દિવસો હતા છતાં તેના વિદ્યાર્થીઓ મોખરે રહ્યા. ગુજરાત કૉલેજે રાજકીય પુરુષો, સામાજિક કાર્યકરો, સાહિત્યકારો ને વૈજ્ઞાનિકો આપ્યા છે. ડૉક્ટરો, ઇજનેરો અને બીજી અનેક પ્રવૃત્તિઓમાં અનેક નિષ્ણાતો પણ આપ્યા છે. સ્થાપનાથી આજદિન સુધી આ કૉલેજ પ્રબળ તેજ જન્માવતી રહી છે. 'Shirras must go'[119]ની ચળવળમાં એના વિદ્યાર્થીઓએ કેટલું પાણી બતાવેલું ! તે જ ગુજરાત કૉલેજમાં સ્વાતંત્ર્યયજ્ઞમાં આહુતિ આપવા વિનોદ કિનારીવાલા તૈયાર થયો.

117. શ્રી જયપ્રકાશ નારાયણ

118. શ્રી નીરુ દેસાઈ 'અમદાવાદની અર્ધી સદી' - અખંડ આનંદ, ફેબ્રુ. '60, પૃ. 47

119. સાયમન કમિશનના વિરોધમાં કૉલેજના કેટલાક વિદ્યાર્થીઓએ છમાસિક પરીક્ષા આપી નહિ; તેમનો દંડ કર્યો. વળી, Domus Fund અને બીજાં કેટલાંયે આપખુદ વર્તનથી પ્રિ. શિરાઝ સામે 3-1-'29 થી 42 દિવસની હડતાળ પાડેલી. દાદા માવળંકર, આચાર્ય ક્રિપલાની, ભુલાભાઈ દેસાઈ, વીર નરીમાન, સરદાર અને ગાંધીજી વગેરે વચ્ચે પડતાં સુખદ સમાધાન થયું. આ હડતાળે સમગ્ર હિંદનું ધ્યાન ખેંચેલું. (શ્રી જયંતિ દલાલ અને શ્રી રોહિત મહેતા તે વખતના વિદ્યાર્થી કાર્યકરો.) દાદાસાહેબ માવળંકરે આમાં સક્રિય રસ લીધેલો. તેમનાં 'સંસ્મરણો'માં આની રસિક નોંધ લીધી છે. જુઓ : પૃ. 26 થી 60.

# 8
# વીરનું મૃત્યુ

Full many a gem of purest ray serene,
The dark unfathom'd caves of ocean bear:
Full many a flower is born to blush unseen,
And wastes its sweetness on the desert air:

Thomas Gray[120]

યુદ્ધમાં લોકો નાસતાં ગોળીઓ ખાઈ મરે છે, પણ શહીદ કિનારીવાલાનું મૃત્યુ સૈનિક જેવું સામાન્ય ન હતું, એ વીરધર્મ કાજે, સિદ્ધાંત ખાતર, દેશને માટે ત્રિરંગી ઝંડા સાથે મૃત્યુને ભેટ્યો છે, એ જ એની મહત્તા છે; તેથી જ તે વંદનને યોગ્ય છે. તેના મૃત્યુમાંથી પ્રેરણા મેળવીએ કે હિંદનો નાગરિક વિશ્વના બીજા નાગરિકો સાથે ઊંચા મસ્તકે ચાલે.

– જયપ્રકાશ નારાયણ[121]

મૃત્યુ કોઈને છોડતું નથી. એ એવો મહેમાન છે કે કોઈના ઘરની પરોણાગત કર્યા વગર રહેતો નથી. એક વાર કાઢ્યું એટલે ફરી નહિ આવે એવું નહિ બને, ભલે

120. 'An Elegy Written in a Country Churchyard', The Penguin Book of English Verse, પૃ. 225 પરથી.

121. ખાંભીના ઉદ્‌ઘાટનપ્રવચનમાંથી; જુઓ પરિશિષ્ટ 1, 1

ધનકુબેર કર્નેગી હોય કે અમદાવાદની શેરીનો ભિખારી હોય; અનેકોને ધ્રુજાવનાર, મહત્વાકાંક્ષી નેપોલિયન, – સિકંદર હોય કે કોઈ કાયર સૈનિક હોય. રૂપરાણી વિનસ હોય કે કોઈ કદરૂપી હબસી બાઈ હોય. એને મન સૌ સમાન છે. દેખીતી રીતે મૃત્યુ પર કોઈનો વિજય નથી, છતાં મૃત્યુનું પણ મૃત્યુ લાવનારા છે. એને વળાવીને કીર્તિદેહે પાછા આવનારા છે. ''પણ, એ ક્યારે બને ? 'હંસલો' એ નાનો અને બળવાન હોય અને 'દેવળ' પણ મજબૂત હોય છતાં દેવળ તોડી નાખવાનાં કે તૂટવા દેવાનાં એટલે કે મૃત્યુ ભેટવાનો પ્રસંગ આવે ત્યારે પણ હિંમત અને સમાધાન રહે, ત્યારે 'મૃત્યુ મરી ગયું રે લોલ' ગાવાની લાયકાત આવી કહેવાય.''[122] એવા વીરો અપાર્થિવ રીતે જીવે છે – જેમણે મૃત્યુને મોટું પદ – મહાપદ આપ્યું નથી. મૃત્યુ એટલે સ્વાભાવિક અને નિશ્ચિત ઘટના. મરણથી એક વાર બચ્યા એટલે અમર થઈ જવાતું હોય તો જરૂર બચવું જોઈએ.[123] જેને આધીન થયા વગર ચાલે તેવું નથી એવું અનિવાર્ય છે તો ડરી જવાનું કારણ ? વિનોદ વિશે આમ કહી શકાય – મીરાંબાઈ પેઠે દેવળ જીર્ણ, જૂનું નહોતું થયું. મજબૂત હતું – કસ્યું હતું. છતાં તોડી નાખવા કે તૂટવા દેવાનો પ્રસંગ આવ્યો ત્યારે હિંમતેય દાખવી અને વીરતા પણ.

વીરના મોત વચ્ચે અને સામાન્ય માણસના મોત વચ્ચે એક જ ફેર છે. વીર મોતથી ડરતો નથી. મૃત્યુ સામે પડકાર ફેંકે છે. સામાન્ય માનવી સંતાય છે, છટકવા પ્રયત્ન કરે છે. શબ્દોમાં ડોસી કહે છે કે, 'હવે તો સાપેય ડસતા નથી.' પણ વીંછી આવે તોય ડોસી નાસે છે. નિર્દોષ અળસિયું પણ સાપનું બચ્ચું છે એમ માની લે છે ! મોત સામે પડકાર ફેંકવો એ ગુણ બહાદુરી; વીરત્વ, નિર્ભયતા એ ગુણ માટે આવશ્યક ગણાય.

નીડરતા એ સર્વ ગુણોમાં શ્રેષ્ઠ છે. ભય સ્વમાનને દબાવી દે છે. ભગવદગીતામાં સાત્વિક ગુણોની ગણનામાં અભય-નિર્ભયતાને પહેલવહેલો ગણાવેલો છે. જ્યાં સ્વમાનનો પ્રશ્ન ઊભો થાય છે, ત્યાં બહાદુરીને ડોકિયું કરવાનો અવકાશ ઊભો થાય છે; અને પ્રશ્ન થાય છે : સ્વમાન વહાલું કે શરીર ? અહીં, વિનોદ સ્વમાન ખાતર શરીરની પરવા કરતો નથી. સ્વમાન તેનું નહિ, પણ ભારતના ત્રિરંગી ઝંડાનું. વતનની શાન ખાતર, સ્વમાન ખાતર મરી જવાનો પાઠ ભણાવી જાય છે. જે પોતે જબરો, પોતાની જાતને બીજાથી શ્રેષ્ઠ ગણે છે – લોક વાહ વાહ કરશે એ હેતુથી – ગર્વ પોષવા માટે, કહીએ તો, મરી ફીટવાની જરૂર નથી. સમષ્ટિના હિતની વાત હોય, અનેકના પ્રતીકરૂપનું સ્વમાન હોય ત્યાં ક્યાની ચિંતા ન કરવી. સ્વની વાત હોય ત્યાં વ્યક્તિ પૂરતી હોય છે, સ્વાર્થ હોય છે. પરમાર્થ માટે પરવા ન કરનાર સાચો શૂરવીર. એ વખતે એ વિચાર કરવા બેસતો નથી કે 'મારું શું થશે ?' Heroism feels and never reasons, that is right.[124] નિર્ભયતા, હિંમત, સલામતીની બેતમા, સુખચેનની અલોલુપતા ને ફના થવાની

---

122. કિશોરલાલ મશરૂવાળા : 'સંસાર અને ધર્મ', પૃ. 35

123. સૉક્રેટિસ ('સૉક્રેટિસનો બચાવ' - મો. ક. ગાંધી, પૃ. 25)

124. Emerson : Heroism (શ્રી વિશ્વનાથ ભટ્ટે લીધેલું અવતરણ 'વીર નર્મદ', પૃ. 57)

તૈયારી એ સૌ વીરત્વનાં પ્રાથમિક લક્ષણો છે. વીરની ઇચ્છાશક્તિને કોઈ પ્રલોભન ચલિત કરી શકતું નથી. જે માણસનું મૃત્યુ નથી, જેને કશું શારીરિક નુકસાન અસંભવ છે એના વીરપણાનો કશો અર્થ નથી. આથી, જે અમર છે એમને આ ગુણ અસાધ્ય છે, જ્યારે માનવમાત્રને આ ગુણ સાધ્ય છે. બહાદુર કે ખરો વીર મૃત્યુ સામે અર્થાત્ મોટામાં મોટા ભયના કારણ સામે થઈ શકે. બાપુજી વીર હતા. એમણે કદી મરણનો ભય નહોતો રાખ્યો. નીડર હતા. પણ એ સ્થિતિ એમણે મોટી ઉંમરે પ્રાપ્ત કરેલી. તેર વર્ષની ઉંમરે પરણેલા ત્યારે બત્તી વગર ઘરમાં સૂએ નહિ; ચોર, ભૂત, સર્પાદિના ભયથી ઘેરાયેલા – બીકણ હતા.[125] કસ્તૂરબા એમની જ ઉંમરનાં, છતાં નીડર હતાં. વિનોદનો એક પ્રસંગ. બાર વર્ષની ઉંમર ઘરમાં ચોર આવે છે છતાં ડરતો નથી. એ વાત એના જીવનપ્રસંગના પ્રકરણમાં વર્ણવી છે. આ પ્રસંગ પરથી નીડરતા પ્રત્યક્ષ થાય છે. બાકી, અનુભવ તો એ છે કે ચોર આવે એટલે રજાઈ નીચેથી મોં કાઢવું બહાદુરોનું કામ નહિ – એના ગયા પછી બણગાં ફૂંકવાં તે !

2

માત્ર રાઇફલ પાસે હોય એ ડરાવવા માટે પૂરતું હોય ત્યાં વિનોદ, તારી સામે પાંચ ફૂટ દૂર રિવૉલ્વર લઈને પોલીસ અમલદાર ઊભો છે. તને, ઝંડો નહિ છોડી દે તો રિવૉલ્વર ચાંપવાની ધમકી આપે છે. છતાં તું સૂત્રો પોકાર્યે જાય છે, ઝંડો લહરાવે છે અને છાતી કાઢી હિંમતથી આગળ ડગ માંડે છે. દુશ્મનની છાતી પર ઊભા રહી મોતની પરવા કર્યા વગર કટાક્ષ-ઉક્તિઓથી નોકરશાહી અમલદારનો પારો ઊંચો ચઢાવવો, એ સાહસનો આંક કેટલો ? નેપોલિયને કહ્યું છે યુદ્ધમાં નૈતિક બળ અને શારીરિક બળનું પ્રમાણ ત્રણ અને એકનું હોય છે. તારું નૈતિક બળ કેટલું પ્રબળ છે ! પ્રસંગ આવ્યે જ શક્તિનું પાણી મપાય. જેમ પ્રસંગો પડતા જાય તેમ માણસને તેની મર્યાદા અને વિશિ-ષ્ટતાનું ભાન થતું જાય. દરિયામાં નૌકા ડૂબવાની ક્ષણે નાસ્તિકે પણ ઈશ્વર સંભાર્યાના દાખલા છે સંભારે છે. અને કેટલીક શક્તિઓ સુષુપ્ત હોય છે એની માણસને ખબર હોતી નથી કે તે આટલો શક્તિશાળી છે. એ ઉચિત પ્રસંગ આવ્યે જ ખીલી નીકળે. સામાન્ય દેખાતા માણસો વિસ્મયજનક પરિણામ નથી લાવતા ! તે સુષુપ્ત શક્તિઓને જ આભારી. આથી ઊલટું, પોતાની જાતને બહાદુર કહેવડાવનાર ખરા ભય વખતે ભાગી જાય છે. વિનોદની માર ખાવાની હિંમત પણ કેટલી ગજબ છે ! આ દશ્ય જોઈ શ્રી વિનોદ શુક્લ જેવા તો આંખ મીંચી દે છે. આજે પણ તેઓ અભિપ્રાય ધરાવે છે કે વિનોદને ગોળી ન વાગી હોત તો પણ અવશ્ય મરી જાત. ગઈ કાલે કોઠારી પોળમાં ઝીલેલા લાઠીના ઘા હજુ તાજા છે. આ ઘા ઝીલતાં ચંદ્રશેખર આઝાદની માફક તાલીમ લેતો હોઈશ ? અજબ છે તારી હિંમત અને મર્દાનગી !

રિવૉલ્વરનો પહેલો ધડાકો થતાં વિદ્યાર્થીઓ જીવ બચાવવા સંતાવા લાગ્યા, નાસવા લાગ્યા ત્યારે તું ઝંડાનું સ્વમાન જાળવવા આગળ આવ્યો ! ધ્વજ પ્રત્યે તારું

125. આત્મકથા : ભાગ 1, પૃ. 19

માન પણ કેટલું ? શ્રી માણેકલાલ સોગાણી પાસેથી તેં ધ્વજ લીધો. તેઓ તને ધ્વજની શાન જાળવતાં મોત આવે તો પણ નહિ ડરવું એ શરતે આપે છે. તેં પ્રેરક વચનોથી નિર્ભય રહેવાનું કહ્યું – અને, જ્યારે શાન જવાનો વખત આવ્યો ત્યારે તું ગયો, પણ શાન ન જવા દીધી. માટે તું વીર છે. એ સરઘસમાં આગળ પડતો ભાગ લેનારા કેટલાક તો માર પડવાની શરૂઆત થતાં, કંઈક શિથિલતામાં આવી પડેલા ! આવે વખતે તું આગળ આવે છે, તારું વ્યક્તિત્વ જુદું તરી આવે છે. બીજાઓને નિંદવાની વાત નથી કરાતી, પોતાનો જીવ બચાવનારની દેશભક્તિ ઓછી હોય છે એમ કંઈ ઓછું છે ? જ્યારે હવામાં પહેલો બાર થયો ત્યારે વિનંતી કરનાર અધ્યાપકો પણ ચાલ્યા ગયા ![126] આ બતાવી આપે છે કે એ સ્થળે કેટલું ભયંકર વાતાવરણ સર્જાયું હશે ? બર્નાર્ડ શૉ જેવા યુદ્ધમાંથી ભાગી જનારને 'વ્યાવહારિક ફિલસૂફી'માં વીર ગણાવે છે ![127] એને બાજુ પર મૂકીએ કારણ વીર અને કાયર : એની તાત્વિક ચર્ચા અહીં નથી. અર્થહીન મોત વહોરવું એ પણ કોણે ઉચિત માન્યું છે ? વિનોદે, જો નિકોલ ગામમાં શ્રી ડાહ્યાભાઈના ખેતરમાં સાપને છંછેડી દંશ દેવા દીધો હોત તો બહાદુરી ગણાત ? – ના. અહીં તે સ્વેચ્છાએ, જાણી જોઈને, સહેતુક મોત વહોરે છે – એમાં એની બહાદુરી છે. તને અકસ્માતમાં નાસતાં નાસતાં ગોળી વાગી નથી.[128] તું ગોળી છાતી પર, છાતી ધરી ઝીલે છે – જેમ મોઈ ઝિલાય. એમાં શહાદતનો પ્રેરક નમૂનો છે.

તું જે કાળના વિદ્યાર્થીવર્ગનો પ્રતિનિધિ છે તે કાળનો 'જોસ્સો' કોઈ જુદી કિસમનો હતો. જોને, એક વિદ્યાર્થીને એક અધ્યાપકે પોલીસ સામે જતાં વાર્યો ત્યારે કહેલું, 'મારે મરવું છે, મને જવા દો.'[129] એક વિદ્યાર્થીને તેના પિતાજીએ તે સરઘસમાં ન જોડાય, હડતાળમાં ન જોડાય માટે જુદી ઓરડીમાં પૂરેલો તોય હવાબારી તોડીને આ સરઘસમાં આવેલો ! એ વખતની યુવાની અને આઝાદી મેળવવાની મસ્તીના ખમીરને સાબરનાં ઘોડાપૂરેય ના પહોંચે. તારા મહાન મૃત્યુમાં એ કાળ, સ્થળ અને વાતાવરણ પ્રેરણાદાયી ને પોષક હતાં.

દુનિયામાં કોઈ મરીને સેવા આપે, કોઈ જીવીને. સાધુ ટેલિમેક્સે રોમન મલ્લયુદ્ધો બંધ થાય માટે પોતાનું બલિદાન આપ્યું. જો કદાચ જીવીને ભાષણો કર્યાં હોત તો એ 'હત્યારાં દૃશ્ય' જોવાનું એ પ્રજા ન છોડત. અહીં કહેવાય ખરું : – આઝાદી માટે લાયક નથી થયા એવું માનનાર પેલા વિદેશી અમલદારના ધ્યાનમાં લાવવા ખાતર, સૌના પ્ર-

---

126. પ્રો. ... કહેલું : હું મૂઠીઓ વાળીને નાસ્યો હતો, વીર ગણો કે કાયર !

127. 'Arms and the Man' નામનું નાટક.

128. એવું જાણેલું કે તે અમલદારે વિનોદ પર ગોળી નહીં તાકેલી. મને આવું કહેનાર વ્યક્તિ સરઘસમાં હાજર હતી નહિ. પ્રસંગ વખતે હાજર નહિ એવા એક પ્રોફેસરનો પણ આવો કંઈક અભિપ્રાય જાણેલો. આ હકીકત જાણ્યા બાદ સંપૂર્ણ ચોકસાઈ કરી છે. ડૉ. કલાવતી શાહ, શ્રી શારદાબહેન શાહ, ડૉ. દિનુભાઈ પટેલ, શ્રી ગોરધનભાઈ પટેલ વગેરે એ સમયે એ સ્થળે નજીક હતાં. એમણે વિનોદને છાતી કાઢી સામે થતો જોયો છે. શ્રી ભલાજી ઠાકોરનો પણ અભિપ્રાય (જુઓ : પૃ. 28)

129. પ્રો. દાવર, જુઓ : પૃ. 22ની પાદનોંધ.

તીકરૂપ ઝંડાના સ્વમાન ખાતર, વતનની શાન ખાતર, મરી ફીટવાનો દાખલો બેસાડવા ખાતર વિનોદે મરવાની જરૂર હતી. પ્રયત્ન કર્યાથી ફળ મળ્યું કે ન મળ્યું, મળ્યું તો કેટલું ? તેના પરથી જ માત્ર માનવીના કામની કદર થવી ન જોઈએ. પ્રયત્ન કેવો કર્યો, કેટલો કર્યો, કેવા ધ્યેયથી – એ બધું વિશેષ મહત્વનું છે.

સરદાર ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ જેવા ક્રાંતિકારીઓએ દેશવ્યાપી આંદોલનો ચલાવેલાં, એટલે તેઓ હિંદભરમાં જાણીતા છે. એમના માટે આખા હિંદની કૂણી લાગણી હતી. વિશાળ માનવમુખે ગવાતા પુરુષો કાયર બનતા નથી. એમને હસતે મોંએ મોત સ્વીકારવામાં કંઈક અંશે એમની કીર્તિ જવાબદાર ગણાય. પણ અહીં તો પાંગરતા ફૂલને મદાંધોએ ચગદી નાખ્યું છે; ખીલતી કળીને મહાકાય હાથીએ ચીરી નાખી છે, પછી એની સુગંધનું ક્ષેત્ર કેટલું ? ખાંભીમાં મુકાયેલા આખલા અને યુવાનના પ્રતીકમાં કેટલું સજીવ ચિત્ર ઊઠે છે ! વિનોદનું જીવન આકાશમાં ઝબૂકી, ખરી ગયેલ તારા જેવું છે. સતત પ્રકાશ આપનાર ચંદ્ર જેવું નથી. તારા અને ચંદ્રને પોતપોતાનું આગવું, નિરાળું વ્યક્તિત્વ હોય છે. પળવાર પણ ઝબૂકેલો તારો કેટલાને આંજી નાખે છે ! એની અસર ભૂંસાઈ જાય, પણ ખર્યો હતો તે ન ભુલાઈ જાય માટે જ તને યાદ કરીએ છીએ. તારી સ્મૃતિના દીપકની જ્યોત પ્રગટાવીએ છીએ. મોભે બેઠેલાઓની જય બોલાવીએ તો પાયાના પથ્થરની કેમ ઉપેક્ષા કરાય ? તારા જેવા યુવાનો તો પાયાની ઈંટ છે. તમારી માંસરૂપી માટીમાંથી, લોહીરૂપી પાણીથી, ને અસ્થિરૂપી પથ્થરથી આ આઝાદીની ઇમારત ચણાઈ છે. આવું રૂપક યોજવું સહેજે અતિશયોક્તિભર્યું નથી. શ્રી જયપ્રકાશના શબ્દો આ રહ્યા, हमारे शहीदों के एक एक बुंद पे हमारी आजादी की इमारत बनी है । शहीद विनोद ने जो खून बहाया वह मामूली नहीं था ।[130]

વિનોદ ! આજે, આઝાદી મળી – ગરજ સરી એટલે વૈદ્ય વેરી એમ તને ભૂલી ગયા છીએ. પણ, તું ઓછો તારા ગુણગાન થાય માટે શહીદ થયો હતો ? જોને ! ગુજરાતમાં ’42ના સ્વાતંત્ર્યસંગ્રામમાં શહીદ થનારની આ તારી પહેલી ખાંભી ઉત્તમ માણસોને હાથે આકાર પામી છે, ઉદઘાટન પામી છે. શ્રી જયપ્રકાશ જેવાએ તારાં વખાણ કર્યાં છે. તારી શહાદતમાંથી સરદાર વલ્લભભાઈએ પ્રેરણા લેવાની સલાહ આપી છે. શ્રી ઉમાશંકર જોશી જેવા કવિરત્ને તને અંજલિ આપી છે. શ્રી જયપ્રકાશ, શ્રી મોરારજી દેસાઈ અને પૂજ્ય રવિશંકર મહારાજ જેવાએ તારા ઘેર આવી તારા મૃત્યુને માટે શોક ન હોય એમ કહ્યું છે.[131] તારામાંથી એ કાળે પ્રેરણા લેવાઈ છે. ઉપરાંત, તારા પર ગોળી છોડનાર લાબૂશારડીઅરે વીરપૂજાનાં આંસુ સાર્યાં છે, તારા અહિંસક બલિદાને એના પથ્થર હૈયાને પિગળાવ્યું છે. એ જ તારી મહત્તા છે.[132]

---

130. શહીદ કિનારીવાલા સ્મારક સમિતિ – સ્મરણાંજલિમાંથી.
131. ડૉ. પ્રિયબાળા શાહની માહિતીના આધારે.
132. પ્રો. આર. એન. સુતરિયાની માહિતીના આધારે.

3

એરિસ્ટૉટલ પોતાના પેટ સાથે ગરમ તેલના ચામડાની ઝોળીઓ રાખતો. એના મરણ બાદ ઘરમાંથી તેલથી ભરેલાં કૂંડાં નીકળેલાં ! ડૉ. જોન્સનને સૂકી નારંગીની છાલ ખિસ્સામાં રાખવાની ટેવ હતી. સરદાર વલ્લભભાઈને કોઈ નિર્ણય કરતી વખતે ઓરડીમાં આંટા મારવાની ટેવ હતી. આવી કંઈક આગવી પ્રતિભા, ખાસિયત વિનોદમાં હતી – ડબ્બામાં માટી ભરી અળસિયાં રાખવાની, કબૂતરો પકડી લાવવાની અને તેની સાથે ગીત ગાઈ રમતાં મૂકી દેવાની. આમાં વિનોદનું અલગ વ્યક્તિત્વ દેખાય છે. ઉપરના મહાપુરુષોની વિચિત્ર ટેવોના કારણની કોઈને ખબર નથી, એમ એના આ સ્વભાવ પાછળ શું કારણ હશે તે તો વિનોદ જાણે. આવી ભવિષ્યવાણી ભાખવી એ જોખમ છે – અનેક રીતે; છતાં એવો નમ્ર અભિપ્રાય દર્શાવી શકાય કે જો, વિનોદ એ સ્થાને શહીદ ન થયો હોત તો પણ તેના વિશિષ્ટ ગુણોથી લાગે છે તે કંઈક વિશિષ્ટ કાર્ય કરી શકત. ખિસ્સામાં હતા એટલા બધા પૈસા ભિખારણને આપી દેવામાં એનો ગરીબો પ્રત્યેનો પ્રેમ; મિત્રની મુશ્કેલી વખતે કોર્ટમાં પાંચ રૂપિયા ભરી કાચી જેલમાંથી બચાવવો એમાં અણીને વખતે મદદ કરવાની તત્પરતા; અપંગો પ્રત્યેની મિત્રતામાં એમના પ્રત્યે લાગણી, હમદર્દી; ગામડામાં પ્રકૃતિસૌંદર્ય નિહાળવામાં કુદરત પ્રત્યે મમતા; કપડાં હાથે ધોવામાં ન શરમ એમાં જાતમહેનત; ઓછું વાપરીને ચલાવી લેવામાં કરકસર; રાષ્ટ્ર માટે બધું કરી છૂટવાની તમન્ના; – એ બધા ગુણો વિનોદમાં જોવા મળે છે. એના જીવનની કથા વાંચનારને સહેજે ખ્યાલ આવી જાય એવી બાબત છે.

4

માણસોના ભેદ વયે અને વિચારે પાડી શકાય. વિનોદ વયે યુવાન હતો, પણ વિચારે પ્રૌઢ હતો. ક્રાંતિકારીઓની પ્રવૃત્તિ અને ઇતિહાસનું એનું સુંદર અવલોકન, તત્કાળના હિંદના સવાલોની ચર્ચા વગેરેમાં પ્રતીત થાય છે. એક વસ્તુ : એના બધા વિચારો, માન્યતા, અનુભવની એરણ પર ધ્યાન કસોટીના કાળા પથ્થર પર ચઢ્યા નહોતા – પૂરા રૂપે. એ વિચારો – માન્યતા તાજી છપાયેલી કોરી કડકડતી ચલણી નોટ જેવા હતા.

5

પૂજા વય કે લિંગ પર નહિ, પણ ગુણ પર છે. વિનોદ ! તારામાં વીરત્વનો પ્રમુખ ગુણ છે. વ્યક્તિપૂજા ઇચ્છનીય નથી, પણ વ્યક્તિત્વની પૂજા તો ઇચ્છનીય છે. નર્મદે પોકાર કર્યો : 'વીર પુરુષ તે ક્યાં છે ભાઈ વીર પુરુષ તે ક્યાં છે ?''[133] એનો ઉત્તર તારા જેવા મરણિયા વીરો જ આપી શકે. વિનોદ ! તારામાં નર્મદમાં હતી તેવી સ્વાતંત્ર્ય-ઝંખના હતી, એની માફક તને પણ ગુલામી ખૂંચતી હતી. એણે ઘણું વિચારે મૂક્યું, તેં આચારે.

133. 'નર્મદનું પદ્યમંદિર' - વિશ્વનાથ ભટ્ટ, પૃ. 125

To Know is good

To Live is better

To Be, that is perfect [134]

તું ગટેનું દર્શાવેલું, કેટલું જીવનનું તત્વજ્ઞાન સાદશ કરી બેઠો છે ! તારું લઘુજીવન એક સુદઢ કાર્ય છે; પ્રેરણાનો ધોધ છે. એ વખતે આઝાદી નહોતી મળી છતાં તું ખરા અર્થમાં 'આઝાદ' હતો.

સંસારમાં ત્રણ પ્રવૃત્તિઓ નિરંતર થયા કરે છે : સર્જન, સંરક્ષણ ને સંહાર. શાણપણ બહુ બહુ તો સંરક્ષણ કરી શકે. સર્જન અને સંહાર તો કોઈક તારા જેવો જ કરી શકે. જે વ્યક્તિઓ તેમજ પ્રજાને મરતાં નથી આવડતું તેઓ જીવી પણ જાણતી નથી. 'કબર હોય ત્યાં જ નવો જન્મ સંભવ છે.' જો ને ! તારા જેવાએ મરીને સ્વા-તંત્ર્યસર્જન કર્યું છે ને ? તું અને તારા જેવા, અનેક અજાણના ખંડનમાં આઝાદીનો પિંડ ચણાયો છે. આયરિશ નેતા રોજર કેસમેન્ટે બળવો પોકાર્યો. તેને ફાંસી મળી. એણે મરતી વખતે કહેવરાવેલું, ''અમે મરીએ છીએ, દેશ જીવતો રહે એટલા માટે.'' વિનોદ, તું મર્યો છે અમને આઝદી મળે એટલા માટે. અમારા પરના દાસત્વનાં બંધન દૂર થયાં છે, અમે માટી મટી મર્દ બન્યા. તારા જેવાએ અમારા યૌવનનું ખમીર જાળવ્યું છે. તારા જેવાનાં અહિંસક બલિદાનો અમારું અપાર્થિવ, અખૂટ-અમર, પ્રેરણાપૂરક ધન છે; રહે એ જ ઇચ્છા. ટીકા થઈ છે કે ભારતીય પ્રજા પોતાના વડવાઓનાં અને ભૂતકાળનાં જ ગાન ગાયા કરે છે. આમાં ખોટું શું છે ? ભૂતકાળનો વારસો કેમ ભૂલી જવાય ? જે પ્રજા ભૂતકાળ ભૂલી જાય છે તે ભવિષ્યને ઘડી શકતી નથી. અમેરિકા વૉશિંગ્ટન માટે, ફ્રાન્સ નેપોલિયન માટે, ઇટાલી ગેરીબાલ્ડી માટે, ઇંગ્લૅન્ડ નેલ્સન માટે અભિમાન લઈ શકે છે; તો અમે પણ ભારતમાતાના ચરણો પર પ્રાણ ન્યોછાવર કરનાર તું અને તારા જેવા બીજા વીરો માટે ગર્વ લઈ શકીએ છીએ. જ્યારે અમારું ખમીર ખૂટશે ત્યારે તમ શહીદોનાં મૃત્યુ પ્રેરણા પૂરશે.

વિનોદ, તું અમારી દીવાદાંડી બનજે !

* * *

હબસી જૉન બ્રાઉને ગુલામીપ્રથા સામે માથું ઊંચકી હબસીઓનું બંડ પોકાર્યું, તેને ફાંસી મળી. કોઈ અમેરિકન કવિએ ગાયું છે

John Brown's body dies amoundering in the grave

But his soul goes marching on.

'ये सर जावे तो जावे, पर आजादी घर आवे' એવું માનનાર અમારો વિનોદ મરી ગયો છે, શહીદ થયો છે, પણ એનો આત્મા આ રાષ્ટ્રધ્વજ પકડીને સરઘસની મોખરે ધાઈ રહ્યો છે !

134. શ્રી અરવિન્દ ઘોષ

*તેથી જ*
*આજે અન્ય એ પ્રકારનું માથું નમે*
*સાથે નમતો એ આત્માનો તંત્ર જો !*[135]
*વિનોદ !*
*ઇન્કિલાબ...*
*કબરમાંથી જાગી તું બહાર*
*આવીશ તો અમે બોલીશું :*
.... ઝિંદાબાદ
શહીદના સ્મારક પર –
*Warm summer sun, shine kindly here,*
*Warm southern wind, blow softly here,*
*Green sod above lie light, lie light.*
*Good night Dear heart ! Good night,*
Good night ![136]

⟐

135. સ્વ. રા. વિ. પાઠકે 'કાન્ત'ને આપેલી અંજલિ : જુઓ : 'પૂર્વાલાપ' : ઉપોદઘાત પૃ. 73
136. માર્ક ટ્વેઇને પોતાની પ્રિય પુત્રીની કબર પર મૂકેલી પંક્તિઓ.

# પરિશિષ્ટ 1

# શ્રદ્ધાંજલિઓ

## [1] શ્રી જયપ્રકાશ નારાયણનું ઉદઘાટનપ્રવચન

હું એક, દેશના અદના સિપાહી તરીકે તમારી સમક્ષ હાજર થયો છું. અને મને જે પવિત્ર કાર્ય માટે આમંત્રણ આપ્યું છે તે બદલ ધન્યવાદ આપું છું. હિંદે ગુલામી સામે માથું ઊંચકી ઘણી લડતો આપી છે. એની દોરવણી મહાન નેતા પૂ. ગાંધીજીએ આપી છે. અને એમની 'હિંદ છોડો'ની ઘોષણા, જે હિંદભરમાં ગુજી ઊઠી તે ઘોષણા સાથે નેતાજી સુભાષબાબુએ ''ચલો દિલ્હી''નો નાદ જગાવ્યો અને આઝાદીની છેલ્લી લડત લડાઈ, જેમાં કિનારીવાલા જેવા અનેક યુવાનોએ બલિદાન આપ્યાં અને ક્રાંતિમાં મોટો ફાળો આપ્યો.

1942ની લોકક્રાંતિમાં શહીદ કિનારીવાલા જે ધ્વજ સાથે શહીદ થયો તેવા ધ્વજ સાથે હિંદની ભૂમિ પર હજારો શહીદો થયા છે અને કરાંચીથી કલકત્તા (કૉલકાતા) સુધી લોકોએ એ ધ્વજ નીચે લડત આપી હતી; પછી હિંદે આઝાદી મેળવી છે. એ આઝાદી એવી નથી કે જેનાં સ્વપ્ન આપણે 1942 પહેલાં સેવતાં હતાં. હિંદના બે ભાગલા પડ્યા – હિંદનો વિચ્છેદ કરવામાં આવ્યો છે. આજે ત્રણ ટુકડાની વાતો ચાલી રહી છે; અને બીજા કેટલાયે થશે. આજના આ શહીદ કિનારીવાલાના સ્મારકમાંથી એક શ્રદ્ધા અને પ્રેરણા મેળવીએ કે તૂટેલા ટુકડા જ્યાં સુધી એક નહિ થાય ત્યાં સુધી શહીદોના આત્માને શાંતિ નહીં થાય. હિંદુ-મુસ્લિમ જેવા અનેક એકબીજા સામે લડે છે, વેરવૃત્તિ દાખવે છે. ભાઈ-ભાઈ તરીકેના વિશ્વાસથી રહી શકતા નથી ત્યાં સુધી આપણું કાર્ય પૂરું થવાનું નથી, કિનારીવાલાના સ્મારકમાંથી એક શ્રદ્ધા અને પ્રેરણા મેળવીએ કે આપણાથી જુદા પડેલા એક થાય અને મુસ્લિમોને ખાતરી થાય કે તેમને કોઈ દબાવતું નથી. આ વાતાવરણ કરાંચીથી કલકત્તા અને કાશ્મીરથી કોઇમ્બતુર સુધી – ઊભું કરાય અને જે ઝંડા સાથે વિનોદ કિનારીવાલા શહીદ થયો તે ઝંડો લહેરાય તો આપણું કાર્ય સાર્થક ગણાય.

1942માં હજારો શહીદો થયા. તે શહીદો અને સિપાહીઓનો ક્રાંતિમાં મોટો ફાળો છે. તેમનું સ્મારક રચો છો એ યોગ્ય છે; કારણ કે તેનાથી જગતના બીજા દેશોમાં હિંદ પોતાનું મસ્તક ઊંચું રાખી શકશે. જે શહીદનું સ્મારક ઊભું કરો છો તેનો પાયો શહીદના લોહીથી સિંચાયેલો છે. એ ઇમારતમાં બલિદાનના પથ્થરો છે. એ ઇમારતમાંથી પ્રેરણા મેળવો કે હિંદના થયેલા ટુકડાઓ પ્રેમ અને મહોબ્બતથી એક કરવામાં આવે. હિંદના હિંદુ રાજ્ય કે મુસલમાન રાજ્ય કે શીખ રાજ્ય કે રાજાઓનું

રાજ સ્થાપવા માટે લડત લડવામાં આવી નહોતી પણ હિંદમાં સમાનતા, મજૂરી કરનાર કિસાન અને મજૂરોનું, ગરીબોનું રાજ્ય સ્થપાય – હિંદીઓનું રાજ્ય સ્થપાય એ માટે લડાઈ હતી.

મારે તમને બીજો સંદેશ આપવાનો છે કે હિંદમાં આઝાદીની લડત ગરીબ કિસાનો, મજૂરો, મધ્યમવર્ગ માટેની લડાઈ હતી; ધનિકો માટે નહિ. '42માં કરોડપતિઓ જેલમાં જતા, લાઠીમાર ખાતા કે ગોળીએ વીંધાતા જોયા નથી. આઝાદી આવી છે તે વખતે આપણે એ જોવાનું કે નવું રાજ્ય તો ગરીબ કિસાનોનું જ હોવું જોઈએ.

........................

........................

1930 થી '42 સુધી કૉંગ્રેસે ઘણા જંગો ખેલ્યા છે, પણ અત્યાર સુધી જે જંગો ખેલ્યા અને '42માં ખેલાયા તેમાં મોટો ફેર છે. '42ના સંગ્રામ પછી હિંદ આઝાદ થયું છે. જે ઝંડા સાથે શહીદોનાં બલિદાન દેવાય છે તે ઝંડો તારીખ 15મી ઑગસ્ટે પંડિત નહેરુ દિલ્હીમાં ફરકાવશે. 1942ની આઝાદીની લડત લડાઈ, જેમાં હજારો યુવાનોએ બલિદાન આપ્યાં તેની સંખ્યાનો ખ્યાલ આવતો નથી.[137] આઝાદીની આ છેલ્લી લડતનું મહત્વ એટલા માટે છે કે તેનાથી આપણને આઝાદી મળી છે. આઝાદીની લડતમાં શહીદ થયેલનું પણ એટલું જ મહત્વ છે.

યુદ્ધમાં લોકો નાસતાં ગોળીઓ ખાઈ મરે છે, પણ શહીદ કિનારીવાલાનું મૃત્યુ સૈનિક જેવું સામાન્ય ન હતું. એ વીરધર્મ કાજે, સિદ્ધાંત ખાતર, દેશને માટે તિરંગી ઝંડા સાથે મૃત્યુને ભેટ્યો છે એ જ એની મહત્તા છે. તેથી જ તે વંદનને યોગ્ય છે. તેના મૃત્યુમાંથી આપણે પ્રેરણા મેળવીએ કે હિંદનો સાચો નાગરિક વિશ્વના બીજા નાગરિકો સાથે ઊંચા મસ્તકે ચાલે.

હવે મારું હૈયું, હું જે કાર્ય માટે આવ્યો છું તેનાથી ભરાઈ ગયું છે, એથી વધુ બોલીશ નહિ.

તા. 10-8-1947[138]

[2]

તમારો આદર્શ લાંચ-રુશવત લેવી એ નથી, પણ તમારો આદર્શ તો વિનોદ, જે શહીદ થઈ ગયો છે. એણે જે બહાદુરી અને હિંમત બતાવી દેશદાઝનો નમૂનો રાખ્યો છે તેને તમારે સંગ્રહી રાખવાનો છે, તેમાંથી જીવનના પાઠ લેવાના છે. નહિ કે મોટી મોટી ઑફિસોમાં બેસવું છે, ગુલામીની નોકરી કરવી છે. આટલો મોટો બગાડ થાય છે,

137. આમ જનતાએ આ આંકડો પચીસ હજારનો ગણેલો. સરકારી અંદાજ છે : 1,028 માર્યા ગયા અને 3,200 ઘાયલ થયા. આ અંદાજ બહુ જ ઓછો છે. કંઈ નહિ તો – સત્તાવાર અંદાજ પ્રમાણે 538 પ્રસંગે ગોળીબાર થયેલા છે – ચાલતી મોટર-લૉરીઓ, ઍરોપ્લેનમાંથી કરેલા જુદા. પંડિત નહેરુ આ આંકડો દશ હજારનો ગણાવે છે. ('Discovery of India', પૃ. 412) – લેખક.

138. 'ગુજરાત સમાચાર' અને 'સંદેશ'ના સૌજન્યથી. તા. 11-8-'47

છતાં એ લોકો માટે પ્રજામાંથી જોઈએ તેટલો તિરસ્કાર કે ફિટકાર છૂટતો નથી તેથી મને અજાયબી અને ખૂબ દુઃખ પણ થાય છે.[139]

– સરદાર વલ્લભભાઈ પટેલ

[3]

ભાઈ વિનોદના જેવાં હજારો બલિદાનોના પાયા ઉપર આપણી સ્વરાજ્યની ઇમારત ચણાઈ છે. આવાં શુદ્ધ, અહિંસક બલિદાનો ખૂબ જ પ્રેરક બને છે. પોતાનું બલિદાન આપી દેવાનું ઘણા થોડાના ભાગ્યમાં હાય છે. મને આશા છે કે ત્યાં ભેગા મળેલા વિદ્યાર્થીઓ સ્વ. ભાઈ વિનોદના બલિદાનમાંથી પ્રેરણા લેશે અને ત્યાગની ભાવનાથી દેશનું કાર્ય કરી હવે આપણે પ્રાપ્ત કરેલી આઝાદી કરોડો ગરીબોના લાભમાં કાયમ કરશે. આપણે રચવા ધારેલા હિંદનો મોટો આધાર વિદ્યાર્થીઓ ઉપર છે એમ કહેવું વધારે પડતું નથી.[140]

– મોરારજી દેસાઈ

[4]

અહિંસક વીર, ગુજરાત કૉલેજનો વિદ્યાર્થી, ઇન્ટર સાયન્સનો અભ્યાસી. 'મારું ગમે તે થાય તમે સરઘસને આગળ ધપાવજો.' કૉલેજના મેદાનમાં સરઘસની આગેવાની લેવા સામી છાતીએ ગોળી ઝીલી. ઘવાયેલા વીરનાં પ્રેરક વચનો આજે પણ વિદ્યાર્થી આલમમાં ગુંજન કરે છે. ધનવાન વૈષ્ણવ પિતાનો લાડકવાયો પુત્ર.[141]

– માંડવીની પોળ સેવા સંઘ

[5]

બ્રિટિશ સત્તાના હિંસા બળના પ્રતીકરૂપ આખલા સામે આત્મબળથી સ્વસ્થતાપૂર્વક ઝઝૂમતા યુવાન અને તારકચિહનની અંદર ઉપસાવાયેલી સૂચક આકૃતિઓવાળી અને બંને બાજુએ સ્વ. કિનારીવાલાના પ્રશસ્તિલેખવાળી સુંદર ખાંભીની જાણીતા સમાજવાદી આગેવાન શ્રી જયપ્રકાશ નારાયણના હાથે થયેલી અનાવરણવિધિનો ભવ્ય પ્રસંગ પણ કૉલેજના પ્રથમ સત્રનો એક સ્મરણીય બનાવ છે. કૉલેજના ઉત્તર દ્વાર નજીક મુકાયેલી એ આરસની ખાંભી અમદાવાદના અને ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓ માટે સ્વ. કિનારીવાલાના ઉત્કટ દેશપ્રેમનું પ્રેરણાપ્રદ સ્મારક બનશે એની અમને પૂરી ખાતરી છે.

– વિકાસ[142]

139. તા. 2-8-'45ને દિવસે રાષ્ટ્રીય વિદ્યાર્થી મંડળની સભામાં કરેલ ભાષણમાંથી જુઓ : 'આપણી વિદ્યાર્થી હિલચાલ', રમણીકલાલ શાહ, પૃ. 12

140. શહીદ કિનારીવાલા સ્મારક સમિતિ – સ્મરણાંજલિમાંથી.

141. 'अहमदाबाद की शहादत'માંથી.

142. ગુજરાત કૉલેજનું સત્રાંતિક પત્ર, સંપાદકીય નોંધ, ફેબ્રુ. 1948

## [6] આઝાદ વીર વિનોદ

કેવળ 17 વર્ષની પાંગરતી તરુણાવસ્થા ! અમદાવાદના એક સુખી ઘરનો કુળદી-પક ! વૈષ્ણવ માબાપનો સરળ ને ઠાવકો સપૂત ! જે ભૂમિ પર તેનું પવિત્ર લોહી છંટાયું તે જ ગુજરાત કૉલેજનો ઇન્ટર સાયન્સનો એક વિદ્યાર્થી.

એકાએક ઊપડેલી મર્મવેદના-સમી આઝાદીની ચળવળનો પ્રથમ દિવસ ! સંસ્કૃતિ ને સભ્યતાની મોટી બાંગ પોકારનાર સલ્તનત, એને ઊગતી દાબી દેવા બંદૂક, લાઠી, તોપ અને ટૅન્ક સાથે મેદાને પડી....એ દિવસે ઘવાયો. એ દિવસ પછી ગુજરાત કૉલેજ પર ધ્વજવંદનનો દિવસ આવ્યો. ઘાયલ વિનોદ ઘેર બેસી ન શક્યો.

ગુજરાત કૉલેજ રણાંગણ બન્યું હતું. રાષ્ટ્રધ્વજના સન્માન ખાતર વીસ-વીસ, પચીસ-પચીસ વર્ષના જુવાનો મેદાને પડ્યા હતા. ભૂલેલી સરકાર કારતૂસો અને ગોળીઓ ભરી ખડી હતી. નિઃશસ્ત્ર પ્રજાને નીરખી એનું શૂરાતન ઝળકી ઊઠ્યું હતું.

પહેલો હલ્લો !

વિનોદ ન હટ્યો, છાતી ધરીને ઊભો થયો. પડકાર કર્યો : “બાયલાઓ, આ છાતી ખુલ્લી રહી ! લગાવો તમારી ગોળી.

જાલિમોની બીજી ગોળી આવી. વિનોદની છાતીમાં પેસી ગઈ. રક્તફુવારો છૂટ્યો. એક નાજુક ફૂલને કચડી મદાંધો મલકાયા.

એનું પ્રાણપંખેરું ઊડી ગયું. વિનોદ મૃત્યુ પામ્યો. પણ એના મૃત્યુને મૃત્યુ કોણ કહેશે ? મરનાર તો ઘણા મરે છે. પણ આવાં મૃત્યુંજય મોત કોના નસીબે હશે ? વિનોદનું મૃત્યુ અમર છે ! વિનોદ, અમારા હૈયાની તું પ્રેરણા છે ! માતા ભારતીની તું આશા છે.

તારા મૃત્યુની સર્વને ઈર્ષ્યા હજો !

વીર વિનોદ ઝિંદાબાદ ![143]

## [7] અમર શહાદતની અમર ખાંભી

ગુજરાતમાં વીરતાભરી શહાદત સામી છાતીએ નોતરનાર એ બંકા યુવાનને ગુજરાત ભૂલ્યું નથી. અમદાવાદના હૈયામાં તો એ નામ જડાયેલું છે. પાંચ-પાંચ વર્ષ પછી પણ એનું સ્થૂળ સ્મારક રચાય છે એ અમદાવાદની અંજલિનો અંશમાત્ર હોઈ શકે. એની બહાદુરી, એની તમન્ના અને સ્વાર્પણમાંથી પ્રેરણા ઝીલી, આઝાદ હિંદમાં પોતાનો કર્તવ્યપથ નિશ્ચિત કરી હજારો યુવાનો અમર શહીદની યાદનો ચિરાગ જલતો રાખી શકે.

.............

.............

143. ‘આઝાદ વીર વિનોદ’ – પત્રિકામાંથી.

અમદાવાદની જુવાનીને ધન્ય બનાવી જનાર શહીદ વિનોદ કિનારીવાલાની આજે શહીદ તિથિ છે. જાલિમોના દમન સામે ખુલ્લી છાતી ધરનાર, સ્વાતંત્ર્ય-ધ્વજધારી એ બહાદુર યુવાને 10 ઑગસ્ટ, 1942 ને દિને ગુજરાત કૉલેજના ચોગાનમાં પોતાના પ્રાણ પાથર્યા અને ભવ્ય શહાદતનો ચિરંજીવ કીર્તિ-ભેખ ધારણ કર્યો !

સમાજવાદી આગેવાન શ્રી જયપ્રકાશ નારાયણને હસ્તે (તેની ખાંભીનું) ઉદઘાટન થાય છે. આજે તે શહીદવીરની હિંમત અને દેશને ખાતર પ્રાણ અર્પણ કરવાની શક્તિનું પુનિત સ્મરણ આંખમાં હર્ષનાં આંસુ લાવે છે.

– ગુજરાત સમાચાર[144]

## [8] સૌનો લાડકવાયો વિનોદ કિનારીવાલા

’42ના ઑગસ્ટની દશમીની ઉષા હજુ ક્ષિતિજમાંથી ડોકિયાં કરી રહી હતી અને અમદાવાદ પર હજુ આછું અજવાળું પથરાયું હતું, ત્યાં તો ‘ઇન્કિલાબ ઝિંદાબાદ’, ‘હિંદ છોડો’, ‘કરેંગે યા મરેંગે’ના ગગનભેદી નાદોથી ગુજરાત કૉલેજનું ચોગાન ગાજી ઊઠ્યું. જોતજોતામાં રાષ્ટ્રધ્વજ ફરકાવતા સેંકડો વિદ્યાર્થીઓનું સરઘસ રચાઈ કૉંગ્રેસ હાઉસ પર જવા માટે આગે બઢવા માંડ્યું. આ સરઘસ ગુજરાત કૉલેજમાં આવેલી સીડનહામ લાઇબ્રેરી પાસે આવી પહોંચ્યું.

સરઘસની મોખરે રાષ્ટ્રધ્વજધારી અઢાર વર્ષનો એક વિદ્યાર્થી શાનપૂર્વક મક્કમ પગલાં માંડી રહ્યો હતો. ત્યાં તો શસ્ત્રસજ્જ પોલીસોનું એક ધાડું સરઘસની સામે આવી ઊભું. પોલીસ અધિકારીએ આ યુવાન સામે રિવૉલ્વર તાકી ધ્વજ સોંપી દેવા પડકાર કર્યો; યુવાને રાષ્ટ્રધ્વજને વધુ જોરથી પકડી ઊંચે ફરકાવ્યો અને ‘ચલાવ ગોલી’ના જયનાદ સાથે બેધડક આગળ વધ્યો. એક, બે અને ત્રીજું ડગ દેવા જાય છે, ત્યાં તો ફટ...ફટ...ફટાકા કરતી ગોળીઓ છૂટી અને આ યુવાન પોતાની પાસેનો રાષ્ટ્રધ્વજ પોતાના સાથીને સોંપી ધરતી પર ઢળી પડ્યો. અઢાર વર્ષનો આ શહીદ તે વિનોદ કિનારીવાલા.

’42ના આ શહીદને ગુજરાતના વિદ્યાર્થીઓ કદી ભૂલી શકશે નહીં, ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓએ જે સ્થળે વિનોદે ગોળીઓ ઝીલી પોતાનું બલિદાન દીધું તે સીડનહામ લાઇબ્રેરીની પાસે ગુજરાત કૉલેજના કમ્પાઉન્ડમાં ઊભી કરેલી ખાંભીનું ઉદઘાટન તારીખ 10મી ઑગસ્ટે શ્રી. જયપ્રકાશ નારાયણ કરશે.

’42ના જનઆંદોલનમાં પોતાના પ્રાણની આહુતિ આપનારા શહીદોની યાદ અમર રાખનારી આવી ખાંભી ગુજરાતમાં આ પહેલી જ છે.

- જનતા[145]

144. રવિવાર : તા. 10-8-1947

145. તે કાળે દર રવિવારે પ્રગટ થતું, સમાજવાદી પક્ષનું સાપ્તાહિક મુખપત્ર તા. 10 ઑગસ્ટ, 1947. અંક : 9. (આ ઉપરાંત તે વખતનાં બીજાં અનેક વર્તમાનપત્રોમાં, સાપ્તાહિકોમાં, કેટલાકની અંગત ડાયરીઓમાં કિનારીવાલાની શહાદતની ખુમારીભરી નોંધ લેવાયેલી છે.

## પરિશિષ્ટ 2

# માહિતી આપનાર વ્યક્તિઓની નામસૂચિ

### સરઘસમાં અને ગોળીબારના પ્રસંગે ઉપસ્થિત, જેમની પાસેથી મને તે પ્રસંગની માહિતી મળી છે તેમનાં નામ તથા હાલનાં સરનામાં :

(1) *પ્રિ. અનંતરાય રાવળ, પ્રિન્સિપાલ, ડી. કે. વી. કૉલેજ, જામનગર (2) *પ્રિ. આર. પી. પટવર્ધન, 800, ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટ રોડ, પૂના-4 (3) *પ્રો. આર. એન. સુતરિયા, ભરુચા બિલ્ડિંગ, સલાપસ ક્રૉસ રોડ, અમદાવાદ (4) *પ્રો. એસ. એમ. શાહ, ગુજરાત કૉલેજ, અમદાવાદ (5) xડૉ. કલાવતી શાહ, દવાખાનું, ધનાસુતારની પોળ, અમદાવાદ (6) xશ્રી ગોરધનભાઈ પટેલ, સાબરમતી, અમદાવાદ (7) xશ્રી જયપ્રભા શાસ્ત્રી, દિલ્હી (8) *પ્રો. જે. ડી. ઓઝા, ગુજરાત કૉલેજ, અમદાવાદ (9) *શ્રી ડાહ્યાભાઈ વાળંદ, પટાવાળા, ગુજરાત કૉલેજ, અમદાવાદ (10) xશ્રી ડી. એન. વશી, વકીલ, જાનસાહેબની ગલી, એડવાન્સ સિનેમા સામે, અમદાવાદ (11) xડૉ. દિનુભાઈ પટેલ, સાર્વજનિક દવાખાનું, પાણીની ટાંકી પાસે, દહેગામ (12) *ડૉ. ધીરુભાઈ ઠાકર, પ્રિન્સિપાલ, મોડાસા કૉલેજ, મોડાસા (13) xડૉ. ન્હરોણા, ઉપાચાર્ય, ગુજરાત કૉલેજ, અમદાવાદ (14) xપ્રો. પશાભાઈ એફ. પટેલ, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ-9 (15) *પ્રો. ફિરોઝ દાવર, એલ. ડી. આર્ટ્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ-9 (16) xડૉ. બચુભાઈ દ્વા. પટેલ, મુંબઈ (17) *ભલાજી ઠાકોર, પટાવાળા, ગુજરાત કૉલેજ, અમદાવાદ (18) xશ્રી માણેકલાલ સોગાણી, શિક્ષક, સી. એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ (19) xશ્રી રમણલાલ અંબાલાલ પટેલ, પરિમલ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ (20) xપ્રો. રાધેકન્ત વૈદ્ય, શામળદાસ કૉલેજ, ભાવનગર (21) xશ્રી લીલાધર ભટ્ટ, પ્રવાસી ખબરપત્રી, સંદેશ કાર્યાલય, ઘીકાંટા, અમદાવાદ (22) xશ્રી વિનોદચંદ્ર શુકાલ, 26, નાથાલાલ કૉલોની, નવરંગપુરા, અમદાવાદ (23) xશ્રી વિષ્ણુ ગાદીકર, વસંતચોક, ભદ્ર, અમદાવાદ (24) xડૉ. વિષ્ણુ માવળંકર, માવળંકર સર્જિકલ ઍન્ડ નર્સિંગહોમ, ભદ્ર, અમદાવાદ (25) xશ્રીમતી શારદાબહેન શાહ, C/o. પોપટલાલ શાહ, દવાખાનું, જમાલપુર, અમદાવાદ (26) *પ્રો. શાંતિલાલ સ્વામીનારાયણ ગુજરાત કૉલેજ, અમદાવાદ (27) xશ્રીમતી સરલાબહેન વિમળભાઈ શાહ, C/o. સી. સી. મહેતા, પંચવટી, અમદાવાદ-6

---

x સરઘસમાં જોડાયેલા

* તે પ્રસંગ વખતે હાજર

**પ્રસંગના પરોક્ષ સાક્ષીઓ :**

(1) શ્રી ગોટેરાવજી, માલિક, કૉલેજિયન રેસ્ટોરાં, ગુજરાત કૉલેજ સામે, અમદાવાદ-6 (2) શ્રી ચિનુભાઈ પટવા, પ્રીતમનગર, અમદાવાદ-6 (3) શ્રી જમનાદાસ કિનારીવાલા, પંચવટી, અમદાવાદ-6 (4) ડૉ. જે. ટી. ભટ્ટ, સુપરિન્ટેન્ડેન્ટ, લ. ગો. હૉસ્પિટલ, મણિનગર, અમદાવાદ-8 (5) ડૉ. પ્રિયબાળાબહેન શાહ, પ્રોફેસર, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, (6) ડૉ. મોતીભાઈ પટેલ દવાખાનું, મા. જે. પુસ્તકાલય સામે, એલિસબ્રિજ, અમદાવાદ (7) શ્રીમતી વનલીલા શાહ, ઇન્સ્ટિટ્યૂટ ઑફ ધી આર્ટ્સ એજ્યુકેશન, જામિયા મિલિયા ઇસ્લામિયા, નવી દિલ્હી (8) શ્રીમતી હીરાલક્ષ્મી કિનારીવાલા, C/o. શ્રી જમનાદાસ કિનારીવાલા.

**અન્ય પ્રકીર્ણ માહિતી આપનાર :**

(1) કુ. ઉષા શાહ, C/o. શ્રીમતી શાન્તાબહેન શાહ, કોઠારીપોળ, અમદાવાદ (2) ડૉ. જયંતિ ઠાકોર, દાંતનું દવાખાનું, પાંચકૂવા, અમદાવાદ (3) શ્રી ડાહ્યાભાઈ પટેલ, પટેલ સોસાયટી, ખાનપુર, અમદાવાદ (4) ફાધર દૂરાન્, સેન્ટ ઝેવિયર્સ હાઇસ્કૂલ, અમદાવાદ-9 (5) શ્રી નટરાજન્ આય્યર, ‘સુનિલ’, બ્લૉક 16, પ્લૉટ 255, સાયણ કિનારો, મુંબઈ-22 (6) શ્રી નીરુ દેસાઈ, 26, જવાહરનગર, એલિસબ્રિજ, અમદાવાદ-7 (7) શ્રી પ્રબોધ રાવળ, યુવક કાર્યાલય, 6ઠ્ઠા માળે, બૉમ્બે મ્યુચ્યુઅલ બિલ્ડિંગ, તિલક રોડ, અમદાવાદ (8) ડૉ. બાલુભાઈ રાણા, વસંત નેચર ક્યૉર, નવરંગપુરા, અમદાવાદ-9 (9) ડૉ. ભરત કિનારીવાલા યુ.એસ.એ., 152, બુકમેન રોડ, સમ્મીર, ન્યૂ જર્સી (10) શ્રી મગનભાઈ પ્ર. દેસાઈ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-14 (11) પ્રો. મુકુન્દ ભટ્ટ, લૉ કૉલેજ, અમદાવાદ (12) ફાધર મોરે, પ્રિન્સિપાલ, સેન્ટ ઝેવિયર્સ હાઇસ્કૂલ, મીરઝાપુર રોડ, અમદાવાદ (13) શ્રી રણછોડલાલ શોધન, પારેખ મહાલ, પહેલો મજલો, ચર્ચગેટ રેક્લેમૅશન, મુંબઈ (14) પ્રો. રમણીકલાલ શાહ, એમ. જી. સાયન્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ-9 (15) પૂ. રવિશંકર મહારાજ (16) શ્રી રસિકલાલ છો. પરીખ, 11, ભારતી નિવાસ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ (17) શ્રી વાસુદેવ ભટ્ટ, શ્રી અરવિંદ આશ્રમ, પુદુચેરી (18) શ્રી વિઠ્ઠલદાસ કોઠારી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-14 (19) ડૉ. વિષ્ણુ કિનારીવાલા, પંચવટી, અમદાવાદ (20) કુ. વીણા શાહ, C/o. શ્રી જમનાદાસ કિનારીવાલા, પંચવટી, અમદાવાદ-6 (21) શ્રી શંભુપ્રસાદ ભટ્ટ, C/o. વૉર્ડન વૉચ કં., મોડલ સિનેમા સામે, અમદાવાદ (22) શ્રીમતી સરલાબહેન કસ્તૂરે, ઉદ્યોગ શિક્ષિકા, સી. એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ (23) શ્રી સૂર્યકાન્ત પરીખ, પાટડી બિલ્ડિંગ, એલિસબ્રિજ, અમદાવાદ-6 (24) શ્રી હરિપ્રસાદ વ્યાસ, યુવક કાર્યાલય, 6ઠ્ઠે માળે, બૉમ્બે મ્યુચ્યુઅલ બિલ્ડિંગ, તિલક રોડ, અમદાવાદ

# પરિશિષ્ટ 3

# સંદર્ભગ્રંથો (Bibliography)


| | |
|---|---|
| 1. | 'શ્રી સુભાષચંદ્ર બોઝ', ગુણવંતરાય આચાર્ય, 2જી આવૃત્તિ, 1946 (ગૂર્જર ગ્રંથરત્ન) (4)[146] |
| 2. | 'સ્વરાજ સંગ્રામ'ના અંકો, વર્ષ : 1942-'43 (અમુક અંકો મળેલા નહિ) (6, 63) |
| 3. | શ્રીમદ્ ભગવદ્ ગીતા (7, 33) |
| 4. | 'મારું હિંદનું દર્શન', જવાહરલાલ નહેરુ, અનુ. મણિભાઈ દેસાઈ, 1 લી આવૃત્તિ, ઑક્ટો., 1941 (નવજીવન) (9) |
| 5. | 'પ્રજાબંધુ'ના 1942ના વર્ષના અંકોની ફાઈલ (ગુજરાત સમાચારની ઑફિસ) (9, 10, 31) |
| 6. | 'શહીદ ઉમાભાઈ', મનુ પાલખીવાલા, ડિસે., 1945 (10) |
| 7. | 'શહીદ અંક', માંડવીની પોળ સેવા સંઘ, (હસ્તલિખિત) 1942 (11) |
| 8. | 'આઝાદીના શહીદો', શંકુત રાવળ અને રમણીક મહેતા, 1લી આવૃત્તિ, સંવત 2005 (12, 44) |
| 9. | 'મહાદેવભાઈની ડાયરી' ભા. 1, સંપાદક : નરહરિ પરીખ, 1 લી આવૃત્તિ, ઑગસ્ટ 1948, (નવજીવન) (12, 47) |
| 10. | 'વસુધા', સુંદરમ્, બીજી આવૃત્તિ, પુનર્મુદ્રણ, 1959 (17, 62) |
| 11. | 'નમેલી સાંજ', હસમુખ પાઠક, 1 લી આવૃત્તિ, 1958 (રવાણી પ્રકાશન) (19) |
| 12. | 'નૂપુરઝંકાર', ન. ભો. દિવેટિયા, 1 લી આવૃત્તિ, સંવત 1970 (24) |
| 13. | 'પનઘટ', સ્નેહરશ્મિ, છેલ્લી આવૃત્તિ (24, 34) |
| 14. | 'સંદેશ'ની 1947ના વર્ષની ફાઈલો. 'दिन खून के हमारे यारों न भूल जाना' - પ્રબોધ જોશીનો લેખ. (તા. 10-8-'47નું સંદેશ) (25) |
| 15. | 'વિકાસ', ગુજરાત કૉલેજના સત્રાંતિક મુખપત્ર(હવે વાર્ષિક)ના અંકો 1947-'48નું વર્ષ, માર્ચ 1960નો અંક (25, 80) |
| 16. | 'યુગવંદના', ઝવેરચંદ મેઘાણી, 1લી આવૃત્તિ, 1935 (28, 37) |


146. કૌંસમાં મૂકેલા આંકડા આ પુસ્તકમાં કયા પૃષ્ઠ ઉપર સંદર્ભ લીધો છે તેના નંબર સમજવા.

| | |
|---|---|
| 17. | 'The Poetical Works of Lord Tennyson' (London and Glassgow Collins Clear Type Press) (33) |
| 18. | 'ખીલતું ફૂલ ખરી પડ્યું', કકલભાઈ કોઠારીના લેખ ('પ્રભાત', તા. 2-10-42ની કાપલી). (39) |
| 19. | 'अहमदाबाद की शहादत', માંડવીની પોળ સેવા સંઘ (આદર્શ પુસ્તક ભંડારનું પ્રકાશન) : 1945 (39, 64, 79) |
| 20. | 'અમર શહીદો', કૃંતિભાઈ શાહ, 1લી આવૃત્તિ, 1955 (41) |
| 21. | 'રવિશંકર મહારાજ', બબલભાઈ મહેતા, ઑક્ટો., 1955 (41) |
| 22. | શ્રી હર્ષરચિત 'नागानंद', સી. શંકરરામ શાસ્ત્રી, 5મી આવૃત્તિ, 1948 (44) |
| 23. | 'શહીદગાથા' ભા. 2 (કાકોરીની ઘટના), કાંતિભાઈ શાહ (45) |
| 24. | 'મહાસભાનો ઇતિહાસ', ડૉ. બી. સીતારામૈયા, 2 જી આવૃત્તિ, 1935 (45) |
| 25. | 'મહાસભાના ઠરાવો', વિઠ્ઠલદાસ કોઠારી, 1 લી આવૃત્તિ, 1948 (45) |
| 26. | 'મહાદેવભાઈની ડાયરી ભા. 2', સંપાદક : નરહરિભાઈ પરીખ, 1 લી આવૃત્તિ, ફેબ્રુ. 1949 (નવજીવન) (47) |
| 27. | 'મહાદેવભાઈની ડાયરી ભા. 3', સંપાદક : નરહરિભાઈ પરીખ, 1 લી આવૃત્તિ, સપ્ટે. 1949 (નવજીવન) (47) |
| 28. | 'શહીદનો સંદેશ', ઇન્દુલાલ યાજ્ઞિક, 1લી આવૃત્તિ, ફાગણ : 1992 (પ્રસ્થાન કાર્યાલય) (49) |
| 29. | 'The Mill on the Floss', George Eliot (54) |
| 30. | 'ધર્માત્મા ગોખલે', મો. ક. ગાંધી, બીજી આવૃત્તિ (55, 65) |
| 31. | 'પૂર્વાલાપ', કાન્ત, 5 મી આવૃત્તિ, 1948, પુનર્મુદ્રણ : 1959 (56, 76) |
| 32. | 'ગંગોત્રી', ઉમાશંકર જોશી, 1લી આવૃત્તિ, સંવત : 1990 (57) |
| 33. | 'दीनों पर प्रेम', વિયોગી હરિ(નો લેખ) (57, 58) |
| 34. | 'સમૂળી ક્રાંતિ', કિશોરલાલ મશરૂવાળા (59) |
| 35. | 'કૉંગ્રેસ પત્રિકા'ની ફાઈલો, વર્ષ : 1942-43 (અમુક અંકો ખૂટતા હતા) (63) |
| 36. | 'આપણી વિદ્યાર્થી હિલચાલ', રમણીકભાઈ શાહ, 1 લી આવૃત્તિ : 1946 (64, 79) |

| | |
|---|---|
| 37. | 'ગુજરાત સમાચાર'ની ફાઈલો, વર્ષ 1947 (66, 81) |
| 38. | 'અખંડ આનંદ' : ફેબ્રુ. 1960 (વર્ષ 13, અંક : 4) (66) |
| 39. | 'સંસ્મરણો', ગણેશ વાસુદેવ માવળંકર, 1 લી આવૃત્તિ : 1954 (67) |
| 40. | 'The Penguin Book of English Verse', Introduced and Edited by John Mayward, આવૃત્તિ 1 લી, 1956 (68) |
| 41. | 'સંસાર અને ધર્મ', કિશોરલાલ મશરૂવાળા, 1 લી આવૃત્તિ, એપ્રિલ 1948 (69) |
| 42. | 'સૉક્રેટિસનો બચાવ', મો. ક. ગાંધી, 1 લી આવૃત્તિ, પુનર્મુદ્રણ 1948 (69) |
| 43. | 'વીર નર્મદ' - વિશ્વનાથ મ. ભટ્ટ, 6ટ્ઠી આવૃત્તિ, 1950 (70) |
| 44. | 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા', મો. ક. ગાંધી, 10 મી આવૃત્તિ 1956 (70) |
| 45. | 'Arms and The Man', બર્નાર્ડ શૉનું કટાક્ષનાટક, જુઓ : 'Bernard Shaw – The Complete Plays', First |
| | Volume : 1894, પૃ. 92 થી 122 (The Home Library Club.) (71) |
| 46. | 'શહીદ કિનારીવાલા સ્મારક સમિતિ સ્મરણાંજલિ', પ્રકાશક : સ્મારક સમિતિ, વર્ષ : 1948 (73, 79) |
| 47. | 'નર્મદનું પદ્યમંદિર, સંપાદક : વિશ્વનાથ ભટ્ટ, બીજી આવૃત્તિ : 1937, પુનર્મુદ્રણ : 1959 (74) |
| 48. | 'Discovery of India', Jawaharlal Nehru, Third Edition 1947, The Signet Press, Calcutta (78) |
| 49. | 'આઝાદ વીર વિનોદ', પત્રિકા : 1942 (81) |
| 50. | 'જનતા' સાપ્તાહિક : 10-8-'47, અંક : 9 (82) |

ઉપરાંત શ્રી ઉમાશંકરનું ગીત, શ્રી માખનલાલ ચતુર્વેદીનું કાવ્ય અને બીજાં અવતરણો વગેરે.

# આ પુસ્તક વિશે

શ્રી બિપિન સાંગણકર ગુજરાત કૉલેજના એક ભાવનાશાળી ઉત્સાહમૂર્તિ જુવાન હોવા ઉપરાંત સાહિત્યનો જીવ પણ છે. ગુજરાત કૉલેજના પ્રાંગણમાં ચણાયેલી અને એમના જેવાં ભાવનાશાળી યુવક-યુવતીઓને માટે હંમેશ પ્રેરણાદાયી બનનારી સને 1942ના સ્વાતંત્ર્યસંગ્રામના કૉલેજના શહીદ વિદ્યાર્થી સ્વ. વિનોદ કિનારીવાલાની આરસ ખાંભીએ એમની ભાવનાભક્તિ અને કલમને સ્ફૂર્તિમતી બનાવી આ સુલિખિત ચરિત્ર એમની પાસે લખાવ્યું છે. નિષ્ઠાવંત ચરિત્રકારની અદાથી ભાઈ સાંગણકરે સ્વ. વિનોદ કિનારીવાલા અને તેની શહીદીની ઘટના અંગે ઘણો સમય ખર્ચી ખંત અને ચીવટથી સ્વર્ગસ્થનાં સ્વજનો અને મિત્રો કનેથી શક્ય તેટલી માહિતી એકઠી કરી તેને સુવ્યવસ્થિત રૂપમાં અને સાહિત્યિક છટાથી અત્રે રજૂ કરી છે. એમનો ઉત્સાહ આખા પુસ્તકમાં મૂર્ત થયો છે. ગુજરાત કૉલેજના જ આજના એક વિદ્યાર્થી તરફથી એ કૉલેજ જેને માટે મગરૂર થઈ શકે એવા એના એક ભૂતપૂર્વ સ્વર્ગસ્થ વિદ્યાર્થીને આવી સમુચિત અંજલિ મળે છે એ એક આનંદદાયક બિના છે.

**– અનંતરાય મ. રાવળ**

*

લેખકે કહ્યું છે કે નામીનાં જીવનચરિત્રો લખનાર અનેક લેખકો છે, પણ અનામીની, પાયાના પથ્થરની વાત કોણ લખશે ? આ લેખકે પાયાના પથ્થરની વાત લખી છે એથી હું તેમને ધન્યવાદ આપું છું... સંગેમરમરની સુંદર ઇમારતની મજબૂતાઈનો આધાર પાયાના પુરાયેલા પથ્થરોમાં રહેલો છે. આ જ પ્રમાણે હિંદુસ્થાનના સ્વાતંત્ર્યની મજબૂ-તાઈનો આધાર નાનીમોટી ખુરશીઓ પર બેઠેલા પર અવલંબિત નથી પણ સ્વ. ભાઈ શ્રી વિનોદ અને ગામડાના અભણ ને અજ્ઞાન ખેડૂતો જેવા – પાયાના પથ્થરો સ્વા-તંત્ર્યની ઇમારતના સાચા આધારસ્તંભ છે. આથી આવી વ્યક્તિનું જીવનચરિત્ર લખી ભાઈશ્રી સાંગણકરે રાષ્ટ્રની મોટી સેવા કરી છે.

**– કલ્યાણજી મહેતા**




ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

સંદર્ભગ્રંથો (Bibliography)